
॥ હરિ:ૐ ॥



# જીવનપગદંડી

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનપગદંડી

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ** **વર્ષ** **પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૩૦ + ૩૭૦ = ૪૦૦

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે હરિઃૐ આશ્રમ, સુરત ખાતે પોતાની ખેતીવિષયક પ્રવૃત્તિના અનુસંધાને એક આગવી શૈલીમાં સત્સંગ કરતાં જિજ્ઞાસાભાવે પ્રશ્નોત્તરી કરી જીવનપંથનું માર્ગદર્શન મેળવનાર,

અને

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોનો મિલનસમારંભ-ઉત્સવ પોતાની આર્થિક પરિસ્થિતિ સાનુકૂળ ન હોવા છતાં શ્રીહરિ આશરે અને શ્રીહરિની સહાયથી પોતાના ગામ **વણીસા**માં (તા. બારડોલી) ઊજવવામાં યજમાનપદે રહેનાર, તેમ જ

પૂજ્ય શ્રીમોટાની સમાજને વિલક્ષણ ભેટ સમાન, મૌનમંદિરમાં અનુષ્ઠાન માટે બેસી તેના લાભાર્થી બનનાર,

અને

પિતા તરીકે પોતાની હયાતી દરમિયાન પુત્રના દેહાંતને સમજણપૂર્ણક સ્વીકારી શકનાર,

એવા

**શ્રી ઠાકોરભાઈ ભીખાભાઈ પટેલને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનપગદંડી'**ની આ બીજી આવૃત્તિ સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૪-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
(રામનવમી) હરિઃૐ આશ્રમ, સુરત

## પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ ભટ્ટ (મણિનગર-અમદાવાદ)ને

### સપ્રેમ સમર્પણાંજલિ

### (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

રમાના ઈશનો કેવો ભેટો થયેલ જીવને !
સોંપાયેલાં બધાં કર્મ પ્રેમથી સૌ કરેલ છે ૧

સંસારમાં તિતિક્ષા શી ! વ્યવહારે શી દક્ષતા !
છતાં નિપુણતામાં ના યોગ્ય છે પરિપક્વતા. ૨

'મૂર્ખામી બહુ ઊંચામાં', ઉક્તિ શી ખોટી પાડી તે !
કળા યુક્તિ પ્રયુક્તિની યોગ્ય પ્રકારની શી છે ! ૩

'કળા, કુનેહ, કૌશલ્ય વર્તન વ્યવહારમાં
-દીપી ઊઠે પૂરેપૂરાં', ગમે તે અમને સદા. ૪

જીવનમાં તરી આવે એવી સરળતા ખરી,
બોલવે ચાલવે યોગ્ય કેવી ચાતુરી આગવી ! ૫

વિનોદવૃત્તિનું કેવું પ્રાબલ્ય જીવને છતાં
-જ્યાં ત્યાં એનો ન દેખાડો તમે ના કરતા રહ્યા. ૬

જ્યાં હો દાખવવો યોગ્ય વિવેક શો ખરેખરો
-દાખવી યોગ્યતાથી, છે એવું દાક્ષિણ્ય સાબદું. ૭

બોલી નાખવું જે તે કૈં મોઢે આવેલ જે બધું,
તોછડાપણું એવું ના, ઠાવકાપણું ખાસ શું ! ૮

મને તો ખપના પૂરા, આપી આપી શું આપું હું ?
હૈયાના ભાવથી હું આ સમર્પણાંજલિ ધરું. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **-મોટા**

તા. ૨૪-૧-૧૯૭૪

# ‘પગદંડી’નો ઉજાસ અને નિવેદન

## (સંપાદકીય)

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત **‘જીવનસ્મરણ’** અને **‘જીવનરંગત’** પછી આ **‘જીવનપગદંડી’**ના સંપાદક તરીકે મારા જેવા નબળા મન અને અપંગ હૃદયવાળા અલ્પ જીવનું નામ રાખવામાં પૂજ્ય શ્રીમોટાની અપાર કરુણાનું એક પ્રત્યક્ષ દર્શન છે. તેઓશ્રીનો ભક્તિ-પ્રેમ-ગંગાનો અસ્ખલિત પ્રવાહ એકધારો ચાલ્યા કરે છે, તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું અને આ પ્રવાહમાં તરવાની શક્તિ મળે તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું. આ પુસ્તકમાંનાં ભજનોની રચના પાછળ મારે જે રીતે નિમિત્ત થવાનું બન્યું છે, એની ભૂમિકા સૌથી જુદા પ્રકારની છે. એનું સૂચન પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના ‘લેખકના બે બોલ’માં કર્યું છે. આથી, જે ઉજાસ આ ભજનો દ્વારા કળાયો એનું નમ્ર નિવેદન મારે કરવું છે.

આમ તો મારા અભ્યાસકાળથી કુટુંબના પરંપરિત સંસ્કારને લીધે, એક પ્રકારના ઉન્નત જીવન પરત્વેની ગતિ તો હતી જ, પણ ૧૯૬૭માં પૂજ્ય શ્રીમોટા સાથે સંબંધ થયો પછી એ ભૂમિકાનો એક નવો જ પટ રચાયો અને વેગ પણ મળ્યો. ૧૯૭૧ સુધી એકધારું સુખી, સફળ અને ઉત્સાહી જીવન જીવવાની કૃપા પ્રભુની મળેલી, ત્યાર પછી જીવનમાં અનેક પ્રકારની સાંસારિક, આર્થિક અને વ્યાવહારિક મુશ્કેલીઓ, મુસીબતો અને આફતોનું એકસામટું આક્રમણ શરૂ થયું. મારા માટે આ સૌથી પહેલી અઘરી પરીક્ષા હતી. ભક્તિના ભાવના વેગમાં જે વિધેયાત્મક વલણ હતું એમાં અનેક અવરોધો અનુભવાવા લાગ્યા અને કસોટીઓમાં નાપાસ થવાનું વારંવાર બનવા મંડ્યું. પત્તાનો મહેલ કડડભૂસ થઈ તૂટવા મંડ્યો.

'જીવનના કંઈ પ્રસંગોમાં જીવનમાં કેટલું બળ તે
-ખરું પ્રત્યક્ષ જીવંતું મળેલું જાણવા ત્યારે.'
'પથે ભાંગી પડાતું જ્યાં, ખરી આપત્તિ વેળાએ,
હરિનો આશરો જે લે હરિ તેને ઉગારે છે.'

અનેક નકારાત્મક વિચારો જીવનની ઉન્નત ગતિને રોકતા હોય એવા અનુભવાયા. વ્યવહારમાં રાગદ્વેષની તીવ્રતા, માનહાનિ, જૂઠાણું, છળકપટ, પ્રપંચ અને વિશ્વાસઘાતના આઘાતો અનુભવાતાં, સંસારમાંનાં આવાં વલણોનું પ્રાબલ્ય અનુભવવા મળ્યું અને જોવા પણ મળ્યું. આ બધાં વલણોએ મારી ચિત્તસૃષ્ટિને વિક્ષુબ્ધ કરી નાખી. હું અકળાઈ ઊઠતો. પૂજ્ય શ્રીમોટાએ આવે ટાણે પ્રાર્થના કરવાની શીખ આપેલી. આથી, પ્રાર્થના કરતાં કરતાં પણ અંતરમાં એક જબ્બર સંઘર્ષ અનુભવતો હતો. આ દશામાં આ પુસ્તકમાં તેમનું માર્ગદર્શન મારાં જેવાં સ્વજનોને ઘણું ઉપયોગી બને તેમ નમ્ર મંતવ્ય છે.

'જીવન હેરાનગતિ વિશે પરેશાન થયેલું છે,
વિના હાર્યા છતાં હિંમત ઉભય કર પકડી રાખી છે,
શું ઝંઝાવાતને ઝોલે ચઢી જીવન ચૂકેલું છે !
છતાં નિશાન પ્રત્યેની નજરચૂક ના થયેલી છે.
શરમ, સંકોચ, મર્યાદા અને ઈજ્જતતણોયે તે
-બધાયે ખ્યાલ જીવનમાં ખરી કેવા ગયેલા છે !
મમત્વ ને મતાગ્રહ સૌ બધી સમજણ પડેલી જે,
બધું ઊલટાયું છે કેવું કૃપાબળના તપસથી જે !'

તેઓશ્રીએ રચેલી એક આરતીમાંની નીચેની પંક્તિઓ હું પ્રાર્થનારૂપે ગાતો.

'સર્વ મળેલાં સાથે દિલ સદ્ભાવ ઊગો,
છો અપમાન થયાં હો ત્યાંયે ભાવ બઢો.

તેમ જ

'દિલમાં કૈંક ભર્યું હો તે થકી બીજું ઊલટું,
કદી પણ મુજથી ન બનજો એવી મતિ દેજો.'

પ્રાર્થના દરમિયાનના સંઘર્ષ ટાણે ઘણાં જ નકારાત્મક વલણો જામતાં હતાં. તેથી, પૂજ્ય શ્રીમોટા જ્યારે ઉપલબ્ધ છે, તો શા માટે તેઓશ્રીને દિલની વાત ન કરવી ?- એમ વિચારીને બધું જ નિવેદન કર્યું.

પૂજ્ય શ્રીમોટા પાસે અનેક સ્વજનો પોત પોતાની અનેક પ્રકારની આશા, અપેક્ષાઓ સાથે આવે છે. અનેક પ્રકારના ભૌતિક તેમ જ દુન્યવી હેતુથી પણ પૂજ્યશ્રી પાસે લોકો આવે છે. વળી, કોક જીવ પોતાના વિકાસના હેતુથી પણ આવતા હશે ! છતાં પૂજ્ય શ્રીમોટા સૌ પ્રત્યે એક જ સરખો પ્રેમભાવ દર્શાવી સૌને તેમની તેમની પ્રકૃતિને અનુરૂપ સાધનથી જાગ્રત કરી જીવનના વિકાસનો માર્ગ જ ચીંધે છે.

મારી મુશ્કેલીઓના નિવેદનના પ્રત્યુત્તરરૂપે તેઓશ્રીએ **'જીવનપગદંડી'**માંનાં જે ભજનો લખી મોકલાવ્યાં એથી કંઈ મારી મુશ્કેલીઓ કે આફતો ઓછી થઈ નહિ, પણ મારા અંતરમાં એક શાંતિકારક સમાધાન થયું. મારી નિરાશાની પળે તેઓશ્રીના જીવનની અમુક અવસ્થાના વર્ણનવાળા પત્રોમાંની આ બે પંક્તિઓએ મને અંતર્મુખ કર્યો.

'જીવન જ્યાં થાક લાગ્યો છે' જીવનશક્તિ પરત્વેનું
-ખરું પ્રત્યક્ષ લક્ષણ તે હૃદયભાવ ઘટેલાનું.'

મને મારી નિરાશાનું, મારી વ્યથાનું, મારી અકળામણનું કારણ આમાં મળી ગયું. આથી, હૃદયભાવને વધારવા નિવેદન અને સમર્પણનાં સાધનનો સ્વીકાર કરવાનું આ પંક્તિમાંથી સૂઝ્યું.

'સ્વજનનાં પ્રશ્ન, મુશ્કેલી, ગૂંચો, આફત, વિવિધ જે છે,
ચરણમાં તે નિવેદીને સમર્પી તે અમે દઈએ.
કશી પરિણામની ચિંતા નથી ધરતા પછીથી તે
-હવાલો જે તે સોંપીને નિરાંતે સોડ તાણીએ.'

પૂજ્ય શ્રીમોટા જે રીતે પરિણામની સ્પૃહા વિના પ્રભુને પ્રાર્થના કરી નિરાંતે સોડ તાણે છે, એવી શ્રદ્ધાનું બળ હૈયામાં જાગવું જોઈએ.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના આ ભજન-પત્રોમાં સંસારમાંની મુશ્કેલીઓની સહજતા અને સ્વાભાવિકતાની પ્રતીતિ કરાવી છે. છેલ્લાં ચાર વર્ષ દરમિયાન જે મુશ્કેલીઓ આવી એ કસોટીરૂપે હતી. શ્રદ્ધા કેટલી ટકેલી છે અને અંતરભક્તિ-ભાવની અવસ્થા કેવી છે એની એ કસોટીરૂપ હતી. મુસીબતોની આવી સહજતાનો સ્વીકાર કરી ઊર્ધ્વગતિ પરત્વેની અભીપ્સામાં ઓટ ન આવે અને હરિના આશ્રયમાં જ નિરાંત છે, એવું બળ અને શ્રદ્ધા પ્રાપ્ત થાય એ આ 'પગદંડી'માંથી પ્રાપ્ત થતો ઉજાસ છે.

'હરિ સંભારવાથી શો હૃદય ઉત્સાહ પ્રગટે જે,
જીવનને આંટીઘૂંટીથી તરાવી પાર તે દે છે.
હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા સ્મરણમાંથી ઊગે છે જે,
જીવનને તે ખરાબેથી ઉતારી પાર પણ દે છે.
સ્મરણમાં ભાવ જેનો છે, સ્મરણ તેને જીવનકેરો
-થઈને સદ્‌ગુરુ યોગ્ય નવું નવું શીખવે છે શો !'

આ ભજન-પત્રો વાંચતાં વાંચતાં જીવનવિકાસ પરત્વેની જે સૂઝ પ્રગટે છે, એથી જીવનમાં હજુ કેટલું બધું કરવાનું બાકી છે એનું પણ ભાન જાગે છે. અને આપણી પોતાની ન્યૂનતાની પ્રતીતિ થતાં પુરુષાર્થ કરવામાં (અલબત્ત, પારમાર્થિક) એક જુસ્સો પણ પ્રગટે છે. આ ભજન-પત્રો એ આંતરિક સ્થિતિનું સંશોધન કરવા પ્રેરે છે અને નિમ્ન ભાવો સામે લડવાનું બળ બક્ષે છે, એ એની

નાનીસૂની ઉપકારકતા નથી. પૂજ્ય શ્રીમોટા આ ભજન-પત્રોમાં પોતાના જીવનની હકીકતના આલેખન દ્વારા આપણી પ્રકૃતિનાં વલણો સાથે કેવું લાક્ષણિક તાદાત્મ્ય સાધે છે અને આપણી અવસ્થાનું ભાન પ્રેરીને કેવાં હિંમત અને બળ આપે છે એ જ પ્રસાદી છે.

'ચમત્કારિક ભંડાર હૃદયના પ્રેમનો શો છે !
પૂરેપૂરો ન કોઈ તેને હજી ઓળખી શકેલું છે.'

પૂજ્ય શ્રીમોટાની દોરવણી આપવાની રીત તદ્દન ભિન્ન અને મૌલિક છે. દરેક સ્વજનને સ્મરણની પ્રેરણા મળ્યા કરે અને ગોથાં ખાવાં ન પડે તે માટે પુરુષાર્થની ભાવનાને મહત્ત્વ આપ્યું છે. નબળાઈ દૂર થાય અને પ્રયત્નો પ્રબળ થાય એવી એમના અનુભવની વાણી નીચેનાં ભજનોમાં વ્યક્ત થાય છે.

'હરિને શોધવા માટે ખરે પોતા વિના ક્યાંયે
-ન કોઈ યોગ્ય પાત્ર જ છે, ભલે શ્રીસદ્‌ગુરુ પણ હો.
સતત જાતે મથ્યા વિના ન ઊકલે કોયડો કદી તે
-મર્યા વિના કદી સ્વર્ગે ન કોઈથી જવાતું છે.
નિવેદન ને સમર્પણ ને ભજનકીર્તન, સ્મરણસાધન
-ગ્રહેલું પ્રાર્થનાસાધન, થયેલું છે નિદિધ્યાસન.
અભય ને મૌન, એકાંત, હૃદયથી નમ્રતાનું જે
-જીવનમાં તે બધાં સાધન હૃદયથી કેળવેલાં છે.'

પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક અને સત્સંગ મારા જેવા અલ્પ જીવને મળ્યો છે, એ મારું અહોભાગ્ય છે. એમની આવી અપાર અને અકારણ કરુણા હોવા છતાં પ્રત્યક્ષ કે પરોક્ષ વર્તનથી કોક વાર એમને નારાજ કરવાનું અકસ્માતે બની જાય છે, તેની મને પાછળથી વેદના થાય છે. તેઓશ્રી આવા મારા જાણેઅજાણે થતા દોષો માટે ક્ષમા બક્ષ્યા કરે એવી અંતરની યાચના છે. તેઓશ્રી પ્રેમમૂર્તિ છે એથી જીવનવિકાસના એમના ગૂઢ અને સૂક્ષ્મ કાર્યમાં એ કદી

ન્યૂનતા આવવા દેતા નથી, એમના આવા પ્રેમકાર્યને કોટિ પ્રણામ પાઠવું છું અને એમની દ્વારા વહેલી આ અમૃતવાણીની ધારામાંથી ગ્રહણ કરવાની સદ્‌બુદ્ધિ, શ્રદ્ધા અને પ્રભુસ્મરણનો પંથ લેવાની શક્તિ માટે તેમ જ મારાં જેવાં અન્ય સ્વજનોને જેમને નાનીમોટી મુશ્કેલીઓ હોય તેમને સહન કરવાને આમાંથી પ્રેરણા મળે અને હરિસ્મરણનો આશરો લેવાની ભાવના થાય તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

**કાંતિભાઈ કાંટાવાળા**

‘ગીતાંજલિ’,
સરદાર સ્ટેડિયમની પાસે
ન્યુ સેંટ ઝેવિયર્શ હાઈસ્કૂલ રોડ,
અમદાવાદ-૧૪
ફેબ્રુઆરી, ૧૯૭૪

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

બેત્રણ મહિના પહેલાં શ્રી કાંતિભાઈ કાંટાવાળા સાહેબ (ગુજરાત રાજ્યના માજી ચીફ ઍંજિનિયર)ને ત્યાં હતો, ત્યારે તેઓશ્રીએ તેમના જીવનની મુશ્કેલીઓ અને મુસીબતોની હકીકત મને જણાવેલી. તેમનું ઋણ મારા ઉપર ઘણું. મારાથી કંઈ કશું થઈ શકે નહિ એવી લાચારી મારા જીવનની ખરી, પરંતુ હું તેને કંઈ લાચારી ગણતો નથી. જીવનમાં કોઈકે હજારગણું મારું કામ કર્યું હોય, તેનું મારાથી કશું જ ન કરી શકાય, પરંતુ અકસ્માત કદીક કોઈ રસ્તાના જનારનું પણ કંઈક શ્રીહરિકૃપાથી કરી શકાય. આધ્યાત્મિક જીવનના વર્તનારા રહસ્યોવાળા છે. તેઓશ્રીના સૂક્ષ્માતીત, દ્વંદ્વાતીત અને ગુણાતીત કાયદાને પ્રકૃતિનાં ચોકઠાંની સમજણની રીતે ગોઠવવા જતાં અને સમજવા જતાં, તે મૂળ સત્ય તો માર્યું જ જાય છે. એટલું જ નહિ પરંતુ તેને બદલે તેનાથી તદ્દન ઊંધા પ્રકારનાં ફોતરાં તેમના હાથમાં આવે છે. અને તેથી તેવું એવાઓનું સમજનારને પોતાને જીવનમાં નુકસાન છે, પરંતુ આ તો આડફંટે જવાયું.

તેઓશ્રીના આત્મનિવેદનથી મારાથી થઈ શકે તેવો એક ઉપાય હતો, તે માત્ર એક પ્રાર્થના.તે ઉપરાંત, તેમનું રોજબરોજ પ્રેમ-ભક્તિભાવે સ્મરણ થાય અને તેવા સ્મરણને પ્રેમભક્તિભાવે ભગવાનને ચરણે સમર્પણ થાય, તેવા ભાવથી એક એક ભજન પોસ્ટકાર્ડમાં લખવાનું શરૂ થયું. અને તે રીતે તેમના પ્રત્યેનો ભાવ વ્યક્ત કરવાનું બન્યું, તેનો મને રાજીપો થયો. આ છે આ **‘જીવનપગદંડી’** જન્મવાનો મૂળ ઇતિહાસ.

શ્રીપ્રભુકૃપાથી આ જીવને શ્રીહરિ પરત્વેની સભાનતામાં પ્રગટાવવાને માટે જે પ્રકારની ઉત્કટ આવશ્યકતા જોઈએ, તે જાગે તે હેતુથી જુદાં જુદાં સાધનો શ્રીપ્રભુકૃપાથી આદરાયાં અને જેમ જેમ ચાલવાનું, વર્તવાનું થયું તેના તેના સીમાચિહ્ન (Mile stones) તરીકે જે જે બન્યું, તે તે પગલાંનો આમાં ઈતિહાસ છે. જે પગલાં શ્રીપ્રભુકૃપાથી ભરાયાં, જે રીતે ગડમથલ થઈ, જે જે રીતે સ્પષ્ટ આરપારદર્શક સ્વભાવનું દર્શન થયું, અને એ સ્વભાવનું કેવી કેવી રીતે જીવનના વિકાસપંથમાં અવરોધ કરનારું જીવદશાનું બળ હતું, અને તે સ્વભાવની સર્વ પ્રકારની ટેવો, કુટેવો, સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો, રીતરસમો વગેરેથી શ્રીહરિકૃપાથી મુક્ત થવાવાને જે પ્રકારની જીવતીજાગતી ચેતનાત્મક ઝુંબેશ આ જીવથી ઉઠાવવાનું બન્યું હતું, તેનો પણ તેમાં જીવંત ઈતિહાસ આવે છે. આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી, શ્રીહરિકૃપાથી જીવનમાં જે પાછળનું વિહંગાવલોકન થાય છે, ત્યારના તે જીવનની હકીકતો આદર્શને અનુભવ્યા પછીના જીવનના અનુભવથી તદ્દન નિરાળા પ્રકારની હોય છે, તે શ્રેયાર્થીને આમાંથી સમજાશે ખરું. આધ્યાત્મિક વિકાસને પંથે જતાં જતાં જીવદશાની પ્રકૃતિનો પડેલો જે સ્વભાવ તે પણ અવરોધકર્તા છે અને કેટલેક અંશે મદદકર્તા પણ છે, તે બધું વર્ણન અને તેની હકીકત આ ભજનોમાં તાદૃશપણે શ્રીહરિકૃપાથી ચિતરાઈ છે.

આ ભજન લખવાના નિમિત્તે શ્રી કાંટાવાળાનું સ્મરણ જાગતું અને તે સ્મરણને પ્રેમભક્તિભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં સમર્પ્યા જવાનું હૃદયના પ્રાર્થનાભાવે એકધારું થયા કરતું, પરંતુ તેવી સ્મરણગાથા લાંબા દિવસ સુધી ચાલી નહિ. શ્રીપ્રભુકૃપાથી મારે ૩૬૦ ભજન તેમાં લખવાનાં હતાં, એ તો થોડાક જ દિવસમાં પૂરાં થઈ ગયાં. નડિયાદમાં ચારપાંચ દિવસમાં સાઠેક ભજન લખાયાં. તે

સોમાભાઈએ પોસ્ટકાર્ડમાં ઉતારી લીધાં. તે પછી વડોદરામાં હું ભજનો બોલતો ગયો અને શ્રી નાગજીભાઈ તે લખતા ગયા. એ રીતે ત્યાં વીસેક ભજનો લખાયાં. તે પછી સુરતમાં ભાઈ ચૂની તથા શ્રી ધનસુખભાઈ અને તેમનાં પત્ની શ્રી પુષ્પાબહેન રોજ વહેલી સવારે ચાર વાગ્યે આશ્રમમાં આવી જાય. શ્રી ધનસુખભાઈ અને પુષ્પાબહેન મારા શરીરની સેવા કર્યાં કરે, અને હું ભજનો મોઢેથી બોલતો જઉં અને ભાઈ ચૂની લખતો જાય. ત્યારે સુરત શહેરમાંથી બીજા બધા પણ આવતા. તેઓ પણ આ ભજનો સાંભળતા. પછી તે બધા મને ગાડીમાં ફરવા લઈ જતા. ત્યાં ભાઈ ચૂની એનું ટેપરૅકૉર્ડર તૈયાર રાખે અને હું ભજનો બોલતો જઉં તે રૅકર્ડ થઈ જાય. આવી રીતે ભજનો લખવાનો ક્રમ ચાલ્યા કર્યો. ૧૩મી ડિસેમ્બરે હું સુરત પહોંચ્યો. ત્યાં તા. ૧૪ થી તે ૧લી જાન્યુઆરી-૧૯૭૪ સુધીમાં ૩૫૨ ગીતો લખાઈ ગયાં. તેમાંથી અગાઉનાં લખાયેલાં ૭૬ ભજનો બાદ કરતાં આ દિવસોમાં ૨૭૬ ભજનો થયાં. તેમાં વચ્ચે પાંચ દિવસ અમદાવાદ રહેવાનું થયેલું, તે દિવસો બાદ જતાં ૧૪ દિવસમાં શ્રીભગવાનની કૃપાથી એટલાં ભજનો થયાં. આ બધાં ભજનો હું મોઢે બોલતો જતો અને લખાતાં જતાં. આ બધો જીવંત ઈતિહાસ છે. એમાં કંઈ પણ કશું સુધાર્યું નથી કે મઠાર્યું નથી. જેમનું તેમ બધું રાખ્યું છે.

મારા જીવનવિકાસની સાધનાનો કેટલાય પ્રકારનો ગૂઢ ઈતિહાસ છે. આ શરીર જ્યારે નહિ હોય ત્યારે કોઈક ખરેખરો શ્રેયાર્થી આ વાંચશે, તો તેને તેમાંથી ઘણું સમજવાનું મળશે. વળી, આ ભજનો મોઢે બોલ્યે જતો હતો અને તે લખાતાં જતાં હતાં, એ તો કોઈના માન્યામાં ન આવે એવી હકીકત સોયે સો ટકા સાચી છે.

વળી, આ જીવના શરીરમાં જે જુદા જુદા પ્રકારના ઉત્કટ વેદના પેદા કરાવે એવા રોગોની હયાતી છે, તેવી વેદનાની ઉત્કટ, પ્રખર, ઉન્મત્ત અવસ્થામાં પણ ભજનો લખાતાં હતાં, તે શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાલીલા છે. એમાં આ જીવે કશી મોથ મારી નથી. શ્રીભગવાનની કૃપા જ્યારે જગજાહેર પ્રત્યક્ષ થાય છે, ત્યારે તે કેવું ચમત્કારિક પરિણામ લાવી બતાવે છે, તેનો આ જીવતોજાગતો પ્રત્યક્ષ દાખલો છે. શરીરની આવી પીડાકારક દર્દની વેદનામાં એકધારાં ભજન મોઢેથી બોલાતાં જાય, તે હકીકત કોઈ ન્યારા પ્રકારની છે. કેવા પ્રકારના જીવથી તે થઈ શકે તે સમજવાનું કામ શ્રેયાર્થીનું છે. એટલું જ નહિ પણ આ શરીરને દમનો ભારે વ્યાધિ છે અને દમનો જ્યારે જ્યારે હુમલો હોય ત્યારે ફેફસાંમાં પૂરતી હવા ન મળવાના કારણે એક પ્રકારની એવી ભારે મૂંઝવણ પ્રગટે છે, તે અમૂંઝણની દશામાં પણ શ્રીભગવાનની કૃપા શરીરના સાવ સંપૂર્ણ લૂલાપણામાં પણ પોતે વ્યક્ત રીતે ડોકિયાં કરી શકે છે, તેનો તે પ્રત્યક્ષ જીવતોજાગતો ચેતનાત્મક પુરાવો છે. દમના ભયંકર હુમલાથી જ્યારે ફેફસાંમાં અમૂંઝણ જાગે છે, તેવી અમૂંઝણની વેળાએ આવું સર્જન થવું એ કાંઈ નાનીસૂની વાત નથી. એ તો શ્રીભગવાનની કૃપાશક્તિનું પ્રત્યક્ષ વ્યક્ત દર્શન છે. એવા ભયંકર દમના હુમલાથી જે અમૂંઝણ થઈ, તેમાં પણ આ જીવથી ભજન થયું, તેથી કરીને મારા વહાલા हरि ઉપર જે અપરંપાર હેત ઊપજ્યું છે, તે તો આ જીવ એકલો જ જાણી શકે.

આ બધાં ભજનો લખાતાં ગયાં ત્યારે જે હેતુના નિમિત્તથી આ બધું થયું, તેની સભાનતા શ્રીહરિકૃપાથી રહેતી. કંઈ કશાના પરિણામ પરત્વે શ્રીપ્રભુકૃપાથી આ જીવ તો નિઃસ્પૃહ છે. શરૂ શરૂમાં મૂળથી જ સાધનાની દિશામાં પગલાં માંડતી વખતે પરિણામને સાવ નેવે મૂકીને જ આ માર્ગે ચાલવાનું છે, તે સત્ય મારે ગળે પૂરેપૂરું ઊતરી

ગયું હતું. પરિણામની ફિકર અજ્ઞાનમાં જ છે. તેની તેની યોગ્યતાની સંપૂર્ણ રીતે અને હૈયાના પૂરેપૂરા ભાવથી શ્રીપ્રભુપ્રીત્યર્થે અને ધ્યેયના હેતુની સભાનતાથી જે જે કંઈ થયા જશે, તેનું પરિણામ કલ્યાણકારી જ છે, એ તો નિશ્ચયની હકીકત છે. પરિણામને તો મેં શ્રીભગવાનનાં ચરણકમળમાં સંપૂર્ણ રીતે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ભાવનાથી સમર્પણ કરી દીધેલું છે. જીવદશામાં પણ શ્રીપ્રભુકૃપાથી તેનો વિચાર છોડી દેવાયો હતો, અને અત્યારે તો છે જ નહિ એમ કહું તો તે અતિશયોક્તિ મારે મન નથી. પરિણામની વાત માણસના હાથમાં નથી. માણસના હાથની વાત શ્રીહરિકૃપાથી પુરુષાર્થની છે. તેથી, શ્રી કાંટાવાળા સાહેબ નિમિત્તે આ જે કર્મ સાંપડ્યું છે, એના સર્જન સમયે, તે તે પળે જ તેમની સભાનતા તે તે - નું યોગ્ય થવા શ્રીહરિ પરત્વેની પ્રાર્થના-ભાવના પણ તે લખાતી પળે જીવતી રહ્યા કરાઈ હતી જ. પરિણામ તો શ્રીહરિના હાથમાં, મારા દિલના ભાવની પ્રમાણિક્તા અને વફાદારીની મને ખાતરી છે.

આ જીવથી કોઈ પણ જીવને ધક્કેલો મારી શકાવાની શક્યતા નથી. તેવી પ્રેરણા પ્રેરવાની શક્તિ પણ નથી, કારણ કે મને તેવી કોઈ ઈચ્છા નથી. અથવા સાચું કહું તો જે જીવને આ વિકાસને માર્ગે પળવું છે, તેવા જીવે પોતે પોતાનામાં કોઈ પણ સાધનને સતત એકધારું પકડી રાખીને એકીટશે વળગી રહેવાની કેટલી શક્તિ છે, તે તટસ્થતાથી ઊંડે ઊતરી તપાસવું જોઈએ. વળી, તે તે થતી વેળા પોતાનામાં કેટલો ઉત્સાહ, કેટલી ધગશ, કેટલાં ખંત, ઉદ્યમ અને તે પરત્વે જવાની કેટલી એકધારી ધસમસતી ઉત્કંઠાવાળી તીવ્રતા છે, તે તેણે પોતે જ તપાસવું જોઈશે. આવું બધું જો તેનામાં તે તે સાધનની યથાયોગ્ય વાસ્તવિકતામાં હશે, તો પરિણામ તે પ્રકારનું - પોતે જે રીતે જે ભાવથી ગડમથલ કરેલી તે પ્રકારનું - હશે જ, એ વિશે શ્રેયાર્થીએ નિશ્ચિંત રહેવું ઘટે. હૃદયની સાચી નેકદાનતથી,

સંપૂર્ણ પ્રમાણિકતાથી, સંપૂર્ણ વફાદારીથી, સંપૂર્ણ એકનિષ્ઠાથી શ્રીહરિને સન્મુખ ધારી ધારીને જીવનના હેતુની સભાનતાથી જે કોઈ મથનાર હશે, તેવા સદાય ઉત્સુકતાવાળા જીવને, શ્રીહરિકૃપાથી કરીને, ધક્કેલો દેવાને કે પ્રેરણા દેવાને માગણી કરવાની હોતી નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવથી તેવી રીતે વર્તવાનું થયેલું છે. સતત એકધારો, એકીટશે તે તે પુરુષાર્થમાં મંડ્યો રહેલો છે. અનેક પ્રકારનાં સાધનો એણે કરેલાં છે. કોઈ સાધુ આવે અને પોતાના જીવનની હકીકત કહે તો કાં તો તે આપણે માનવી રહી, કાં તો તે આપણા માન્યામાં ન આવે, પરંતુ મારા જીવનનું તેવું નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવ સતત સ્મરણ કર્યાં કરતો, ભજન કર્યાં કરતો, કેટલીય વેળા ભાવાવસ્થામાં આવી જવાયા કરાતું. વળી, વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં પણ ભાવસ્થિતિમાં આવી જવાનું બનતું. નડિયાદ શહેરમાં હરતાંફરતાં ભજનો ગાયાં કરતો અને છોકરાં ધૂળ પણ ઉડાડતાં. આ બધું જોનારાંઓ આજે પણ હયાત છે. અને જેને સાચી રીતે સમજવું છે, તેને આ જીવથી તેના વેદનાકારી રોગની દશામાં પણ કેવું સર્જન થાય છે, તે જીવતીજાગતી હકીકત છે. માત્ર ખાલી જોવાથી કે તે હકીકત માત્ર સાચી છે તેમ જણાયાથી કશું વળતું હોતું નથી. બુદ્ધિ તે સાચેસાચું કબૂલ કરે, તેમ છતાં જ્યાં સુધી હૃદયમાં ભક્તિ જાગેલી હોતી નથી, ત્યાં સુધી તે બધું સમજેલું કપૂરની વાસની જેમ ઊડી ગયેલું હોય છે. આવો મારો ઘણા જીવો સાથેનો અનુભવ છે. જો કોઈને સાચું ઊતરશે અને સાચું લાગી જશે તો તે જીવનની સાચી સમજણમાં ઊતર્યા વિના રહેવાનું નથી.

આ બધાં ભજનો લગભગ ૭૬ પોસ્ટકાર્ડમાં તો શ્રી સોમાકાકાએ લખ્યાં. વીસેક ભજનો શ્રી નાગજીભાઈએ લખ્યાં. બાકીનાં બધાં ભજનો સુરત આશ્રમના શ્રી રજનીભાઈએ લખ્યાં. સુરત આશ્રમમાં રોજ વહેલી સવારે હું ઝપાટાબંધ બોલતો જઉં અને ઘણી ઝડપથી

ભાઈ ચૂનીભાઈથી એ ભજનો લખાય અને તેમાં ભૂલચૂક થતાં ભાઈ ચૂની ઉપર ભયંકર ધરતીકંપ થતો. તેમ છતાં ભાઈ ચૂની દિલથી સ્વસ્થતા જાળવી મારાં ભજનો લખ્યે ગયો, તે બદલ મારા દિલની તેને મુબારકબાદી છે. સુરતમાં શ્રી ધનસુખભાઈ, શ્રીમતી પુષ્પાબહેન, શ્રી અરવિંદભાઈ, શ્રી રતિભાઈ, શ્રી મોહનભાઈ અને કદીક કદીક શ્રી શાંતિભાઈ (કેટલાંક નામ લખું ?) તે બધાંએ બહુ વહેલી સવારમાં આવીને મને પ્રોત્સાહન આપ્યું છે. તે બધાંનો ઘણો આભાર માનું છું. શ્રી સોમાકાકા વિશે શું લખું ? એ તો મારા શરીરના નાના ભાઈ છે. અને તેમની આવી માનસિક હાલતમાં પણ તેમણે ભજનો લખ્યાં, મથાળાં કર્યાં, વર્ગીકરણ કરી ખંડ પાડ્યા અને આખું પ્રેસમૅટર તૈયાર કર્યું. તેવા તેમના અનુગ્રહ માટે મારી પાસે લખવાના કોઈ શબ્દો નથી. હું તો એટલી બધી ઉતાવળથી બોલતો જઉં અને ભાઈ ચૂનીએ જે ધગશ, ઉત્સાહથી એ લખી લેવાનું કામ કર્યું, તેને માટે તેને ધન્યવાદ ઘટે છે. ખાસ કરીને શ્રીમતી પુષ્પાબહેનનો પણ આભાર માનું છું. તેણે તે દિવસોમાં આ શરીરની જે સેવા કરી છે, અને સવારે ભજનો ગાતી વખતે જે ભાવઉષ્મા પ્રેરી છે, તે પણ આ ભજનો પ્રગટ થવામાં એક બળ હતું. કેટકેટલાં બધાંનો આભાર માનું ? અને કોનો ન માનું ?

ભાઈ રમાકાંત તો મારો કેટલાય કાળનો સંગાથી છે. મને કેટલો બધો મદદમાં આવે ! તેમ છતાં રમાકાંત ઉપર ગુસ્સો કરતાં મને હરકત આવતી નથી. અને તેને હું ગમે તેમ ભાંડી પણ શકું. તેની પાસે હું ગમે તે માગી શકું. અને તે મને તાત્કાલિક લાવી દે. તેને કોઈ પણ રીતનો આંચકો આપતાં મને સંકોચ ન થાય. હું જાણું છું કે તેને કેટલીયે વાર આ માટે મનમાં લાગી આવે છે. કોઈક વાર નકારાત્મક વિચાર આવે છે, પણ તેની મને બિલકુલ સ્પૃહા નથી, કારણ કે તેથી નુકસાન તેને છે, પરંતુ તેવું તેને ન

થાય એવી મારી પ્રાર્થના છે. જ્યારે એને જીવનની કકડીને ખરેખરી ભૂખ જાગશે ત્યારે તે સાલશે. હાલમાં એવું નથી. ભાઈ રમાકાંતે મને રૂ. ૨૫૧/-ની ભેટ લાવી આપી ત્યારે મેં એને કહ્યું કે આ ચોપડી છપાવવાનું બધું ખર્ચ તારે મેળવી આપવાનું છે અને એણે તે કબૂલ કર્યું. એને હું કંઈ પણ કહું તો તેનો મોઢેથી ઈન્કાર કરે નહિ. કોઈક વેળા માનસિક રીતે ઈન્કાર કરે ખરો. અને કોઈક વેળા સ્પષ્ટ રીતે પણ, પરંતુ તે તો ભાગ્યે જ. તે તો મને કેટલાય કાળથી - આશ્રમ સ્થાપનાની શરૂઆતથી - મદદ કરતો આવ્યો છે. અને આ રીતે **'જીવનપગદંડી'**ની મદદે આવ્યો તેનો હું આભાર તો ન માનું, કારણ કે મારું અને એનું પરસ્પરનું જીવન એવી રીતે સંકળાયેલું છે કે અમે કોનો કેવી રીતે આભાર માનીએ ?

આ બોલાયેલાં ભજનોમાં છેક છેલ્લે સુધીના અનુભવની હકીકત પમાતાં પહેલાં જે મથામણ શ્રેયસાધકને થાય છે, તે મથામણની હકીકત આવે છે. ઘણાં ભજનોમાં સંપૂર્ણ કક્ષાના અનુભવની દૃષ્ટિએ ઊણપ છે, પણ એ તો તે તે કાળના તેવા તેવા પ્રકારની મથામણને વાસ્તવિક દૃષ્ટિએ દર્શાવાયેલી છે. તે રીતે જીવનનો સમજનાર સમજશે એવી મારી પ્રાર્થના છે.

મારા જીવનમાં અનેક જીવોએ સહાનુભૂતિ પ્રેરી છે. મને ઘણો ઉત્સાહ પણ આપ્યો છે. મારા પરમાર્થનાં કામમાં મદદ પણ કરી છે. તેમાંયે આ બધાંમાં વિશેષ કરીને કેટલાક જીવો સવિશેષપણે મદદ કરનારા છે, એ બધાંનો જીવંત ખ્યાલ શ્રીપ્રભુકૃપાથી મને છે. તેમના પરત્વેનું ઋણ હું પોતે ચૂકવી શકું તેમ નથી. તે તો મારો હજાર હાથવાળો ભગવાન કોઈ ને કોઈ રીતે ચૂકવ્યા વિના રહેવાનો નથી, તેનો મને જીવતોજાગતો ટકોરાબંધ આત્મવિશ્વાસ છે. આ બધાંઓમાં ભાઈ ઈંદુ તથા જયશ્રી મારા શરીરની સેવામાં રહે છે અને ભાઈ ઈંદુ તો મારા જીવનની

કેટલીય બાબતોમાં - મારા જીવનનાં સર્વ પાસાંની હકીકતમાં - ખડે ને ખડે પગે તેનાં બધાં જ કામકાજ છોડીને, તેની મોટર સાથે મારી સેવા કર્યાં કરે છે. તેના બદલામાં તો હું કંઈ જ કરી શકતો નથી. આ બધી ભગવાનની પ્રત્યક્ષ કૃપા છે. એ કૃપાનો જીવનમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે. તેથી, જીવનની જે કૃતકૃત્યતા કે ધન્યતા અનુભવાય છે, તે વળી ન્યારી હકીકત છે. સર્વ કોઈ વાંચનારને મારા જીવનના સહભાગી બનાવવા માટે આ હકીકતનો ઉલ્લેખ કર્યો છે, તે માટે વાચકો મને યથાયોગ્ય દૃષ્ટિએ નિહાળશે તેવી પ્રાર્થના છે.

ઉપરના 'લેખકના બે બોલ' અમદાવાદમાં તા. ૬-૧-૧૯૭૪ના રોજ પૂરા થયા. તે બાદ મારે કેટલાક દિવસ પછી સુરત આવવાનું થયું. સુરત બાજુના એક ભાઈ અવારનવાર બહુ વાર 'પ્રસાદી' આપ્યા કરે. તેવી એક વાર પ્રસાદી આપતાં સમયે મેં તેઓશ્રીને જણાવ્યું કે આવી બધી ચીજવસ્તુઓ આપો છો તે તો હું વેચી નાખું છું, પરંતુ આ જે હું રોજ વહેલી સવારે ભજનો બોલું છું અને લખાઈ જાય છે, તેવાં ભજનોની ચોપડી છપાવવામાં જો પ્રેમથી મદદ થઈ શકે તો તે કર્મ તો એક કાયમનું જીવતું ચેતનાત્મક સંભારણું બની જાય. જે શ્રેયાર્થી તે વાંચે અને તેના તેવા વાંચવાથી કરીને તેને જે યોગ્ય ફળ મળવાનું હોય તે શ્રીહરિકૃપાથી મળે. કોઈક એકાદ જણને પણ એમાંથી જો ચિનગારી લાગે તો તેવું કર્મ પ્રકૃતિના ક્ષેત્રના ઉત્તમમાં ઉત્તમ પરમાર્થનાં કર્મ કરતાં ઘણું શ્રેષ્ઠ પ્રકારનું ઉચ્ચ કર્મ છે. તેઓશ્રીના દિલમાં આ હકીકત ઊતરી ગઈ અને આ **'જીવનપગદંડી'**નો બધો ખર્ચ આપવાનું તેઓશ્રીએ સહર્ષ જણાવ્યું. ભાઈ રમાકાંત તરફથી મળનાર રકમ હવે પછી છપાનારા **'જીવનકેડી'**ના પ્રકાશન ખર્ચમાં કામ લાગશે. તે મદદ આપનારની યાદી **'જીવનકેડી'**માં છાપવામાં આવશે.

આ **'જીવનપગદંડી'** પુસ્તક પ્રગટ કરવા માટે સુરત બાજુના ભાઈએ તેમના હૃદયના પ્રેમભાવથી તે રકમ આપી છે, તેમનો આભાર શી રીતે માનું ? તેઓ તો મને અનેક વાર પ્રસાદી આપ્યા જ કરે છે. મારાથી તેમનું કશું પણ બનતું નથી. હું તો કોઈક કંઈક કશુંક કહે તો ધ્યાનમાં લઉં ખરો, અને તે માટે હૃદયની ભાવનાથી મારા વહાલા શ્રીહરિને પ્રાર્થના પણ કરું. અને તેથી બધું જ પાછું શ્રીહરિનાં ચરણકમળમાં સમર્પી દઉં. હૃદયની યોગ્ય પ્રકારની પ્રાર્થનાનો પ્રત્યુત્તર તો છે જ, પરંતુ તેની કોઈ આશા ન રખાય. એટલા માટે જ હું તો જે તે કોઈનું બધું સાંભળેલું શ્રીહરિચરણમાં મૂકું અને ત્યારે હૃદયના ઊંડા ભાવથી પ્રાર્થના પણ કરું અને તેનું યથાયોગ્ય થવા શ્રીહરિને દિલથી આત્મનિવેદન પણ કરું. બધાંની સંભળાતી જતી કથનીનો કેવી રીતે પ્રત્યુત્તર આ જીવથી અપાય છે, તેનો આ છે મૂળ ઇતિહાસ.

સુરતના ભાઈએ પ્રકાશન માટે મદદ કરી, તેનો મારા હૃદયથી ઊંડો આભાર માનું છું. શ્રી કાંટાવાળા સાહેબનો પણ, કે જેમનું નિમિત્ત મળવાથી આવાં બધાં ભજનો લખાયાં. શ્રી કાંટાવાળા સાહેબનો સવિશેષ એટલા માટે કે તે ભજનનો ઝરો સ્ફુરતો લગભગ બંધ થઈ ગયો હતો, તે તેમના નિમિત્તે કરીને ફરી વાર ફૂટ્યો.

આ જીવથી ઘણાં પુસ્તકો લખાયાં. તેનો બધો સંગ્રહ શ્રી ઇંદુભાઈને ઘેર (ટાઉન હૉલ પાછળ, શ્રીગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં) છે. મારી સાથે જે જે જીવોને લાગણી છે, સંબંધ છે, અને જે જીવો થોડું પણ આ જીવને માનતા છે, અને જે જીવો આ જીવને અનેક વાર નમસ્કાર કરે છે, તેવા તેવા જીવોને મારી વિનંતીપૂર્વક પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે. તેના વેચાણની મળતી રકમ મારે અંગત તરીકે લેવાની રહેતી નથી. તે તો પરમાર્થ

ખાતે આશ્રમને ચોપડે જમા થઈ જાય છે. એટલે આમાં બધાં જ મને મદદ કરે એવી મારી ખાસ વિનંતી છે.

આ બધાં લખેલાં ભજનો એ કોઈ કાવ્યો નથી. એ તો બધાં જોડકણાં છે. અને તે રોજ ને રોજ વીસપચીસના જથ્થામાં લખાતાં જતાં હોય છે. એમાં નરી સરળતા પણ છે અને સમજાય તેવાં છે અને શ્રીહરિકૃપાથી જે જે રીતે સાધના થઈ છે, સાધનામાં ઊંડું ઊતરાયું છે, અને ત્યારે તેના પરિણામથી કરી જે તટસ્થતા, ચેતના પ્રગટ્યાં હતાં, અને તેના કારણે કરીને જે પૃથક્કરણ થયું તેનું દર્શન પણ આ ભજનોમાં ડોકિયાં કરતું જરૂર જણાય છે. આને કોઈ કાવ્ય તરીકે વિચારશો નહિ પણ જોડકણાં તરીકે જ સ્વીકારશો. જે કોઈ જીવ સાધનાનો ખરેખરો શ્રેયાર્થી છે, તેને તો મમમમ સાથે કામ છે, ટપટપ સાથે નહિ, તેવા સદ્ભાવી શ્રેયાર્થીઓ મહીંથી મર્મને ગ્રહણ કરી લેશે.

મારું શરીર લાંબા વખતથી પણ વેદનાવાળા રોગોથી ભરપૂર છે. તે કાળે તેના શરીરને કોમળ લાગણીવાળી શુશ્રૂષાની ઘણી જરૂર, બલકે તેની આવશ્યકતા અને જરૂરિયાત પણ ખરી. તે માટે શ્રીહરિએ કેટકેટલાં સ્વજનો બક્ષ્યાં છે ! અને મારા જેવાના તીખા સ્વભાવને પણ તેઓ પ્રેમથી, ઉદારતાથી સ્વીકારી લઈ મારા શરીરને સેવા આપ્યા કરે છે, તેને હું તો શ્રીભગવાનની કૃપા-પ્રસાદી જ લેખું છું. કેટકેટલાં નામ લખું ? રાજુ, રેણુકા, પુષ્પાબહેન, શ્રીરામ, ડૉક્ટર કાંતાબહેન, તે બધાંયનો બદલો તો શ્રીહરિ આપે.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સદ્ભાવી સજ્જનો કર્યા કરે છે અને હરિઃૐ આશ્રમે પરમાર્થને માટે ઉપાડેલાં કાર્યોમાં રકમ ઉઘરાવવા માટે સ્વયંમેળે જે ભાઈઓ મદદ મેળવ્યા કરે છે,

તે બધા ભાઈઓનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માની લઉં છું. આ બધો મહિમા શ્રીહરિના નામના પ્રતાપનો જ છે.

'કેવો હતો ! મદદથી જીવને ચઢ્યો શો !
ક્યાંનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો',
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.

હરિઃૐ આશ્રમ, સુરત

**–મોટા**

॥ હરિઃૐ ॥

# પ્રકાશકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના 'લેખકના બે બોલ'માં મારા વિશે લખ્યું છે અને આ પુસ્તકના પ્રકાશક તરીકે મારું નામ મૂક્યું છે, આથી, 'બે બોલ' રૂપે મારે પણ કંઈક લખવું એમ થતાં આ લખું છું.

હું મૅટ્રિક પાસ થયો તે સમયથી પૂજ્ય શ્રીમોટાની મને પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ અનેક પ્રકારની સહાય મળી છે. હું એમના નિકટ સંપર્કમાં રહું છું, એટલે મને કંઈ ને કંઈ કામ સોંપે અને તે હું કેવી રીતે કરું છું તે જોઈ, તપાસી મારા સ્વભાવનું ઘડતર કરે. આ એમની આગવી લાક્ષણિકતા છે અને મને તેની ખબર પણ છે. આથી, એઓ મને કોઈ પણ રીતે વઢે કરે એવી એમને તક ન મળે એવી ચોકસાઈ રાખવા પ્રયત્ન કરું પણ ખરો, પરંતુ તેવી સતત જાગૃતિ રાખી શકું નહિ. સોંપેલ કર્મમાં ક્યાંક ભૂલ કરું જ અને તેમને તક અપાઈ જાય. પછી તેઓશ્રી મને લડે કરે તો ખાસ ખરાબ લાગે નહિ, કારણ ક્યાં કેવી ભૂલ કરી છે, તેનું ભાન તો તે પછી તુરત જ થઈ જતું, પણ તેને તો સુધારવાની તક મળતી નહિ. પણ આવા અનુભવે બીજાં કાર્યોમાં વધુ ચોકસાઈ, વધુ જાગૃતિ રહેતી.

પ્રિય પૂજ્યના પ્રત્યક્ષ સંપર્ક અને સ્નેહ ઉપરાંત તેઓશ્રીના પરમ ચેતના સાથેના અદ્વૈતાનુભવને લીધે મને પરોક્ષ સ્પર્શ અને પારલૌકિક અનુભવો થયા છે. એની વિગતમાં ઊતરવું એ અત્રે પ્રસ્તુત નથી. તેમ છતાં, આવા અનુભવો થતા હોવા છતાં મારા અંતરમાં તેઓશ્રી કહે છે એવી ભક્તિ જાગી નથી. જાગતી નથી એનો એકરાર કરવા આટલો ઉલ્લેખ કરું છું. મને જ્યારે જ્યારે એવા ચમત્કારિક અનુભવો થયા છે ત્યારે ત્યારે જાણે કે એ બધું મેં જોયેલું

છે, અનુભવેલું છે, એવા સંસ્કારો મારા સચેતન માનસમાંથી પ્રગટ થાય- એવું મને લાગ્યા કરે કે આમાં કશું નવું નથી. ક્યાંક ક્યારેક અનુભવેલું છે. વળી, સત્પુરુષોની સોબતથી આવું તો અનુભવાય એમ બુદ્ધિ સ્વીકાર કરે, એથી આવા નક્કર અને જીવંત અનુભવોએ પણ મને પરમ ચેતના પરત્વેના અહોભાવમાં ડુબાડેલો નથી અને ભક્તિનો ઉદ્રેક અનુભવતો નથી. આ પ્રકારની સમજ પૂરતી મારી ભ્રમણા કે જડતા અથવા ઘોર તામસ પણ હોઈ શકે.

છતાં પણ ચિત્તના બંધારણમાં કર્મ પરત્વેની નિષ્ઠા અને પ્રમાણિકતાને લીધે ખંત, ઉદ્યમ અને ઉમળકો રહ્યા કરે. પહેલાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંપૂર્ણપણે સાંસારિક હતાં. છતાં એ મોળાં પડીને આધ્યાત્મિક માર્ગની આછી સમજ ચિત્તમાં અંકાઈ રહી છે, એનું કારણ પ્રિય પૂજ્યની સપ્રેમ કૃપા છે, એમ હું બુદ્ધિપુરઃસર સ્વીકારું છું. બુદ્ધિનો આવો સ્વીકાર હોવા છતાં ભાવ-ભક્તિનો ઉદ્રેક અનુભવાતો નથી એનો પણ હું સ્વીકાર કરું છું. પ્રિય પૂજ્યની અપાર કૃપાનો હું ભાજન બનેલો છું. મને પારલૌકિક શક્તિના અનેક પ્રકારના અનુભવો પણ થયા છે. અંતરમાં જન્મેલી આધ્યાત્મિક જીવન પરત્વેની સૂઝને લીધે હું એ માર્ગ ઉપર આગળ વધવાના પ્રયત્નો પણ કૃપામદદ માગી માગી કરું છું. છતાં હજી ભક્તિભાવમાં વેગ આવતો નથી એનો એકરાર પણ કરું છું.

**'જીવનપગદંડી'** પુસ્તકના પ્રકાશક તરીકે 'બે બોલ' દ્વારા મારા અંતરભાવની અભિવ્યક્તિને આ તક મળી છે ત્યારે મને એવી કશી પણ ભૂમિકા ન હતી, છતાં જે પ્રેમભાવ અને કૃપાને લીધે ચઢાણના આ માર્ગની સૂઝ પ્રગટી છે, એમાં પ્રેમભક્તિ ભાવભર્યો વેગ પ્રાપ્ત થાય એવી પ્રિય પૂજ્યને પ્રાર્થના કરી વિરમું છું.

**-રમાકાંત પ્ર. જોશી**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પગદંડી કેટલી ઉપયોગી છે, તેની ખબર તો વગડામાં ફરનારને પડે. સીધે માર્ગે જવાનું સૌ કોઈ પસંદ કરે છે, પરંતુ જાણકાર હોય તે જ પગદંડી-વાટે જવાનું પસંદ કરે છે. સીધે માર્ગે જતાં જ્યાં માઈલોના માઈલો થાય, ત્યાં પગદંડીએ તુરત પહોંચી જવાય છે. પર્વત ઉપર ચઢતા હોઈએ કે વગડામાં ફરતા હોઈએ, ત્યારે કેટલીય પગદંડીઓ જોવામાં આવે છે, પરંતુ કયે સ્થળે જવા માટે કઈ પગદંડીએ જવું, એ તો તેના ભોમિયા જ જાણે. પગદંડીની આવી વાત છે.

આ **'જીવનપગદંડી'** પણ જીવન ઉન્નતિને માર્ગે જવા ઇચ્છતા શ્રેયાર્થીને અગમનિગમની કંઈક અવનવી પગદંડીઓ બતાવશે. જેઓ સફરી છે અને પરિભ્રમણના રસિયા છે, તેઓ રખડપાટનો આનંદ માણે છે. સામાન્ય માણસને જ્યાં થાક અને કંટાળો લાગે, અને જવાનું મન ન થાય ત્યાં સફરી માણસોને જવાનું શૂર ચઢે છે અને તેઓ અપ્રતિમ સાહસ ખેડીને તેમના ધ્યેયને વરે છે, તે આપણે સૌ જાણીએ છીએ. એવું જ આ જીવન ઉન્નતિના શ્રેયાર્થીઓ માટે છે, તે આ **'જીવનપગદંડી'**નાં ગીતો વાંચતાં વાચકને અચૂક જણાશે.

જ્યોર દૃશ્યમાન વસ્તુને અર્થે માણસે કેટકેટલાં સાહસો કરવાં પડે છે, તો પછી અદૃશ્ય વસ્તુ પામવાને માટે કેવાં કેવાં કષ્ટો, કેવી કેવી મુશ્કેલીઓ અને કેવી કેવી હિંમત અને સાહસો ખેડવાં પડતાં હશે, તેનો કંઈક ઈશારો આ **'જીવનપગદંડી'**ની વાણીમાંથી શ્રેયાર્થીને જરૂર જાણવા મળશે.

જેમ ઈમારતને માટે પાયો મહત્ત્વનો ગણાય છે, તેમ સાધનાને માટે તેનો આરંભકાળ અતિમહત્ત્વનો છે. એથી જ શ્રેયાર્થીને માટે સાધનાનાં સોપાન સમું આ **'જીવનપગદંડી'** પુસ્તક ઉપયોગી માહિતી પૂરી પાડશે અને સાધનાને પંથે પળવામાં મદદરૂપ થશે એવી આશા છે.

જીવનમાં સુખદુઃખ, સારુંનરસું, શ્રીમંતાઈ-ગરીબાઈ, પાપપુણ્ય આદિને જો યોગ્યપણે સમજવાનું બને, તો તે શ્રેયાર્થીને સાધનામાં ગતિરૂપ બને છે. એક સજ્જનને તેમના આપત્તિકાળમાં આશાએશ અર્થે નિમિત્ત બનેલાં આ ગીતો પણ સાધનાના આરંભકાળની કષ્ટમય કથાનાં છે, એ પણ એક જોગાનુજોગ છે. સાધનામાં આપત્તિ જ શ્રેયાર્થીને જાગ્રત બનાવે છે.

ભાઈશ્રી રમાકાંત જોશી તો પૂજ્યશ્રીના નજીકનાં સ્વજનો માંહેના એક છે અને તેમણે આ પુસ્તકના પ્રકાશનના ખર્ચનું બીડું સ્વીકાર્યું હતું, પરંતુ સુરત બાજુના એક સજ્જને આ **'જીવનપગદંડી'**ના ખર્ચની બધી રકમ આપી. એટલે હવે શ્રી રમાકાંતભાઈ તરફથી મળનારી રકમનો ઉપયોગ હવે પછી પ્રગટ થનાર **'જીવનકેડી'** માટે વાપરવામાં આવશે અને તેમને મદદ આપનારનાં નામની યાદી પણ તેમાં પ્રસિદ્ધ થશે.

સમાજમાં કંઈ કંઈ છૂપાં રત્નો પડેલાં છે. જેઓ સાધનાને પંથે પળેલાં હોતાં નથી તેમ છતાં તેઓ ઉચ્ચ કાર્યને ઝંખતા હોય છે, એટલું જ નહિ પણ તે માટે શક્ય હોય એટલું તેઓ આપતાં પણ હોય છે. ખૂબી એ છે કે તેઓ સારા કામની કદર કરે છે તેમ છતાં જાહેરમાં આવવાનું ઈચ્છતાં નથી, પણ ગુપ્ત રહેવાનું જ પસંદ કરે છે. આવા આત્માઓ અભિનંદનને પાત્ર છે.

આ પુસ્તક તૈયાર કરવામાં અનેક હાથોએ કામ કરેલ છે, જેનો નિર્દેશ 'લેખકના બે બોલ'માં પૂજ્યશ્રીએ કરેલો છે. એટલે તેમનાં નામો બેવડાવતો નથી. મેસર્સ એલેમ્બિક પ્રેસે સુંદર રૂપરંગે બનતી ત્વરાએ પુસ્તક છાપી આપ્યું, તે માટે તેમના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી મળતી રકમ લોકકલ્યાણને અર્થે જ વપરાતી હોય છે. એટલે સૌ કોઈ તેમનાં પુસ્તકો ખરીદીને વાંચે અને પોતાના શ્રેયની સાથે સમાજના શ્રેયમાં પણ ભાગીદાર થશે એવી આશા છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ, સુરત — **નંદુભાઈ**

તા. ૧૫-૨-૧૯૭૪ — મૅનેજિંગ ટ્રસ્ટી,

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને નિમિત્ત યોગે મળેલાં સ્વજનો પૈકી કોઈક સ્વજન પોતાને રોજે રોજ એક પોસ્ટકાર્ડ લખી મોકલવા અને તે પછી તેવી રચનાઓ પુસ્તક સ્વરૂપે પોતે છપાવશે એ પ્રકારની વિનંતી કરતાં હતાં, એ શ્રેણીમાં જે પુસ્તકો પ્રકાશિત થયાં, તે પૈકી આ **'જીવનપગદંડી'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૪માં થઈ હતી.

પૂજ્ય શ્રીમોટાની ગદ્યરચના કરતાં તેમની પદ્યરચના વધુ સરળ અને પ્રથમ વાંચને સમજી શકાય તેવી હોવાનું પૂજ્યશ્રીનું કથન હોવા છતાં આવી પદ્યરચનાઓનાં પુસ્તકોની ખરીદીમાં સ્વજનો બહુ ઉત્સાહિત જણાયાં નથી. આ જ કારણે લગભગ ત્રણ દાયકાથી વિશેષ સમય પછી **'જીવનપગદંડી'**ની આ બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. હવે સ્વજન વર્તુળ પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય તરફ વિશેષ રુચિ ધરાવતું થઈ રહ્યું છે ત્યારે અમોને આશા છે કે સ્વજનો ઝડપથી આવાં પુસ્તકો ખરીદશે, વાંચશે અને જીવનપંથનું માર્ગદર્શન મેળવશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૪-૪-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સાધનાની પગદંડી | ... ... | ૧-૭૦ |
| ૨ | શ્રેયાર્થીની સાધના | ... ... | ૭૧-૧૧૮ |
| ૩ | સ્મરણગાથા | ... ... | ૧૧૯-૧૫૮ |
| ૪ | કૃપાની કરામત | ... ... | ૧૫૯-૧૯૬ |
| ૫ | ચરણ, પ્રેમ, તમન્ના, ભાવ | ... ... | ૧૯૭-૨૩૬ |
| ૬ | મથામણ, પુરુષાર્થ, તપશ્ચર્યા | ... ... | ૨૩૭-૨૮૬ |
| ૭ | મનાદિની કાયાપલટ | ... ... | ૨૮૭-૩૨૪ |
| ૮ | મળેલાં સ્વજનોને... | ... ... | ૩૨૫-૩૬૪ |


❑

# જીવનપગદંડી

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

# સાધનાની પગદંડી



બલિદાન થયા વિના પૂરેપૂરું બધી રીતે,
જીવનની ભક્તિ સંપૂર્ણ ખીલી ઊઠે ન કોઈ રીતે,

હરિઃૐ

## થવા મોટો ગરીબીથી હૃદય નિશ્ચય થયેલો જે

હું ક્યાંનો ક્યાંય જીવનમાં રવડી રખડી જ મરતો'તો,
કશી સંભાળ ને પરવા ન મારી કોઈ લેતું'તું.

ગરીબાઈ વિશે જીવવું ખરેખર દોહ્યલું શું તે !
બહુ અપમાન ને ત્રાસ પડેલાં વેઠવાં ત્યારે.

ભયંકર કોઈક અન્યાયે શું અપમાનિત થવાથી તે !
થવા મોટો ગરીબીથી હૃદય નિશ્ચય થયેલો જે.

જીવન આદર્શ ઘડી ઘડીને હું વર્ત્યો તે પ્રમાણે ને
-હૃદય આદર્શનું ભાન જીવેલો હું ધરાવીને.

હરિઃૐ

## થવા મુક્ત ગરીબીથી પ્રયત્નો ખૂબ કીધા છે

જીવનની હાડમારીમાં બહુ જ મુશ્કેલીના સમયે
-બહુ જ હેરાનગતિમાંયે **હરિ**એ સહાય કીધી છે.

જીવનની કારમી એવી ગરીબાઈ વિશે કેવો
-ભીંસાઈ ! શા જ અન્યાય સહન કરવા પડેલા છે !

ગરજમાર્યા બધું તે તે સહી લેવું પડેલું છે,
શું કચડાવાનું જીવનમાં ગરીબને કેવું આવે છે !

ન ચૂં કે ચાં જ કરવાની ગરીબને કંઈ ગતાગમ છે,
અમે એવી શી જીવનમાં ગરીબી ભોગવેલી છે !

થવાનું માતબર ભારે ગરીબીમાંથી સૂઝ્યું છે,
થવા મુક્ત ગરીબીથી પ્રયત્નો ખૂબ કીધા છે.

હરિઃૐ

## ગરીબી દિલ અમારે મન કરામત શી પ્રભુની છે !

ગરીબી કારમીમાં શી પડેલી હાડમારી જે !
પડેલો ત્રાસ કેવો ત્યાં હૃદય આ માત્ર જાણે છે !

કૃપાથી જાગવાનું તો મને તેમાંથી બનિયું છે,
ગરીબી દિલ અમારે મન કરામત શી પ્રભુની છે !

**हरि**ની ભક્તિ જ્યાં દિલમાં જીવન પ્રગટી ચૂકેલી છે,
કૃપાની સૌ કરામત તે પછી ઊગવા જ માંડી છે.

જરીક તલ જેટલું છેટું જ્યહીં ‘**हरि**–મુજ’ વચ્ચે છે,
કરોડો ગાઉનું અંતર તહીં દિલ તીવ્ર સાલ્યું છે.

હરિઃૐ

# બધું પ્રત્યક્ષ જોનારાં હજી આજે જીવંતાં છે

ભજનકીર્તન હું કરતો'તો બહુ જ લલકારીને કેવાં !
બધું પ્રત્યક્ષ જોનારાં હજી આજે જીવંતાં છે.

બધી આ વાસ્તવિકતાની થયેલી વાત ગાઈ છે,
કદી અતિશયોક્તિ તે કશામાં ના કરેલી છે.

મનાદિને જ ભેળવવા બીજે પાટે ચઢવવાને
-સતત કેવું મથાયું તે બધો ઈતિહાસ ન્યારો છે !

'મનાદિને પડ્યા વિના ગરજ, રસ, સ્વાર્થ તે વિશે,
થવાનાં એકરસ તે ના', હૃદય પ્રત્યક્ષ જાણ્યું તે.

મનાદિથી જીવનમાં જે ઊંચો જે ઊર્ધ્વનો પથ છે,
ત્યહીં રસ તેમને લેતાં કરવવા યત્ન કીધા છે.

હરિઃૐ

## हरिના ભાવનું ટકવું ચમત્કાર જીવનનો ત્યાં

પરણવા દિલથી **हरि**ને કરી ચૂક્યો હતો નિશ્ચય,
છતાં માએ અવર સાથે કરાવી લગ્ન દીધું છે.

ચઢી ઘોડે પલાણીને પરણવા જ્યાં ગયેલો જે,
પરણતી વેળ હું કેવો સમાધિમાં પડેલો તે !

સમાધિ તે દશાકેરા હજી કોઈક સાક્ષી છે,
**हरि**ની લગનીની એવી બલિહારી રસીલી છે.

બધું જે તે જ કરવાનું ભલે હો તે છતાં તેમાં
–**हरि**ના ભાવનું ટકવું ચમત્કાર જીવનનો ત્યાં.

હરિઃૐ

# જીવનને તે પછી એણે લગામે તો ચઢાવ્યું છે

ચઢી જીવનમાં વરઘોડે ફુલેકે શો ફરેલો જે !
-નશો ત્યારે જીવનમાં શો ચમત્કારિક સ્ફુર્યો છે !

જીવન જુદી દિશાકેરું હવે જીવવાનું જાણી જે,
છતાં તેના પરત્વેની કશી બુદ્ધિ ન જાગી છે.

જીવન સંસાર વ્યવહારે જૂના જે રીતરસમ ચાલે,
બધું તેના પ્રમાણેનું રગશિયું ગાડું ગબડે છે.

પરંતુ કોઈક વેળાએ જીવન ગાડાતણા કેવા,
સખત અથડામણે ત્યારે થયેલા છે પૂરા ભૂકા !

કૃપાથી ઓલિયો ત્યારે **હરિ** તેં મોકલેલો જે,
જીવનને તે પછી **એણે** લગામે તો ચઢાવ્યું છે.

હરિઃૐ

## મરણિયો તે પછીનો શો હૃદય નિશ્ચય થયેલો છે !

જીવનમાં કંઈક ડંફાસો શી મોટી મોટી મારી છે !
છતાં પણ તે પ્રમાણેનું ન કંઈ વર્તન થયેલું છે.

પરંતુ તે છતાં પાછો જીવનના ધ્યેય પ્રત્યેનો,
જરૂર પાકો જ નિશ્ચય છે, ખચીત તેથી જ ચઢવાનો.

પછીથી તો થતું ના જે કશું તેના વિશે વદવું
-યથાયોગ્ય ન માન્યું છે, પછી શું મૌન ધાર્યું છે !

પછી જીવનમાં નિશ્ચલતા અને દૃઢતા શું પાક્યાં છે !
મરણિયો તે પછીનો શો હૃદય નિશ્ચય થયેલો છે !

હૃદયના પક્વ નિશ્ચયથી પ્રયત્નો જે થતા રહે છે,
બધું પરિણામ તેનું તો ખરે આશ્ચર્યકારક છે !

હરિઃૐ

## કશું પણ દિલ કચવાતે અમે ના કંઈ કરેલું છે

જીવનમાં માર્મિક પણ ઘા કદીક મુજને પડેલા છે,
ઊંડે અંતર ઘવાઈને ઊંચુંનીચું થવાયું છે.

સીધો ઘા છાતી પરનો જે વહાલો દિલ લાગે છે,
હૃદય ઘા કારમો લાગે પરંતુ છાનોછપનો જે.

થવું ખુવાર બહુ રીતે જીવનમાં આવિયું મુજને,
કશું પણ દિલ કચવાતે અમે ના કંઈ કરેલું છે.

સ્વીકારાતાં ઉમળકાથી અમલ હર્ષે થતાં તેને,
જીવનવિકાસનો હેતુ તહીં ફળતો રહે છે જે.

હરિઃૐ

## મહદ સદ્ભાગ્ય સમજીને વધાવી તે લીધેલા છે

જીવનમાં કુરબાનીના પ્રસંગો કંઈક આવ્યા છે,
મહદ સદ્ભાગ્ય સમજીને વધાવી તે લીધેલા છે.

બલિદાન થયા વિના પૂરેપૂરું બધી રીતે,
જીવનની ભક્તિ સંપૂર્ણ ખીલી ઊઠે ન કોઈ રીતે.

સતત બસ સાધનાભ્યાસે લગાતાર રહેવા તે,
શી એવી ધારણામાંથી હૃદયભાવ ખીલેલો છે !

નિરંતરનો હૃદય એવો સતત જ્યાં ભાવ મહોર્યો છે,
થવું જે જે, બધું તે તે પછી તેમાંથી સ્ફુર્યું છે.

હરિઃૐ

## શીતળ શો છાંયડો ત્યારે મને બક્ષ્યા કરેલો છે !

પજવણી શી શી રીતની સૌ જીવનમાં થઈ ચૂકેલી છે !
બહુ ત્રાસ બહુવિધના જીવનમાં મળી ચૂકેલા છે.

જીવનમાં કેટલી વાર ગયો કંટાળી તેથી તે,
અજંપાનો પછીથી તો કશો ના પાર આવ્યો છે.

હૃદય પરિતાપનો અગ્નિ રહ્યા જલતો કરેલો છે,
'હઉં જાણે હું શેકાતો' જીવનમાં એમ લાગ્યું છે.

કૃપા સદ્‌ભાગ્યથી કિંતુ જીવનમાં તે **હરિ**સ્મરણે
-શીતળ શો છાંયડો ત્યારે મને બક્ષ્યા કરેલો છે !

હરિઃૐ

## જીવનમાં ડોકિયું કરવાતણું કિસ્મત ઉઘાડ્યું છે

જીવનને યદ્વાતદ્વા કંઈ રીતે જીવ્યા જવાથી જે,
રગશિયું સાવ નિર્માલ્ય જીવન કેવું હતું તે તે !

જીવન એવા વિશે જોમ કશું ચેતન નહોતું ને
-જીવન જીવન વિશે શો છે તફાવત, ભેદ જુદો તે.

અકસ્માતે જીવનમાં શા થયેલા કોઈક સદ્‌ભાગ્યે !
જીવનમાં ડોકિયું કરવાતણું કિસ્મત ઉઘાડ્યું છે.

જીવનને સમજવા તેથી પ્રવેશાયું ઊંડું ઊંડું,
હૃદય તે કાજ અભ્યાસ પૂરું સાધન હતું સાચું.

હરિઃૐ

## યથાકાળે, યથાયોગ્ય ઘટે થવું તે જરૂર કર્મ

ભુલકણો હું હતો ભારે જીવન વિકસાવવા કર્મે
-નડ્યો દોષ કરેલો તે, મને ખૂંચવા જ લાગ્યો તે.

જીવનવિકાસનાં કર્મે સતત સાવધ રહેવું જે
-ખરું ઉપયોગનું કેવું ! ખરો શ્રેયાર્થી જાણે તે.

રહેવામાં પૂરું સાવધ ભુલકણા દોષથી મુજને
-થવામાં સાધના નિશ્ચિત નર્યું નડતર થયેલું છે.

જીવનની સાધના વિશે બધું નિશ્ચિતપણું, નિશ્ચય,
યથાકાળે, યથાયોગ્ય ઘટે થવું તે જરૂર કર્મ.

હરિઃૐ

## જીવન તે ભોગવ્યા વિના ન આરો આવવાનો છે

જીવનમાં કેટલું કેવું બહુ વેઠ્યા કરેલું છે !
અમે તેનાં નગારાં ના કદી ગાજી વગાડ્યાં છે.

ગરીબો પર સમાજે શી ભયંકર લૂંટ ચલવી છે !
જીવન તે ભોગવ્યા વિના ન આરો આવવાનો છે.

ન તેમાં કર્મનો દોષ, ન ત્યાં પ્રારબ્ધનો દોષ,
જૂના જે ગોઠવાયેલા વ્યવસ્થાતંત્રનો દોષ.

બધું ભાંગી અને ભૂકો થઈ જે તે થવાનું છે,
કશું પણ સાચવેલું તે બચી શકવાનું કંઈ ના છે.

હરિઃૐ

## હૃદય ચેતાવીને एणे કંઈક સીધો કરેલો છે

નકામા કંઈક તુક્કાઓ જીવનમાં મેં ચલાવ્યા છે,
પરંતુ તે કંઈ છાનું ન કોઈથી રહેલું છે.*

કશી કોડીયની કિંમત ન મારી તો રહેલી છે,
હું ધોયેલા મૂળા જેવો ગણાયેલો જગતમાં જે.

કદીક શો દિલ પસ્તાવો અગનની જેમ સળગ્યો છે !
હૃદય ચેતાવીને **एणे** કંઈક સીધો કરેલો છે.

બહુ જ જ્યાં ઠોક વાગ્યા છે, શું જાકારો થયો મુજ છે !
**हरि**ચરણે પછી ઠરવાતણી સદ્‌બુદ્ધિ જાગી છે.

* શી જગજાહેર તે વાત બધે પ્રસરી ગયેલી છે !

હરિઃૐ

## તલપ ઉત્કટ હૃદય લાગી, મને જેણે મથાવ્યો છે

હતો સંસારી પૂરો , તે સમય કોઈ કશી રીતની
-અસર જીવનમાં મુજને કૈં થતી નહોતી અવર બીજી.

નર્યો સંસારમાં મહાલ્યા સતત કરવાની આદતને
-કદી ભુલાતી નહોતી ને કર્યો સબડ્યા જ તે વિશે.

રવડતાંમાં કૂદી કૂદીને છલાંગો ખૂબ મારી છે,
પરંતુ ઠેરનો ઠેર જ ખરેખર હું રહેલો જે.

અકસ્માતે કંઈક કિંતુ ‘જીવન શું છે’, અનુભવવા
-તલપ ઉત્કટ હૃદય લાગી, મને જેણે મથાવ્યો છે.

હરિ:ૐ

# ભયંકર ગૂંચવાડાથી મને તેણે ઉગાર્યો છે

શી ગરબડ કંઈ જુદી જુદી જીવનમાં તો થયેલી છે !
હતું ગરબડ વિશે જીવન મતિ ના યોગ્ય ચાલી છે.

કંઈક ગરબડ જીવન વિશે ઊંધીચત્તી શી આવીને
-વિવેકભ્રષ્ટ સંપૂર્ણ કરી નાખેલ મુજને છે !

વિવેકભ્રષ્ટ જીવનમાં ખરેખર જે થયેલો છે,
વિનિપાત બહુ વેળા જીવન તેનો થતો રહે છે.

કૃપાથી કિંતુ જીવનમાં સ્મરણધંધો સ્વીકાર્યો છે,
ભયંકર ગૂંચવાડાથી મને તેણે ઉગાર્યો છે.

હરિઃૐ

# હૃદય ત્યારે પરીક્ષાનો સમય મુજને જણાયો છે

જીવનમાં તીવ્ર કકળાટ કદીક કેવો થયેલો છે !
હૃદય ત્યારે પરીક્ષાનો સમય મુજને જણાયો છે.

તટસ્થ જ કેટલું કેવું રહેવાયે સમય ત્યારે,
કૃપાથી તે અનુભવવા પ્રસંગો શા મળેલા છે !

જીવનમાં કેટલીક વેળા નપાસ જ હું થયેલો છું,
છતાં ત્યારેય **हरि** સ્મરીને ઝઝૂમવું દિલ રાખ્યું છે.

જીવનમાં જે લીધું માથે પૂરું પાર જ કરી દઈ તે,
**हरि**નાં ચરણમાં સોંપી પછી નિશ્ચિંત જીવવું છે.

બલિહારી જીવનની શી અનુભવમાં ઊગેલી છે !
**हरि**ની બોલબાલા શી અનુભવમાં પ્રકાશી છે !

હરિઃૐ

## ટટારીથી જીવનને મેં સમજવાનું કરેલું છે

કુટેવો કેવી કેવી શી ! હતી મારા જીવન વિશે,
છતાં ગબડ્યા કરાયું છે, રમત એવી વિશે નિત્યે.

રમત રમતાં, રમત રમતાં, ઊંધું લટકી પડાયું છે,
પડ્યા ડંડા જ્યહીં **તારા** હૃદય જાગી જવાયું છે.

પછીથી તો થઈ બેઠો, કમર કસીને, ઊભો થઈને,
ટટારીથી જીવનને મેં સમજવાનું કરેલું છે.

જીવન પ્રત્યેની શી હૃદયે સમજ ઊગતાં પછીથી તો,
કદી પણ બેસી રહેવાનું જરા પણ ના થયેલું છે !

સતત ઉદ્યમ ને ઉદ્યમથી પથે મંડી પડાયું છે,
પછીથી ચાલવાકેરો જીવનનો યજ્ઞ ફાલ્યો છે.

અટકવું ક્યાંય ના પંથે જીવનમાં તો થયેલું છે,
છતાં જ્યાં દિલ ખચકાતાં, કૃપાદર્શન થયેલું છે.

હરિઃૐ

# કૂદંકૂદા જીવનમાં તો બહુ રીતની થયેલી છે

કૂદંકૂદા જીવનમાં તો બહુ રીતની થયેલી છે,
કદીક તો હાડકાં ભાંગ્યાં, કદીક લૂલો થયેલો જે.

કદીક તો ડાગળી ચસકી ખરેખર શી ગયેલી છે !
નર્યું સ્વચ્છંદમાં વર્તી જીવનને ત્યાં ગુમાવ્યું છે.

નર્યા મળથી ભયંકર જે હું ખરડાયેલ કેવો તે !
**हरि**એ ઊંચકી તેને બરાબર સ્વચ્છ કીધો છે.

**हरि**ની કેટલી મોટી થયેલી મહેરબાની છે !
**हरि**ના પદ વિશે તેથી ઝુકાવાનું થયેલું છે.

હરિઃૐ

## જીવનનો હેતુ પરખાતાં પછી ફરી મોં ગયેલું છે

જીવન મુજ કેવું ગરબડિયું મને તેવા જીવન વિશે
-ખૂંચ્યા, ડંખ્યા કરી ઉગ્ર, કંઈક ભાન જગાડ્યું છે.

જીવન વિશે ઊંડું ઊંડું વિચારીને વિચારાતાં,
ઊતરતાં ઊંડું અંતરમાં, મનન ચિંતવન થયેલું છે.

મનન ચિંતવનથી તેવા તો કંઈક મર્મ સૂઝેલો છે,
જીવનનો હેતુ પરખાતાં પછી ફરી મોં ગયેલું છે.

ગતિ જીવન દિશાની શી સમૂળગી સાવ બદલાઈ !
જીવનની ઊર્ધ્વ દિશામાં પછી વહેવું થયેલું છે.

હરિઃૐ

## અકલ્પ્ય ને શી અણદીઠ જહેમત સૌ ઉઠાવી છે !

અવરનું કારભારુંયે શિશુવયમાં થયેલું છે,
પરંતુ નિજ જીવનનું ન કરતાં આવડેલું છે.

છતાં પણ ઓલિયાએ કોઈ કરામતથી છૂપી ગૂઢ જે,
સમજ ને ભાન જીવનનાં કૃપાથી પ્રેરવેલાં છે.

સમજ ને ભાનની રીતે જીવનને લઈ જવા પંથે,
અકલ્પ્ય ને શી અણદીઠ જહેમત સૌ ઉઠાવી છે !

'જીવન જ્યાં થાક લાગ્યો છે', જીવન શક્તિ પરત્વેનું
-ખરું પ્રત્યક્ષ લક્ષણ તે, હૃદયભાવ ઘટેલાનું.

પછીથી બેવડા જોશે હૃદય ખાઈખપૂસીને
-લગાતાર રહી મંડ્યા જીવનને જોતરેલું છે.

હરિઃૐ

## ખવાતાં કિંતુ બહુ ખત્તા, કંઈક સમજણ ઊગેલી છે

અનેકે જાતની ભારે શી ગડમથલ થયેલી છે !
જીવનમાં ક્યાંક ગોઠીમડાં ઊંધાં ખાધેલ ભારે છે.

જીવનમાં શો હું અટવાઈ ગયો તેથી અમૂંઝાઈ !
પછીથી કાઢવા શોધી જીવનપથ ના મતિ સૂઝી.

જીવન બસ એવું ને એવું સતત ચાલ્યા કરેલું છે,
ખવાતાં કિંતુ બહુ ખત્તા, કંઈક સમજણ ઊગેલી છે.

ઊગેલી સમજણે સાધન મને પકડાવી દીધું છે,
સતત સાધનને ગ્રહવાથી નિરંતરતા શી પ્રગટી છે !

હરિઃૐ

## થતા યત્નો રહે, તેનું જરૂર ફળ યોગ્યદાયી છે

સતત બસ એકની એક જ લીધેલા સાધનાભ્યાસે
-રહેલો ધૂનથી વળગી, બીજે ના લક્ષ આપ્યું છે.

છતાં પણ કોણ જાણે કે શી ભૂલથાપ થયેલી છે !
ઊતરી પથથી જવાયું ને ભુલાવામાં પડાયું છે.

'શી અટવામણ થઈ ત્યારે કઈ રીત પંથ સીધે તે
વળવું પાછું', ન સૂઝ્યું છે, મથેલો છું છતાં તોયે.

પરંતુ જ્યાં વફાદારી પ્રમાણિક્તા શી ભરપૂર જે
-થતા યત્નો રહે, તેનું જરૂર ફળ યોગ્યદાયી છે.

હરિઃૐ

## ચલાતાં દિલ ઉત્સાહે ચલાવામાં ઊંડો રસ છે

લીધેલાં સાધનો વિશે પરોવાઈ રહેવાને
-લગન લાગ્યાથી, હેતુની સમજથી ત્યાં મથાયું છે.

અવળચંડી મથામણમાં ભૂલો કેવી થયેલી છે !
પથે અભ્યાસની ધૂને મને શો ચેતવેલો છે !

પથે ચેતી જવાતાં શો હૃદય ઉત્સાહ પ્રગટ્યો છે !
ચલાતાં દિલ ઉત્સાહે ચલાવામાં ઊંડો રસ છે.

જીવનમાં રસ પડ્યો જ્યાં છે, પછી અડચણતણું ક્યાંયે
-કશું નડતર રહ્યું ના છે, ખૂબી લગનીની ન્યારી છે.

હરિઃૐ

## સમર્થ માત્ર સંપૂર્ણ હરિનો ભાવ દિલ સ્પર્શી

અતિશય વેદના ઉગ્ર અસહ્ય-થી અતીત જે છે,
છતાં તે વેદના વિશે **હરિ** શો ત્યાં રમી રહે છે !

સહેવાય ન એવી જે છતાં સહેવાય જેનાથી,
સમર્થ માત્ર સંપૂર્ણ **હરિ**નો ભાવ દિલ સ્પર્શી.

અતિશય વેદનામાંયે **હરિ**કીર્તન ભજનમાં તે
-શું સાંગોપાંગ રહેવાતું ! **હરિ**ટેકાની ખાતરી તે.

અતિશય વેદનાથી તો નમાલું સૌ જીવન બનતું,
પરંતુ **તુજ** કૃપાથી શી ખુમારીથી જીવન ખીલતું !

હરિઃૐ

# કરંતાં આર્તપોકાર મદદ હરિની મળેલી છે

કંઈક વાર જીવનમાં મેં શું આંધળિયાં કરેલાં છે !
છતાં એવી દશામાંયે ધીરજ ના ખોઈ બેઠો જે.

કંઈક વાર જીવનપથથી નજર ચૂકી જવાયું છે,
ભુલાવામાં પડાતાં ત્યાં શું અટવાઈ પડાયું છે !

તટસ્થ દિલ થવાવાથી બધી સમજણ શી પડતી છે !
બધા ઉપાય બચવાને લીધેલા હાથ પર શા તે !

ગમે તેમ થતાં તોયે શરણું પકડી જ રાખ્યું છે,
કરંતાં આર્તપોકાર મદદ **હરિ**ની મળેલી છે.

હરિઃૐ

## हरिમાં દિલ પરોવ્યાથી જીવન પ્રીછવું થયેલું છે

જીવનને વિચારવાનું તો બહુવિધ દિલ થયેલું છે,
જુદી જુદી રીતે એનું અનુસંધાન* જોયું છે.

જીવનને સમગ્રતાથી તો જીવનવિકાસ દૃષ્ટિએ
-શું સમતોલનથી વર્તનમાં થયું ઉતારવાનું જે !

કંઈક વેળા ઊંડા ગર્તે ખરેખર જ્યાં પડાયું છે,
જીવનના ધ્યેયની લતના સ-ભાને ઊગરાયું છે.

સતત સાધનના અભ્યાસે લગાતાર જ રહી રહીને,
**हरि**માં દિલ પરોવ્યાથી જીવન પ્રીછવું થયેલું છે.

---

* સમજવાનું થયેલું જે

હરિઃૐ

# જીવન સૂમસામ સંપૂર્ણ બની ત્યારે ગયેલું છે

ભયંકર કારમી વેળા જીવન જ્યાં આવી પહોંચી છે,
જીવન સૂમસામ સંપૂર્ણ બની ત્યારે ગયેલું છે.

ન ત્યાં કંઈ બુદ્ધિ ચાલે છે, શું નિઃસ્તબ્ધ થવાયું છે !
જીવનની પરંપરાઓમાં ગતિશીલતા રહી ના છે.

પરંતુ ધ્યેયની લગની ન ત્યારે છાનીછપની તે,
પડી કેમે રહેલી ના, કરે શાં ડોકિયાં ગૂઢ તે !

અનેકે વાર પોતાને છતું જીવન વિશે બનવા,
મથાવીને પુરુષાર્થે લગાડી પથ વિશે દે ત્યાં.

હરિઃૐ

## જીવનને વહી જવા દીધું, નકામું અર્થ વિણ જે તે

વિચારો ને વિચારોમાં કરી કરીને વિચારો તે,
જીવનને વહી જવા દીધું, નકામું અર્થ વિણ જે તે.

પરંતુ ગૂંચ, મુશ્કેલી જબરજસ્ત જીવન વિશે
-કદીક ઓચિંતી ટપકીને, કર્યો વિચારતો મુજને.

સમય તે એકના એક જ વિચારોમાં પૂરેપૂરું
-પરોવાઈ જવાનું તે, બનેલું છે ખરું ઊંડું.

હૃદય એવું વિચારાતાં ઊંડું ઊંડું જવાતાં તે,
હૃદયમર્મ જણાઈને, જીવનહેતુ સૂઝેલો છે.

હરિ:ૐ

## હૃદય પ્રગટેલ તે ભાવે તને મેં સાદ પાડ્યો છે

ભયંકર તીવ્ર આઘાત કદીક જીવનમાં લાગ્યો છે,
અને ઉત્પાત તેથી શો મચી જીવન ગયેલો છે !

અકસ્માતતણી એવી જીવનમાં પરંપરાઓ જે
-જીવનમાં લાગતાં, ઊંડું વિમાસણમાં પડાયું છે.

વિમાસણ ઉગ્ર તેવાથી વિમાસણના વિચારોમાં
-ડૂબી કેવું જવાયું ! જ્યાં હૃદય મુજ તે ખરી ચિંતા.

ભજનકીર્તન વિશે ત્યારે પૂરેપૂરો ડૂલી જઈને,
હૃદય પ્રગટેલ તે ભાવે **તને** મેં સાદ પાડ્યો છે.

હૃદયની યાદમાં જ્યારે હૃદયનો ભાવ પ્રગટે છે,
હૃદયની યાદ પ્રત્યક્ષ શી તે આકાર લેતી છે !

હરિઃૐ

## ભજનકીર્તન વિશે કેવું જીવનમાં મસ્ત રહેવાયું !

પ્રપંચો શા જીવન વિશે ખરેખર કારમા આવ્યા !
થયાં અસ્થિર મનાદિ શાં ! ડહોળાઈ જવાયું ત્યાં.

ડહોળાઈ જતાં ત્યારે બધું ઊંધું પડેલું છે,
તટસ્થ દિલ હોવાથી ખબર તેની પડેલી છે.

કૃપાથી તે સમય ઝડપે ઝપાટાથી ઉઠાયું છે,
ઊઠીને બેવડા જોશે પછી આગળ વધાયું છે.

કૃપા કેવી પ્રભુની કે બધું સૂઝવા જ લાગ્યું છે !
ગમે તેવા પ્રસંગે પણ જીવનનું ભાન ટપક્યું છે.

ભયંકર વેદના છો હો છતાં ના ભાન ચુકાયું,
ભજનકીર્તન વિશે કેવું જીવનમાં મસ્ત રહેવાયું !

હરિઃૐ

## ઊંડા અભ્યાસનો સાચો પ્રભાવ જ તે ખરેખર છે

જીવનને મૂઢતાથી મેં વહ્યા કેવું કરેલું જે !
જીવનને સમજવાકેરું હતું ના ભાન ત્યારે તે.

પડી છે કેટલી કેવી જીવનમાં અડચણો ભારે !
વિના દોષે બહુ લાગે જીવન ખાલી પડેલી છે.

કંઈક વેળા હૃદય તેથી ઘણું લાગી જ આવ્યું છે,
શું તેવા લાગવામાંથી લગન ભડકો થયેલો છે !

જીવનમાં તેથી અજવાળું કંઈક પડવા જ લાગ્યું છે,
ઊંડા અભ્યાસનો સાચો પ્રભાવ જ તે ખરેખર છે.

હરિ:ૐ

## પરિપક્વ થતાં નિશ્ચય, હરિસ્મરણે વળાયું છે !

જીવનમાં કામ, ક્રોધાદિક ઊછળી, ઊછળી, પ્રવાહે તે
-મને તાણ્યા કરીને શો કહીંનો કહીં જ ફેંક્યો છે !

છતાં ત્યાંયે તણાતાંમાં ઊંડો રસ દિલ ચાખ્યો છે,
મજાસુખ કંઈક માણીને ઊંડા ઘૂંટડા પીધેલા છે.

પછીથી ઓડકાર જ શા પ્રગટતા તે ગળે ત્યારે
-શું અપરંપાર દિલમાં શો પળે તે શોક લાગ્યો છે !

શું પશ્ચાત્તાપથી તેવા પથેથી પાછું વળવાનો
-પરિપક્વ થતાં નિશ્ચય, **હરિ**સ્મરણે વળાયું છે !

હરિઃૐ

## થયેલા દિલ નિશ્ચયથી થતું વર્તન ગયું જ્યાં છે

કુટેવ કેવી ડાફરિયાં જહીં તહીં મારવાની તે
-પડેલી, કાઢવા પાકું ખરે મુજ દિલ થયેલું છે.

**हरि**ની ભાવના વિશે જીવન તેવા પ્રકારે તે
-સતત બસ એકધારું જે હૃદય એકીટશે ત્યારે
જીવન વિતાવવાનું જે શું મક્કમ, દૃઢ, અડગ નિશ્ચય
-મરણિયો, દિલ અગ્નિની સમું પાકું વિચાર્યું છે.

થયેલા દિલ નિશ્ચયથી થતું વર્તન ગયું જ્યાં છે,
'જતું હોય પાકતું જીવન' હૃદય રણકાર વાગ્યો છે.

હરિઃૐ

# સ્વતંત્ર કોઈક શક્તિ છે, પ્રકૃતિથી વળી પર જે

જીવન જે **જીવદશા**કેરું બધી જ્યાં ચાલ જેની છે,
ન તેનુંયે કશું ચાલે પૂરેપૂરું જીવન વિશે.

સ્વતંત્ર લાગતો પૂરો જીવનમાં હોય તે પોતે,
છતાં ધાર્યા પ્રમાણેનું ન એનું કાંઈ ચાલે છે.

બહુ એવા અનુભવથી જીવનમાં તારવેલું કે
'સ્વતંત્ર કોઈક શક્તિ છે, પ્રકૃતિથી વળી પર જે.'

વિચારાતાં ઊંડું તેમ ઊંડે અંતરમાં ઊતરીને
-જણાયું કે **હરિ**શક્તિ સ્વતંત્ર મૂળ પોતે છે.

હરિઃૐ

# ભરોંસા પર હરિનાથી જીવન મારું બઢેલું છે

જૂનું જીવન ભૂંસી દેવા પૂરેપૂરો મથેલો જે,
છતાં સંપૂર્ણ જયવારો મળંતો ના, મથ્યો તોયે.

‘હૃદયની નેક દાનતથી પ્રમાણિકતા, વફાદારી
-થકી જે યત્ન કરતો છે, જરૂર તે ફાવવાનો છે.’

હૃદયનો આત્મવિશ્વાસ, હૃદય શ્રદ્ધા શી એવી જે !
હૃદય તે ઊગી નીકળેલાં, સતત તેથી મથાયું છે.

જીવનમાં માત્ર સથવારો **હરિ**નો એકલાનો છે,
ભરોંસા પર **હરિ**નાથી જીવન મારું બઢેલું છે.

હરિઃૐ

# જીવનમાં આજ કે કાલ જરૂર તે ફાવવાનો છે

નિરાશાનો સમય કેવો કદીક જીવનમાં આવ્યો છે,
'બૂડ્યા બારેય હો વાંસ', ખરે ત્યાં તેમ લાગ્યું છે.

છતાં હવાતિયાં ત્યારે કદી ના મારવાં ચૂક્યો,
છતાં તેવા પ્રયત્નોમાં કદી ના પ્રાણ ફૂંકાતો.

છતાં પણ તેટલું તેવું થતું રહેતું હતું કંઈ જે
-કર્યા કરવા વિશે લક્ષ પરોવવા મથેલો તે.

ગમે તેવું થતાં તોયે કદી જે લક્ષ્ય ચૂકે ના,
જીવનમાં **આજ** કે **કાલ** જરૂર તે ફાવવાનો છે.

હરિ:ૐ

## પરંતુ ભાવ સાચાએ ટકાવી પંથ રાખ્યો છે

નવી દિશા પરત્વેનું જીવનમંડાણ માંડીને
-સમજથી ડગ ધીરજથી મેં ધીરે ભરવા જ માંડ્યા છે.

લીધેલાં સાધનો તેને સતત વળગી રહી ખંતે,
સતત તેનું હૃદયમાં તો મનન ચિંતવન કરેલું છે.

કદીક શું આડફંટે ત્યાં ચઢી ભૂલથી જવાયું છે,
ફરીને આથડી પાછું કૃપાથી શું અવાયું છે !

લથડિયાં એવી રીતેથી બહુ વેળા જ ખાધાં છે,
પરંતુ ભાવ સાચાએ ટકાવી પંથ રાખ્યો છે.

હરિઃૐ

## થયું સળવળતું જીવન આ હવે વિચારતું થયું છે

રવાડે તો જીવન કેવું ચઢી મારું ગયેલું જે !
ન જેના પથનું ઠેકાણું કશું ક્યાંયે રહેલું છે.

શું સડસડાટ ધસમસતું ઝપાટે પૂર વહેતું તે !
અટકવાનું કશે એને કશાથી ના રહેલું છે.

શું ત્યારે આંચકો કિંતુ ભયંકર તીવ્ર લાગ્યો છે !
અને દિલ ધ્રાસકો તેથી ઊંડે કેવો પડેલો છે !

હૃદય તે આંચકાથી ને પડેલા ધ્રાસકાથી જે,
થયું સળવળતું જીવન **આ** હવે વિચારતું થયું છે.

હરિઃૐ

## ‘થવા બહાદુર, ધીરજ ધરવા’ હૃદય શિખવાડી દીધું છે

જીવનમાં કેટલું કેવું શું દેવાળું જ નીકળ્યું છે !
નીચી મૂડીથી શું ત્યારે નીરખવાનું જ આવ્યું છે !

શરમ, સંકોચનો પાર સમાતો તે સમય નહોતો,
ડૂબી મરવાતણો જુસ્સો ખરેખર દિલ પ્રગટ્યો'તો.

પરંતુ તે સમય મારો **हरि**એ હાથ પકડીને,
‘થવા બહાદુર, ધીરજ ધરવા’ હૃદય શિખવાડી દીધું છે.

ફરીથી તે પછી મેં તો જીવનમાં દાવ ફેંક્યા છે,
**हरि**સોબતથી જીવનને ઉગારાઈ શકાયું છે.

હરિઃૐ

# મરણિયા દિલ નિશ્ચયથી કરેલું વર્તવાનું જે

જીવનમાં કોઈ પણ રીતે જવું છે આરપાર જ તે,
મરણિયા દિલ નિશ્ચયથી કરેલું વર્તવાનું જે.

છતાં ઓચિંતું અણધાર્યું પથે રોકાણ આવ્યું છે,
જવા આગળ હૃદય ત્યારે કશી બુદ્ધિ ન ચાલી છે.

કર્યાં કરતો હતો સાધન કદી મૂકી ન દીધાં છે,
પરંતુ દિલમાં તેથી ન અજવાળું થતું કંઈ છે.

ભલે છો જે થતું હોય છતાં તે વેળ '**हरिने मैं**
-હૃદય ભજવો', મૂક્યો ના છે, ખરે તેથી સૂઝેલું છે.

હરિ:ૐ

## છતાં પણ પંથ લીધેલો કદી છૂટી શક્યો ના છે

વલણમાં નિમ્ન તે રીતના જીવન વહેતું હતું ત્યારે,
અનેકે જાતના કેવા શું આઘાતો થયેલા છે !

હું અથડાયો, કુટાયો છું, હું અફળાયો વળી શો કૈં !
છતાં પણ પંથ લીધેલો કદી છૂટી શક્યો ના છે.

લીધેલા પંથથી વળવા કદી તત્પર થયું દિલ ના,
પરંતુ ઊલટો ઊંડો ઊંડો તેમાં ડૂબેલો ત્યાં.

ભયંકર આંચકો ત્યારે શું ઓચિંતો જ લાગ્યો છે !
મને હચમચાવી નાખીને ઉછાળી દૂર ફેંક્યો છે.

હૃદય એમાંથી બચવાનું મને સાધન મળેલું છે,
પછી સાધનને નિશ્ચયથી વળગી પૂરું રહેલો જે.

હરિઃૐ

## ઉપર તરતો બધાંમાંથી પ્રયત્ને દિલ રખાવ્યો છે

ઊથલપાથલ બહુ વેળા જીવનમાં તો થયેલી છે,
છતાં તેમાંય રાચીને પૂરું મશગૂલ થવાયું છે.

સતત એવાય સુખ વિશે રહેલું દુઃખ નિરંતર છે,
જીવનમાં દુઃખ તેવાએ કૃપાથી શો જગાડ્યો છે !

પડેલા આંચકા કેવા ભયંકરમાં ભયંકર તે !
હૃદયમાં ધ્રાસકા લાગ્યા ખરેખર વજ્ર સમ ત્યારે.

જીવનમાં તે પળે મુજને સ્મરણભાવે તરાવીને,
ઉપર તરતો બધાંમાંથી પ્રયત્ને દિલ રખાવ્યો છે.

હરિઃૐ

## શી જાગી પળ હૃદય ત્યારે પૂરું ચેતાઈ જવાની ત્યાં !

તબક્કા શા જુદા જુદા જીવન વહેતા થયેલા જે !
શું પ્રત્યાઘાતી નીવડેલા, જીવનને ફેંદી માર્યું છે !

યથાયોગ્ય જીવનકેરી ગતાગમ કંઈ જ તે વેળા
-હૃદય જાગેલી નહોતી, હું ગમાર જ શો હતો પૂરો !

જીવનના તત્ત્વની સાચી, કશી સમજણ ઊગી નહોતી,
બધાં ખાલી જ ડાફરિયાં કર્યાં માર્યાં કહીં કહીંથી.

પરંતુ લાત વાગી જ્યાં થતાં ભૂકા જ છાતીના,
શી જાગી પળ હૃદય ત્યારે પૂરું ચેતાઈ જવાની ત્યાં !

હરિઃૐ

## કશું જ્યારે ન ચાલ્યું છે, કરી ત્યાં પ્રાર્થના દિલમાં

ભયંકર પૂરની સામે પ્રવાહે તો જવાનું છે,
બધી તરવાતણી કોશિશ પૂરી કરતો રહેલો જે.

છતાં શો કેટલીક વાર ડૂબેલો છું પૂરેપૂરો !
હૃદય ત્યારે શી તાણીને **હરિ**ને હાક પાડી છે.

હતો ડૂબતો છતાં ત્યારે શું માર્યાં બહુ જ તરફડિયાં !
કશું જ્યારે ન ચાલ્યું છે, કરી ત્યાં પ્રાર્થના દિલમાં.

સતત **હરિ**યાદ 'મુજ શક્તિ', 'જીવનના પ્રાણ' **હરિ**યાદ !
**હરિ**યાદે જ તારવી શો મૂકી દીધો ચરણ પાસ !

હરિઃૐ

## હરિનો સાથ હોવાથી બધે પોબાર પડિયા છે

પથે ત્યાં ચાલતાં મુજથી લથડિયાં શાં ખવાયાં છે !
પથે વચ્ચે કદીક કેવું કહીંક ગબડી પડાયું છે !

**હરિ**ની આંગળી પકડી પથે મુજ ચાલવાનો જે
-પરિશ્રમ આશ્રયે **હરિ**ને કૃપાથી શો થયેલો છે !

ભલે ગબડી પડાયું છે, છતાં ઊભો થઈ ફરીને,
સતત બસ ચાલવાકેરો પુરુષાર્થ જ કરેલો છે.

શું એકથી એક ચઢિયાતા પથે અવરોધ આવ્યા છે !
**હરિ**નો સાથ હોવાથી બધે પોબાર પડિયા છે.

હરિઃૐ

## ઊછળતા હર્ષઆંસુથી હરિપદને પખાળ્યા છે

જીવન મુજ શંભુમેળો શો બહુવિધથી થયેલું છે !
પરંતુ સ્મરણ અભ્યાસે મથનથી ભાન જાગ્યું છે.

જીવન મુજ ખીચડો કેવું ! યથાયોગ્ય બનવવાને
-પરિશ્રમ પ્રેમથી કેવો કૃપાએ લેવરાવ્યો છે !

કંઈક ખેદ, નિરુત્સાહ થતાં, કેવો મને **હરિ**એ
-કૃપાથી થાબડી પીઠ, સચેતન શો બનાવ્યો છે !

કંઈક વાર પડ્યો હેઠો, પરંતુ થઈ ફરી બેઠો,
ઊછળતા હર્ષઆંસુથી **હરિ**પદને પખાળ્યા છે.

હરિઃૐ

# સુધરવા ક્યાંથી શરૂઆત થવી, તે ના ખબર દિલ છે

જીવન બગડ્યું હતું તેની ખબર મુજને પડેલી છે,
સુધરવા ક્યાંથી શરૂઆત થવી, તે ના ખબર દિલ છે.

**हरि** તારા ફિરસ્તાએ સ્મરણ લેતો કરાવીને,
મને સૂઝ દિલ જગાડીને, પદે તુજ જોડવેલો છે.

સતત મથતા રહેવાથી. જ્યહીં મથવા વિશે દિલ છે,
પથે આગળ જવાકેરી શી હૈયાસૂઝ પ્રગટે છે !

ભયંકર જંગલોમાંથી મને હૈયાસૂઝે તો શો
-ભૂલો જ્યારે પડેલો ! ત્યાં કૃપાથી બહાર આણ્યો છે.

હરિઃૐ

# સમજવાને મળેલું તે રહસ્ય જે જીવનકેરું

શી છેતરપિંડી જીવનમાં બહુ રીતની થયેલી છે !
જીવન આ સુખ ને દુઃખમાં ઝપાટે વહી રહેલું તે.

સમય સંજોગનું એને કશું પણ ભાન ક્યાંયે ના,
જીવનમાં એકલો માત્ર જીવંતો સ્વાર્થ એને ત્યાં.

પરંતુ સ્વાર્થ ને સ્વાર્થતણા વહેણે વહેતો જે,
ખડક મોટો પથે વચ્ચે જતાં આવી, શું અટક્યો તે !

અટકવાનું જ ઓચિંતું થયું તેથી કરી દિલને
-શું લાગ્યો આંચકો ભારે ! વિચારાયું જ તેથી છે.

વિચારાતાં, વિચારાતાં ઊંડું અંતર વિશે ઊંડું,
સમજવાને મળેલું તે રહસ્ય જે જીવનકેરું.

હરિ:ૐ

## જીવન અસ્તિત્વનો હેતુ છતો દિલમાં થયેલો છે

'ઊંડું ઊતર્યા વિના પૂરું કશાનું હાર્દ કોઈ રીતે
-પમાતું ના કદી પણ તે', સમજમાં ઊતરેલું છે.

રહસ્ય તે જીવનકેરા પછીથી શોધવાનું તે
-થયા કેવું કરેલું છે ! પછી સદ્‌ભાગ્ય જાગ્યું તે.

જીવનના સાધનાભ્યાસે બઢંતો દિલ ગયેલો છે,
જીવન અસ્તિત્વનો હેતુ છતો દિલમાં થયેલો છે.

ખજાનો છેક નજદીક જ્યાં નજર આવી ચૂકેલો છે,
ઝડપવા દિલ આતુરતા પછી ઉત્કટ થયેલી છે.

પછી ઝાલ્યું ન રહેવાયે, ખજાનો નિજનો કરવા,
લઈ લૈ હાથ પછી એને ચહેલું યોગ્ય અનુભવવા.

હરિઃૐ

## નરમ, લૂલા અને કાચા પરે તૂટી પડે સૌ તે

લૂંટાલૂંટનો જગતમાં તો બધે વ્યાપાર ચાલે છે,
કશો આધાર જેને ના લૂંટાતો તે વધુ શું છે !

જગે કોઈની શી લાચારીતણો સૌ લાભ લઈ લે છે !
નરમ, લૂલા અને કાચા પરે તૂડી પડે સૌ તે.

ઢીલાપોચાતણું ચાલે કશું ત્યાં ના જીવનમાં તે,
પૂરું ચંપાયેલા તેણે પડે રહેવું વિવશ થઈને.

છતાં એવાંતણો વારો હવે બળવો જગવવાનો
-જરૂર આવી પહોંચ્યો છે, જણાતાં છે નિશાનો સૌ.

હરિઃૐ

# ન નાસી છૂટવાકેરી હવે બારી રહેલી છે

ચરેલો સાંઢ ચોમાસુ શું માતેલો બનેલો તે !
અરે ! સંસારમાં તેવો ખરેખર **જીવ આ** પોતે.

નર્યા સ્વચ્છંદમાં જ્યાં ત્યાં કરી રખડ્યા ચર્યા કરતો,
કર્યું ભેલાણ જ્યાં ત્યાંયે, ન કંઈ હિસાબ છે જેનો.

કદીક ઓચિંતી લાઠીના પડેલા માર ભારે છે,
પછી શી સાન આવી ગઈ ! ખીલે બંધાઈ રહેલો જે.

**હરિ**પદમાં હું નંથાઈ પછી પૂરો ગયેલો જે,
ન નાસી છૂટવાકેરી હવે બારી રહેલી છે.

હરિઃૐ

## મુસીબત, વિઘ્ન, મુશ્કેલી વિશે પણ ના ડગાયું છે

લડત મથવાની જીવનમાં કૃપાથી જે મળેલી છે,
હૃદય મશગૂલ તેમાં જે રહેવાયું હૃદયભાવે.

જીવનને શોધવાકેરો હૃદય રસ ઊમટેલો છે,
મુસીબત, વિઘ્ન, મુશ્કેલી વિશે પણ ના ડગાયું છે.

કદીક તેમાં છતાં કેવું પડાયું પાછું છે મુજથી !
નિરાશામાં કૃપાથી હું ગયો છું ના પડી દિલથી.

સતત મથતા જ રહેવાથી મથામણનું ખરેખર જે
-હૃદય કેવું મળેલું છે ! ખરું સદ્‌ભાગ્ય શ્રેષ્ઠ જ તે !

હરિઃૐ

## પ્રમાણિકતાથી મથતાની સદા મદદે તું ધાયો છે

જીવનમાં વેતરણ કેવી બહુ કરવી પડેલી છે !
કંઈક વેળા શું મારાથી નિરાશામાં પડાયું છે !

જીવનમાં કેટલીક વાર બળદ ગળિયો થવાયું છે,
કંઈક કરતાંય કેમેયે કશું ના થઈ જ શકતું છે.

પરંતુ તે સમે માથે દઈ, ના હાથ બેઠો છું,
હૃદયના આર્દ્ર ને આર્ત ઊંડા ભાવે સ્તવ્યા કર્યું શું !

'પ્રમાણિકતાથી મથતાની સદા મદદે તું ધાયો છે',
જીવંતો આત્મવિશ્વાસ અનુભવથી થયેલો તે.

હરિઃૐ

# અતીતની પ્રેમકક્ષામાં ગળી જઈ ધન્ય બનવું છે

ઊછળતા દિલ ઉમળકાથી ઊછળી ઊછળી, ચહી ચહીને,
અતીતની પ્રેમકક્ષામાં ગળી જઈ ધન્ય બનવું છે.

ઊછળતા સમુદ્રની છોળો સમો આહ્લાદ જીવનનો
-પળેપળનો જ મૌલિક જે હૃદય આનંદ જીવવો છે.

જીવનની સર્વ મર્યાદા થકી પણ જે અતીત છે તે,
ભૂમિકામાં જ અવતારી જીવનની પાર જીવવું છે.

શી ઉચ્ચમાં ઉચ્ચ ને દિવ્ય જીવનની કલ્પનાઓને
-ઉતારી વાસ્તવિકતામાં જીવન કૃતકૃત્ય કરવું છે !

હરિઃૐ

## કંઈ જ્યારે સૂઝ્યું નહોતું, તને પોકાર પાડ્યો છે

ભયંકર ગીચ ઝાડીમાં ભયંકર ઘોર અંધારું,
કંઈ જ્યારે સૂઝ્યું નહોતું, તને પોકાર પાડ્યો છે.

શી હમદર્દી **હરિ** મુજ પર કૃપાથી લાવીને ત્યારે
-પ્રકાશ, તેજ પ્રસરાવી, સીધા પથને સુઝાડ્યો છે !

છતાં પાછો કંઈક વેળા ભુલાવામાં પડેલો જે,
કહીં સુધી હું અથડાયો, ખબર તેની પડી ના છે.

પરંતુ **તું** કરુણાળુ ! શું મુજ પર પ્રેમ **તારો** છે !
શું ઝટપટ દોડી આવીને મદદ પ્રત્યક્ષ કીધી છે !

હરિઃૐ

## સતત વળગી રહેવામાં મહેનત આકરી થઈ શી !

પ્રસંગો જે મળેલા છે જીવનનો ધર્મ તે સહુનો
-પૂરેપૂરો જ આચરવા પ્રયત્ન મેં કરેલો શો !

પ્રમાણિકતા, વફાદારી, હૃદયની એકનિષ્ઠાથી
-સતત વળગી રહેવામાં મહેનત આકરી થઈ શી !

જીવનવિકાસ સાધનને હૃદયથી ઝોડની પેઠે
-હું સજ્જડ ચોંટી ચોંટીને હૃદય મંડ્યો રહેલો જે.

હૃદયની ભાવનાથી જે જીવનનો યજ્ઞ માંડ્યો છે,
સતત બસ આહુતિ તેમાં અપાયાં તો કરાઈ છે.

હરિઃૐ

# મળ્યું જે જે હૃદય તેનો અમે હેતુ પિછાણ્યો છે

જીવનનાં સર્વ પાસાંઓ મળેલાં જે જીવનમાં છે,
બધાં તે તે-નો જે ધર્મ અમે પ્રેમે સ્વીકાર્યો છે.

બધાં તે તે જ પાસાંનો પ્રસંગે ધર્મ જે જે છે,
જીવનમાં જવાબદારી તે સ્વીકારી દિલથી પાળ્યો છે.

છટકબારી કશા વિશે કશાકેરી ન જાણી છે,
મળ્યું જે જે હૃદય તેનો અમે હેતુ પિછાણ્યો છે.

અને તે હેતુને ફળવા હૃદય પ્રેરાઈ તે ભાવે
-જીવન તેવા જ અભ્યાસે ચરણભક્તિથી વીતવ્યું છે.*

---

* શ્રી સી. ડી. શાહ સાહેબના જન્મદિવસે.

હરિ:ૐ

## બધે જેમાં અને તેમાં રહે પૂછવાનું સૌ एने

જીવનમાં જંગલો વિશે ન પગદંડી કહીં પણ છે,
જીવનમાં આવિયું મારે જવાનું તે વિશે થઈને.

શરૂઆત જ કરી દીધી પ્રવેશી હું ચૂકેલો જે,
હવે આગળ જવાકેરી ન પગથી ક્યાંય સૂઝે છે.

સૂરજનું એક પણ કિરણ પ્રવેશી જ્યાં શકે છે ના,
પછીથી પ્રકાશની વાત રહે કરવાની ક્યાંથી ત્યાં ?

કર્યો ચાલ્યા હું અડસટ્ટે, ન કોઈ ક્યાંય મળતું છે,
હૃદય અણસારથી જ્યાં ત્યાં જવાનું એકલાએ છે.

મળ્યો સથવાર ત્યાં કેવો **हरि**ના નામનો મુજને !
બધે જેમાં અને તેમાં રહે પૂછવાનું સૌ **एने.**

હરિઃૐ

# हरिनी शक्ति प्रत्यक्ष पुरावारूप परिणामे

શરીર જ્યારે પૂરેપૂરું બધું બગડેલ છે ત્યારે,
મને આધાર સંપૂર્ણ કૃપાથી માત્ર **तारो** છે.

ભયંકર વેદના વિશે સહારો તુજ મળેલો જે,
**हरि**ની શક્તિ પ્રત્યક્ષ પુરાવારૂપ પરિણામે.

ટકોરાબંધ એવા તે અનુભવથી જીવન વિશે
-થઈને સાબદો હૃદયે હવે મુજથી જિવાતું છે.

શરીર બરદાસ કરવાને કૃપાથી પ્રેમથી કેવાં
-મને બક્ષિસમાં યોગ્ય સ્વજન તેં સોંપી દીધેલાં !

હરિઃૐ

## હરિની શક્તિ અદ્‌ભુત ટટારીથી જિવાડે છે

શરીરને રોગની કેવી ભયંકર વેદના છે જે !
જરી વળવા ન કળ દે છે, કશો ના જંપ તેથી છે.

અજંપો તે છતાં ના છે, અચંબાની જીવનની તે
-ખરેખરની શી પ્રત્યક્ષ ચમત્કારિક હકીકત છે !

ભયંકર વેદનામાંયે ખબરદારી રખાવે છે,
**હરિ**ની શક્તિ અદ્‌ભુત ટટારીથી જિવાડે છે.

અમારે **શ્રીહરિ** સાથે જીવનની ગોઠડી થઈ છે,
હવે ના કોઈ રીતે કૈં પડી શકવાની છૂટી તે.

હરિઃૐ

## કશાની ક્યાંય જીવનમાં હવે ના ખોટ કંઈ રહી છે

**हरि** તુજ ઓલિયાએ શો ચમત્કાર કરેલો કે
-બની પણ ના શકે કદી જે કરી એવું બતાવ્યું છે !

પડે ત્યાં માનવું મતિને, ન બુદ્ધિનો જ છૂટકો છે,
છતાં દિલ લાગવી ભક્તિ હકીકત શી જુદી છે તે !

**हरि**ના સ્મરણ પર **एणे** મને પ્રેમે ચઢાવીને,
સતત અભ્યાસ જીવંતા પરે દિલને લગાડ્યું છે.

કદીક અટકી પડાતામાં હુકમચાબુક લગાવ્યો છે,
સીધો જ્યારે ન ચાલ્યો છું ધીરજ કેવી ધરેલી છે !

સહિષ્ણુતા શી નીરખી તે હૃદય ગદ્ગદ થયેલું છે !
જીવન **एणे** મઠારીને મને પુરુષાર્થને ઝોલે

-ચઢાવીને ઉછાળ્યો છે ગગનની પાર **हरि**ખોળે,
કશાની ક્યાંય જીવનમાં હવે ના ખોટ કંઈ રહી છે.

હરિઃૐ

## જીવનના કંઈ વિરોધોમાં સરળતા શી સહજ પ્રગટે !

**હરિ**ની બાદશાહીમાં લીલાલહેર જીવનની છે,
કશી નવ દબદબામાં તો કમીના કોઈ પ્રકારે છે.

બધી દેખીતી અગવડમાં સરળતા પણ થતી રહે છે,
જીવનના કંઈ વિરોધોમાં સરળતા શી સહજ પ્રગટે !

વિરોધી સાવ સંજોગો ભલે પ્રગટેલ જીવન છે,
છતાં ત્યારે બધી સગવડ મળ્યાં કેવી કરે છે જે !

જીવનની સર્વ સંભાળ ઊલટ દિશા ભલેને હો,
**હરિ**ની સભાનતા ત્યારે શી સન્મુખ મોખરે રહે છે !

હરિઃૐ

## ચમત્કારિક અદ્‌ભુત જે હરિશક્તિ પિછાણી છે

હજારો હાથવાળો જે ધણી ગર્જંત માથે છે,
બધી દેખભાળ, સંભાળ શું મુજ લેતો રહે છે તે !

ન છે આ કાલ્પનિક વાતો, જીવન પ્રત્યક્ષ બનતું તે,
જીવનના સૌ પ્રસંગોમાં **હરિ** શો મોખરે રહે છે !

જીવનમાં કંઈક લાખોનાં ફળેલાં કર્મ કેવાં તે !
**હરિ**ની શક્તિ વિના તે થવાં દુર્લભ ખરેખર છે.

થવા **હરિ**ને શરણ ભાવે શું સાધન સર્વ સેવ્યાં છે !
ચમત્કારિક અદ્‌ભુત જે **હરિ**શક્તિ પિછાણી છે.

હરિઃૐ

# હરિના કંઈક હાથોથી બન્યા જે તે કરે શું તે !

કશું કાંઈ ન કરતો હું, છતાં કર્મ થતું રહે છે,
**હરિ**ના કંઈક હાથોથી બન્યા જે તે કરે શું તે !

અનેકે હાથથી કર્મ જીવન લેવાયેલું જે છે,
ફળંતું જાય કેવું તે જીવન પ્રત્યક્ષ જોયું છે !

જીવનમાં જેમને કદી પણ ન જોયા કે ન જાણ્યા છે,
બધા એવાતણા હાથે નિપેટાયેલ કર્મો છે.

પ્રયોગાત્મક રીતે મારા જીવનમાં તે હકીકત છે,
**હરિ** પ્રત્યક્ષ ગર્જંતો શું તેથી શિર મારે છે !*

* શ્રી સી. ડી. શાહ સાહેબને ઘેર તેમના જન્મદિવસે રોટલા ખાવાના નિમંત્રણને દિવસે.

હરિઃૐ

## हरि જેમાં પ્રવેશે છે બધું તે તે મધુરું છે

સતત બસ વેદના વિશે સહ્યા કરવાનું આવ્યું છે,
**हरि**નો ભાવ તેમાં છે કૃપાથી તો જિવાતું છે.

સતત બસ વેદના હોવા છતાં જીવવું મધુરું છે,
**हरि** જેમાં પ્રવેશે છે *બધું તે તે મધુરું છે.

સહેવાની ભૂમિકાથી અતીત **આ** વેદના શી છે !
છતાં સહેવાય છે એ તો કૃપા શી વ્યક્ત **हरि**ની છે !

**हरि**ની શક્તિ પ્રત્યક્ષ વિના હોયા પૂરી પોતે,
સહેવી શક્ય ના છે જે અસહ્ય વેદના **આ** જે.

---

* મધુરું થાય છે તે તે.

હરિઃૐ

# કથા એવી નિરાળી તે રસિક જીવનની અદ્‌ભુત છે

સ્મરણનો સરળ અભ્યાસ હૃદય સેવાયેલો જે છે
-ઊંડા સદ્‌ભાવથી, દીર્ઘ સમય પર્યંત શો નિત્યે !

સતત અભ્યાસમાંથી તે મનન ચિંતવનતણી ઊંડી
-જીવનમાં એકધારી શી જીવંતી ધારણા ટપકી !

નિરંતર ધારણામાંથી **હરિ**ની સભાનતા નીતરે,
**હરિ**ની સભાનતા જ્યાં છે તહીં ખુલ્લો પ્રકાશ જ છે.

જીવનની વાસ્તવિકતામાં **હરિ**નો ભાવ અવતરીને,
જીવનને નવજીવન, મૌલિક, રસિક મઘમઘતું બનવે છે.

**હરિ**ની સભાનતાવાળું જીવન તે માત્ર રસ, રસ છે,
કથા એવી નિરાળી તે રસિક જીવનની અદ્‌ભુત છે.

હરિઃૐ

## હરિની બોલબાલાની જીવનમાં બાદશાહી છે

**હરિ**ની ભાવનામાં જ્યાં નિરંતરતા પ્રગટતી છે,
જીવનમાં ભાવનો ન્યારો બધો સંસાર જુદો છે.

જીવનમાં ભાવ ઊછળતો ટકોરાબંધ રણકે છે,
બધો ટંકાર શો અદ્‌ભુત જીવન તેવાતણો દિલ છે.

ખુમારી, ખુશબોયુક્ત જીવન રસથી ભરેલું છે.
જીવનમાં ભાવની દુનિયા પદામૃતથી રસીલી છે.

**હરિ**માં સાવ સંપૂર્ણ શું તરબોળ મનાદિ છે !
**હરિ**ની ભક્તિ લાગંતાં શું તલસાતાં નયન, મન છે !

**હરિ**ની ભક્તિથી દિલમાં જીવંતી સભાનતા શી છે !
**હરિ**ની બોલબાલાની જીવનમાં બાદશાહી છે.*

* તા. ૬-૧-૧૯૭૪ના રોજ નરોડામાં દમનો ભારે હુમલો થયો ત્યારે બોલાયેલું.

હરિઃૐ

# હરિના ભાવનું પૂર્ણ ખરું સાકાર દર્શન તે

જીવનની જવાબદારીને પ્રભુપ્રીત્યર્થે સમજીને,
પૂરેપૂરી અદા કરવા જીવનનો ધર્મ માન્યો છે.

અદા કરતાં, અદા કરતાં, હૃદયની ભાવનાનો જે,
પૂરો ઉપયોગ કરતાંમાં, બઢેલો ભાવ **હરિ**નો છે.

બઢંતાં ભાવ સંપૂર્ણ નિરંતરનો થતાં હૃદયે,
**હરિ**ના ભાવનું પૂર્ણ ખરું સાકાર દર્શન તે.


**હરિ**નો ભાવ પ્રસરે છે ઊંડે ઊંડે, હજી ઊંડે,
બધા આધારમાંથીયે કહીંનો કહીં પ્રસરતો છે.*

* શ્રી ઍચ. ઍન. શાહ 'સ્મિતમ્' આંબાવાડીના ઘરે તા.૯-૧-૧૯૭૪ની રાત્રે ૧૨-૩૦ વાગ્યે બોલાયેલું.

હરિ:ૐ

## ખંડ - ૨

# શ્રેયાર્થીની સાધના



અનંતાનંત આ માર્ગ અટકવાનું ન ક્યાંયે છે,
હરિના તત્ત્વની લીલા-થતાં હરિનો-જણાયે છે.

હરિઃૐ

# જીવન શ્રેયાર્થીની એવી જીવનની વર્તણૂક શી છે !

જીવનમાં કંઈક ગફલત શી ભૂલેચૂકે થયેલી જે !
થઈ બેફામ ત્યાં કેવો ભૂલ્યો નિજ કર્મને ત્યારે !

થવાતાં બેવફાદાર મળેલાં કર્મને માટે,
જીવનનો યજ્ઞ શી રીતે પછીથી ચાલવાનો છે ?

જીવનનો શ્રેયસાધક જે ચકોર, દક્ષ સૌ રીતે
–બધી રીતે પૂરેપૂરો કૃપાથી હોય છે પોતે.

નિરાડંબર બધી રીતે જીવનમાં વર્તતો તે છે,
કશો અભિમાનનો છાંટો ન તેના વર્તને પણ છે.

જીવનની સાધનામાં જ્યાં શી નરદમ નમ્રતા ત્યાં છે !
છતાં તે નમ્રતા ઘેટાં સમી સરખી ન ક્યાંયે છે.

બધી રીતે શું કોમળ તે ! છતાં શો વજ્ર જેવો છે !
જીવન શ્રેયાર્થીની એવી જીવનની વર્તણૂક શી છે !

હરિઃૐ

## ખડા પગથી અમે કેવા સદા તત્પર રહેલા જે !

લીધેલાં કર્મને પૂરાં જીવન આટોપવા વિશે,
ખડા પગથી અમે કેવા સદા તત્પર રહેલા જે !

કદીક ઉત્સાહમાં ખામી જણાતાં, એકદમ કેવા
-અમે જાગી ઊઠી ત્યારે ફરી મંડી પડેલા ત્યાં !

જીવનમાં માત્ર સથવારો કૃપાથી જે મળેલો છે
-**હરિ**નો દિલમાં અમને, જીવનનું જોર સાચું તે.

સતત મથતાં, સતત મથતાં, સતત અભ્યાસને લીધે,
પરોવાયાથી પદલક્ષ, શું ત્યાં સગપણ થયેલું છે !

હરિઃૐ

## જીવનમાં કેટલીક વાર શું ખાડામાં પડાયું છે !

જીવનમાં કેટલીક વાર શું ખાડામાં પડાયું છે !
બહુ બુમરાણ પાડીને ગજાવી મેં મૂકેલું છે.

મદદમાં આવવા મારી હૃદયથી હાક પાડી છે,
છતાં કોઈ ન આવ્યું છે, ન મારાથી ફવાયું છે.

કરી છે ગડમથલ ત્યારે અનેકે વિધ ભારે શી !
છતાં કારી ન ફાવી છે, વ્યથા શી તે મથામણની !

નિરાશા દેખીતી રીતે જીવનમાં વ્યાપ્ત ભાળી છે,
છતાં પુરુષાર્થમાં વળગી રહેવાથી ફવાયું છે.

હરિઃૐ

# હૃદય તેમાંથી સમજણની શી શિક્ષા દિલ જાગી છે !

જીવનમાં ચાલતાં ફરતાં સતત બસ એકનો એક જ,
જીવનધંધો સ્વીકારીને શું લલકાર્યા કરેલો છે !

ઊંચોનીચો બહુ વેળા થયા કરવાનું આવ્યું છે,
કહીં કહીંનું જ અથડાવાપણું જીવનમાં પ્રગટ્યું છે.

કદીક પથ હાથપગ તૂટતાં, હૃદય શી વેદના થઈ છે !
હૃદય તેમાંથી સમજણની શી શિક્ષા દિલ જાગી છે !

જીવન જીવવા વિશે રસ શો જીવનની ભૂખ લાગ્યાથી
-અનેરો તો પડેલો છે ! કમાવાનું થયું તેથી.

હરિઃૐ

## અમે મર્દાનગીને શો હૃદયપાનો ચઢાવ્યો છે !

જીવનમાં જોખમો, સાહસ પડેલાં ખેલવાં મારે,
અમે મર્દાનગીને શો હૃદયપાનો ચઢાવ્યો છે !

બધા છક્કા છૂટી જાયે જીવનમાં ભલભલાનેયે,
અમોને પ્રેરવી ત્યાં ત્યાં ખરા શા કેળવેલા છે !

અમેયે શો હુકમ **તારો** ઉમળકાથી બજવવાને
-પૂરા તત્પર હતા ત્યારે, બલિહારી કૃપાની તે.

ગજું ઝાઝું અમારું તો કશું એવા વિશે ના છે,
સમર્થ કિંતુ ગર્જંતો શિરે, તેથી થયું જે તે.

હરિઃૐ

## અનુપમ શક્તિના બળના શું ટેકાથી નભાયું છે !

જીવનમાં ભાંજગડ કેવી બહુ ભારે જ આવીને
-વિચારોનાં વમળમાં શો મને વહેતો તણાવ્યો છે !

પરંતુ કંઈક તરવાનું કૃપાથી થોડું જાણ્યું જે,
હવે તે કામમાં આવી ખરું લાગી ગયું ખપ તે.

બહુ મુસીબત થકી જેમ અને તેમ કરી કરીને
-ઉભય તે બાવડાંકેરું બહુ બળ વાપરેલું છે.

પરંતુ અંત સરવાળે **હરિનું** એકલાનું તે
-અનુપમ શક્તિના બળના શું ટેકાથી નભાયું છે !

હરિઃૐ

## નવેસરથી જીવનનો શો નવો આરંભ માંડ્યો છે !

જીવનમાં ધરતીકંપો શા જબરજસ્ત થયેલા છે !
બધું ફેંકાઈ દેવાતાં વ્યવસ્થા સર્વ તૂટી છે.

ચણેલું જે હતું તે તો તૂટી પૂરું ગયેલું છે,
બધું તે દેખ્યું પ્રત્યક્ષ ચૂરા કેવા થયેલા છે !

થયેલો નાશ સંપૂર્ણ નયન સામે જ નીરખીને,
નકામાં સારવાં આંસુ ભૂલેચૂકે કર્યું ના છે.

હૃદયથી હામ ભીડીને, ફરી બેઠો થઈ જઈને,
નવેસરથી જીવનનો શો નવો આરંભ માંડ્યો છે !

હરિઃૐ

## હરાયું છે કદીક, કેમે ન શિર તોયે નમાવ્યું છે

શું સંરક્ષણ થવા કાજે થઈ શી કિલ્લેબંધી છે !
પૂરેપૂરો વળી પાકો શું બંદોબસ્ત કીધો છે !

બધી પ્રત્યેક ચોકીએ પહેરેગીર મૂકેલા છે,
નજર એકીટશે ચોક્કસ શી ચારેકોર રાખી છે !

પડેલાં ગાબડાં એને દુરસ્તી તો કરાવી છે,
વ્યવસ્થા સર્વ રક્ષણની શી જડબેસલાક પાકી છે !

ભયંકર શત્રુના હુમલા બહુ વેળા થયેલા છે,
હરાયું છે કદીક, કેમે ન શિર તોયે નમાવ્યું છે.

હરિઃૐ

## ઊંડા તે આર્તપોકારે હરિ મદદે શું ધાયો છે !

કળણ કેવાં જીવનમાં તો ભયંકર ઑર આવ્યાં છે !
ગરક તેમાં થઈ જાતાં **हरि**એ શો બચાવ્યો છે !

ગજું ત્યાં **जीवदशा**વાળાતણું ચાલે જરા ના તે,
કશી કારીગરી ત્યાં તો મથામણની ન ચાલે છે.

**हरि**નો આશરો માત્ર ઊગરવા ત્યાં રહેલો છે,
હૃદય સદ્‌ભાગ્યથી એવી ખબર ત્યારે પડેલી છે.

**हरि**ને કરગરી ભાવે થઈ શી પ્રાર્થના ત્યારે
-ઊંડા તે આર્તપોકારે **हरि** મદદે શું ધાયો છે !

હરિઃૐ

## શું જોડાજોડ સૌ સાથે સતત જોડાયેલું છે તે !

જીવનના રંગ ને ઢંગ, જુદી જુદી ભૂમિકાના,
જુદા જુદા જ નીરખ્યા છે, જીવનમાં બહુ રીતે શા તે !

જીવનમાં કંઈ કશું પોતે કદી ના એકલું છે તે,
શું જોડાજોડ સૌ સાથે સતત જોડાયેલું છે તે !

અસર જે તેતણી કેવી ઊંડી પડતી રહે છે જે !
બધાં પરિણામ તેનાં તો બહુ કાળે જણાયે છે.

સતત તેથી **हरि तारां** ભજનકીર્તન ઊંડા સ્મરણે,
પરોવાઈ રહી પ્રેમે **हरि**માં ચિત્ત પ્રોયું છે.

હરિ:ૐ

## થયા રક્ષણ કરે અદ્‌ભુત ચમત્કારિક શક્તિએ

જીવનમાં કેટલા મોટા મહાબળિયાની સંગાથે,
શું પાનાં મુજ પડેલાં છે ! છતાં ત્યાં એકલો બસ છું.

નથી અભિમાનના શબ્દો, પરંતુ વાસ્તવિકતાથી
-હૃદયના આત્મબળ જોશે વદેલી છે જ તે વાણી.

ગમે તેવી ભલેને હો પ્રકૃતિ મસ્ત બળવાન,
પરંતુ આત્મબળ તેથી વધુ ચઢિયાતું બળવાન.

**हरि**બળના જ આધારે નભ્યા જીવન કરે છે જે,
થયા રક્ષણ કરે અદ્‌ભુત ચમત્કારિક શક્તિએ.

હરિઃૐ

## **હરિનો આશરો જે લે, હરિ તેને ઉગારે છે**

શી આંટીઘૂંટી જીવનમાં બહુ વેળા જ પ્રગટી છે !
પછાડી દઈ મને ત્યારે ઊંધો પાડી જ દીધો છે.

શરીર છોલાયું છે કેવું ! ટસર તરી લોહીની શી તે !
છતાં એવી દશામાંયે સ્મરણ લલકાર્યું દિલથી છે.

પથે ભાંગી પડાતું જ્યાં, ખરી આપત્તિ વેળાએ,
**હરિ**નો આશરો જે લે, **હરિ** તેને ઉગારે છે.

સતત બસ એકધારું જ્યાં હૃદય એકીટશે **હરિ**નું
-સ્મરણ રંગીલું ઊગે જ્યાં, બધા પોબાર પડતા છે.

હરિઃૐ

## પ્રવેશાવા જીવન વિશે હરિએ હાક પાડી છે

જુદી જુદી રીતે નાચ્યો જીવનમાં મૂર્ખ થઈને શો !
છતાં મૂર્ખામી એવીનું કશું ના ભાન જાગ્યું'તું.

પરંતુ માથું કુટાયું તહીં જ્યાં ભીંતની સામે,
જતાં આવી બહુ તમ્મર, **હરિ** શો યાદ આવ્યો છે !

જીવનની કપરી વેળાએ સ્મરણ લેતો કરાવીને,
પ્રવેશાવા જીવન વિશે **હરિ**એ હાક પાડી છે.

સતત અભ્યાસને લીધે ભૂમિકા શી થયેલી છે !
**હરિ**ની ભાવના તેથી પ્રવેશી દિલ ગયેલી છે.

હરિઃૐ

# ખરે તેવા જ બડભાગી જીવન આગળ ધપે છે તે

ગમે તેમ વર્તવાથી તો શું આડો દાટ વાળ્યો છે !
તણાયા ત્યાં જવાઈને નરમઘેંસ થવાયું છે.

પથે પગ, હાથમાં જોર કશું ત્યારે રહ્યું ના છે,
પછી/પથે હલાવવા એને કઈ રીત ગમ પડી ના છે.

પથે વધવાતણી જેને હૃદયમાં આગ લાગે છે,
ખરે તેવા જ બડભાગી જીવન આગળ ધપે છે તે./જીવનપંથે ધપે છે તે.

સતત ચાલ્યા જ કરવાનું જીવન શ્રેયાર્થીને તો છે,
શું આંખો મીંચીને તેથી પથે દોડ્યા કરેલું છે !

હરિઃૐ

## પડે સમજણ જીવનની તો અનુભવી એકલાને તે

જીવનમાં એમની એમ કદી ચાનક ચઢે છે ના,
સતત અભ્યાસની લતથી શું વ્યાપે તેજ જીવનમાં !

સતત અભ્યાસને લીધે થવાતાં દિલ એકાગ્ર,
હૃદય પાનો ચઢે પોરસ થતું દિલ થાય કેંદ્રિત.

લઢણ બસ એકની એક જ વિશે ચિત્તને દઢાવતાં,
ખરેખર મસ્ત અનુરાગ પ્રગટતો ઑર શો દિલમાં !

જીવન જીવવાની મસ્તીની શી લિજ્જત ઑર ત્યારે છે !
પડે સમજણ જીવનની તો અનુભવી એકલાને તે.

હરિઃૐ

## અસર મંદી થવા ઓછી, તરત ચેતી જવાયું તો

જીવનમાં આળપંપાળ બહુવિધ કેવી કેવી છે !
ઊંચે નાનું, નીચે મોટું, શી ઉતરડ જીવનની તે !

જુદી જુદી જ મુશ્કેલી વિશે જીવવાનું આવ્યું છે,
શું ભંગાણ જીવનયજ્ઞે થયું પડવાનું તેથી તે.

સતત અભ્યાસથી અંતર **હરિ**ભાવ પ્રવર્તેલો,
અસર મંદી થવા ઓછી, તરત ચેતી જવાયું તો.

જતાં વ્યાપારમાં ખોટ બને વિચારવાનું તે,
જીવનમાં તેમ પણ તેવું બધે વ્યવહાર સરખો છે.

હરિઃૐ

## દૃઢવવા મોખરે નિત્યે હૃદય રસ દાખવેલો છે

જુદી જુદી રીતે કેવાં બખડજંતર જીવનમાં જે
-કદીક પ્રગટી, મને ભારે મૂંઝાવી દિલ નાખ્યો છે !

બધાં તેનાં ઊંડાં કારણ ઊંડા ઊતરી તપાસીને,
થવા તેનાથી તો મુક્ત કૃપાથી તો મથાયું છે.

પરંતુ તેના કરતાંયે '**हरि**ની ભક્તિ પર હૃદયે
-પૂરું ત્યાં જોશ પ્રેરાવા', ખરું ત્યાં લક્ષ આપ્યું છે.

**हरि**ની યાદગીરી તે સતત દિલ જીવતી ધરવા,
દૃઢવવા મોખરે નિત્યે હૃદય રસ દાખવેલો છે.

હરિઃૐ

## ઊંડું જેમ ઊતરાયું જ્યાં જીવંતો ભાવ મહોર્યો છે

જુદી જુદી પરિસ્થિતિ વિશે પણ ભાવ જુદો છે,
બધાં વિશે બધાં પ્રત્યે ન તે કંઈ એકસરખો છે.

ધીમે ધીમે જીવનપથનાં લીધેલાં સાધનો વિશે,
ઊંડું જેમ ઊતરાયું જ્યાં જીવંતો ભાવ મહોર્યો છે.

નિરંતરનો થતાં ભાવ પછી તે ગાઢતા વિશે
-થતાં સંપૂર્ણ પરિપક્વ, પછી શો એકસરખો તે !

ગમે તેવા જીવનમાં હો પછી સંજોગ ભૂંડાયે,
છતાં પણ ભાવ શો ત્યારે વહે છે એકસરખો તે !

હરિઃૐ

# જીવનમાં તે પૂરેપૂરું અમલ મૂકવા મથાયું છે

જીવનનો ટેક એક જ છે, જીવનની નેમ એક જ છે,
જીવનનું લક્ષ્ય એક જ છે, જીવનનું ધ્યાન એક જ છે.

જીવનનું કેંદ્રબિંદુ તો **હરિ**ભાવ પરત્વે છે,
બધી પ્રવૃત્તિ જીવનની ખરે તે રીત ચાલે છે.

જીવનમાં ભાવ કેળવવા પરત્વે લક્ષ પ્રેરીને,
સતત બસ એ જ પ્રવૃત્તિ શી એકની એક ચાલે છે !

'**હરિ**ના ભાવ વિનાનું અજીઠું સર્વ લાગે છે',
જીવનમાં તે પૂરેપૂરું અમલ મૂકવા મથાયું છે.

હરિ:ૐ

# हरि અસ્તિત્વ તારાની નિશાની વ્યક્ત મોજૂદ તે

તને દિલ યાદ કરવાની હવે ઝંઝટ કશી ના છે,
તને સંભારવાનોયે, કશો શ્રમ દિલ રહ્યો ના છે.

પડે બોલાવવો **તુજને** જરૂર એવી ઊડી ગઈ છે,
બધો એવો જ તે કાળ ગયો કે વેળનો વહી તે !

હવે આધારમાં જ્યાં ત્યાં બધે સામ્રાજ્ય **તારું** છે,
ટકોરાબંધ જીવંતું ખરેખર ચેતનાત્મક તે.

બધી સંભાળ, વ્યવહાર બધી મુજ દેખભાળ જ જે,
જરૂરિયાતો જીવનની સૌ, હવે પૂરી જ પડતી છે.

દિલાસો તે હવે ખાલી દિલાસો ના રહેલો છે,
**हरि** અસ્તિત્વ **તારાની** નિશાની વ્યક્ત મોજૂદ તે.

હરિઃૐ

# **हरि**ના જોરથી કેવા અમે બળવંત જીવનમાં !

**हरि** વિનાનું કોઈ પણ અમારું ક્યાંય ના કર્મ,
પ્રભુપ્રીત્યર્થ જે તે સૌ બધો સંસાર વ્યવહાર.

**हरि** શો એકલો માત્ર ખરો ટેકો અમારો છે !
**हरि** લીધે જ સંસારે અમે શા જીવતા છીએ !

**हरि** આધાર સંપૂર્ણ બધે જેમાં અને તેમાં,
**हरि**ના જોરથી કેવા અમે બળવંત જીવનમાં !

જીવનમાં આશરો મોટો **हरि**નો માત્ર અમને છે,
ખમીર, ખુમારીથી તેથી ઊંચું શિર રાખીને જીવીએ.

કશી ના જવાબદારી છે, પૂરેપૂરી **हरि**ની છે,
**हरि** અમ પીઠ થાબડીને જીવન અમને જિવાડે છે.

હરિઃૐ

## જીવનના રંગ પણ જુદા જુદા કેવા અનેરા છે !

જીવનના રંગની વાતો બહુવિધ સાંભળેલી છે,
જીવનના રંગ પણ જુદા જુદા કેવા અનેરા છે !

બધા તે રંગના કરતાં હૃદયગૂઢ રંગ **હરિ**નો જે,
કૃપાથી દિલમાં અમને પસંદ જ શો પડેલો છે !

જીવન તે રંગથી પૂર્ણ શું રંગાવા ચહેલું છે !
અને તે માટના યત્નો કૃપાથી સૌ થયેલા છે.

જીવનમાં હેતુપૂર્વક જ્યાં થયેલા દિલ એકાગ્રે
-થતા રહેતા પ્રયત્નોમાં, પછી રસ શો પડેલો છે !

હરિઃૐ

# હરિના તત્ત્વની લીલા-થતાં હરિનો-જણાયે છે

જીવનનો તત્ત્વચિંતક જે જૂનું જે કંઈ મળેલું છે,
સ્વીકારી તે થકી નૂતન જીવન જે સંપડાવે છે.

જૂનાને અવગણે ના તે, છતાં સંપૂર્ણ સત્ ના તે
-પૂરું તે દિલ સમજીને નૂતન તેમાંથી શોધે છે.

કશું ના છોડવાનું છે, પરંતુ તે પરત્વેનાં
-મમત્વ, ઝોક સઘળાંયે મૂકીને ચાલવાનું ત્યાં.

અનંતાનંત **આ** માર્ગ અટકવાનું ન ક્યાંયે છે,
**હરિ**ના તત્ત્વની લીલા-થતાં **હરિ**નો - જણાયે છે.

બધું છાનું જ જંબૂરો શું જાદુગરનું જાણી લે,
**હરિ**ના ભક્ત કે જ્ઞાની બધું તે તેમ જાણે છે.*

---

* શ્રી સી. ડી. શાહ સાહેબના જન્મદિવસે.

હરિઃૐ

## વિના દિલનું બધું કાચું, ભલે અમૃત મળ્યું છોને !

શું વારંવાર **હરિ** મુજને હૃદયથી વહાલ કીધું છે !
છતાં હું મૂર્ખ કેવો કે બધું ભૂલી ગયો શું તે !

વળી પાછો હું ખરડાયો, શું ધોયો તેં મને પાછો !
કંઈક વેળા તને એવો બહુ જ શ્રમ દિલ આપ્યો છે.

અમારે દિલની વાત **હરિ** તુજ સાથ નિત્યે છે,
વિના દિલનું બધું કાચું, ભલે અમૃત મળ્યું છોને !

મળે ભંડાર લક્ષ્મીના છતાં જો દિલ ન તેમાં છે,
અમારે ભસ્મ સરખી તે, ન ખપની કંઈ લગારે છે.

હરિ:ૐ

## ખરેખર માંહ્યલા પાસે બધાં ધોરણની ચાવી છે

બધી બુદ્ધિનું સંપૂર્ણ અમે દેવાળું કાઢ્યું છે,
હૃદયની પ્રેરણા પેરે હવે તો વર્તવાનું છે.

ન ત્યાં કોઈ તર્ક વિચાર, ન અથવા કોઈ દલીલ જ છે,
હૃદય ઓચિંતો વંટોળ ચઢી આવી ફગાવે છે.

કશાં કંઈ ન્યાય અન્યાયતણાં ધોરણ તહીં ના છે,
ખરેખર માંહ્યલા પાસે બધાં ધોરણની ચાવી છે.

જગત વ્યવહાર દૃષ્ટિએ ઊંધું અવળું નર્યું લાગે,
અજંપો તે વિશે એને છતાં ના કોઈ પ્રકારે છે.

હરિ:ૐ

# પરંતુ ભક્તિથી જેને પરિચય, તે જ પરખે છે

જીવનમાં જ્યાં **હરિ**ભાવે નવો અવતાર લીધો છે,
જૂના શણગાર જીવનના બધા બદલાઈ ગયેલા છે.

છતાં પણ તેવું ને તેવું બધું તે તેમ લાગે છે,
પરંતુ ભક્તિથી જેને પરિચય, તે જ પરખે છે,

પરખવું, કંઈક ઓળખવું ખરેખર છોડી દઈને તે,
હૃદયના પ્રેમસંબંધે કરી દો ગોઠડી ત્યાં તે.

હૃદયની પ્રેમસોબતથી પરસ્પરમાં પરસ્પરથી
-હૃદયજોડાણ જે થાયે, ખરું સગપણ ખરેખર તે.

હરિઃૐ

## ‘પદે ધરવા સમું જીવન બનાવું’ એ જ બદલો છે

કશું ના ભાન રાખ્યું છે, ફગાવી જવાબદારીને
-વ્યવસ્થા જાળવી ના છે, જીવન બેલગામ કેવું તે !

જીવનનાં રીતરસમ કોઈ પૂરેપૂરાં ન પાળ્યાં છે,
ફવાતાં ના જરા પણ ત્યાં, ટક્યા ના હાથ ક્યાંયે તે.

કરુણાથી કરી મુજ પર કંઈ ચાબુક લગાવીને,
કરી મૂક્યો જ સળવળતો ખરે, તારી કૃપા શી તે !

**हरि,** અહેસાન તારો હું શકું માની કઈ રીતે ?
‘પદે ધરવા સમું જીવન બનાવું’ એ જ બદલો છે.

હરિઃૐ

## ‘જરૂર ધામે પહોંચાડી હરિ દેશે જ’ નિશ્ચય છે

જીવનની કેવી કમબખ્તી ‘નજર આગળ ન બઢતી છે’,
બહુ આગળનું જોવાને કશું દિલ મારું પણ ના છે.

ડગલું એક જ ભર્યા કેડે જરૂર સૂઝવાનું બીજું છે,
હૃદય વિશ્વાસ એવાથી ભર્યે ડગલાં ગયો છું જે.

કદીક પથમાં જ ખચકાવું અગમ્ય કોઈક કારણથી
–થયું અધવચ, છતાં મેં તો પથે પૂછપૂછ કરેલું છે.

હૃદયમાં આત્મશ્રદ્ધા છે, હૃદય વિશ્વાસ પાકો છે,
‘જરૂર ધામે પહોંચાડી **हरि** દેશે જ’ નિશ્ચય છે.

હરિઃૐ

## ખરે ત્યારે જીવનપથનું ચઢાણ ઊર્ધ્વ બનતું છે

જીવનમાં અલેલટપ્પુ હું પૂરેપૂરો બધી રીતે,
છતાં પણ શી રીતે બુદ્ધિ **हरि** ભજવાની ચાલી છે !

મતિએ એની મેળે કંઈ સ્વતંત્ર નિજ મરજીએ,
**हरि** સ્મરવાનું ડગલું તે કશું પણ ના ભરેલું છે.

ગરજ ઉત્કટ ખરેખર જ્યાં ઊંડો દિલ સ્વાર્થ લાગ્યો છે,
મતિ જ્યમ ત્યમ કરીને તે, **हरि**સ્મરણે ચઢેલી છે.

મતિનો યોગ્ય સહકાર હૃદય સંપૂર્ણ મળતો છે,
ખરે ત્યારે જીવનપથનું ચઢાણ ઊર્ધ્વ બનતું છે.

હરિઃૐ

## વર્યા વિના વિજયને તે કદી ના જંપ લેતો છે

શિખર સર કરવું છે જેણે, મરણિયો ટેક જેનો છે,
અજબ રીતની શી હિંમત છે ! ગજબ તેનું મનોબળ છે.

નજર તેની ગગનગામી, ગગનની પાર પહોંચે છે,
પથે જે આવતું તેને કૂદી તે પાર તરતો છે.

ન ક્યાંયે તે અટકતો છે, સતત ચાલ્યા જ કરતો છે,
કશે આરામ કરવાને કશી નવરાશ ના એને.

સતત બસ કૂચ કરવાની હૃદયની નેમ એની છે,
વર્યા વિના વિજયને તે કદી ના જંપ લેતો છે.

હરિઃૐ

## સદા શિર, છાતી જેનાં તો પથે અણનમ રહેતાં છે

મરણિયો ટેક જેનો છે, મરણિયું દિલ જેનું છે,
અજબ બળ તેતણાં ડગલાં વિશે કેવું અનુપમ છે !

કશો ખચકાટ જીવનપથ ન જેને વટાવવામાં છે,
સદા શિર, છાતી જેનાં તો પથે અણનમ રહેતાં છે.

કદી નીચું ન જોતો છે, નજર બસ એકધારી જે
–સતત શી સામને નિત્યે રહે એકીટશે જેને.

સમય એવો કદીક આવ્યે ચરણ શિર નિજ દઈ દેશે,
પરંતુ નાક પોતાનું કદી પણ ના જવા દેશે.

હરિઃૐ

## થઈ શૂન્ય જતો પોતે, ખરેખર પ્રેમ સાચો તે

સતત બસ એકધારું જે રટણ એકીટશે દિલ છે
-જીવંતું ચેતનાત્મક જો, ખરેખર પ્રેમ સાચો તે.

સદા વારી જતું દિલ છે, ઉમળકો દિલ ઊભરે છે,
સ્મરણ જેનું નિરંતર છે, ખરેખર પ્રેમ સાચો છે.

ફના પ્રેમે થતું દિલ છે, ગમે તે ભોગ આપે છે,
નિરંતર ઝંખના દિલ છે, ખરેખર પ્રેમ સાચો તે.

હૃદયના પ્રેમને ખાતર ભૂંસાઈ જે જશે પૂરો,
થઈ શૂન્ય જતો પોતે, ખરેખર પ્રેમ સાચો તે.

હરિઃૐ

## સતત અભ્યાસનું એ તો પરિણામ રૂપાળું છે

સતત બસ એકને એક જ પરત્વે લક્ષ પ્રેરીને,
હૃદય મંડ્યા જ કરવાથી ખરેખરી ધૂન પ્રગટે છે.

સતત મંડ્યા જવાનો શો જીવનમાં રસ પડેલો જે !
સતત અભ્યાસનું એ તો પરિણામ રૂપાળું છે.

જીવનને સમજવાકેરો ઊંડો તલસાટ લાગ્યો જે,
હૃદય અભ્યાસને તેથી રહેવાયું જ વળગીને.

સતત બસ એકની એક જ ધૂને જીવતા રહેવાથી,
નિરંતર તે થતાં, હાર્દ જીવનનું તે મળે રસથી.

હરિઃૐ

## હૃદય પ્રત્યેક વેળાએ શી બઢતી ભાવની થઈ છે !

ઊંડો ઉત્સાહ દિલમાંનો કંઈક જ્યાં ખૂટવા લાગ્યો,
જવાનું ચેતી, તેથી તો કૃપાથી ત્યાં થયેલું શું !

અનેકે વાર એ રીતે શી ચઢઊતર થયેલી છે !
હૃદય પ્રત્યેક વેળાએ શી બઢતી ભાવની થઈ છે !

શું ઉત્તરોત્તર પથે મુજને તેં આશ્વાસન દીધેલું છે !
ખરેખર તેથી જીવનમાં ધીરજ, હિંમત ટકેલાં છે.

પથે ભાથું જુદે જુદે સમય જુદું લીધેલું છે,
શી ભૂલથાપ કદીક કેવી ભયંકર થઈ ગયેલી છે !

હરિઃૐ

## બધાં પાસાંતણો ધર્મ બજવવો સહેલ ના તે છે

જીવનનાં કંઈક પાસાંઓ જુદી રીતનાં અનેરાં છે !
બધાં પાસાંતણો ધર્મ બજવવો સહેલ ના તે છે.

છતાં પણ આવડ્યો તેવો પ્રયત્ન તે વિશે દિલથી
-કૃપાથી તો કરેલો છે, ચહી ચહીને જ ઉદ્યમથી.

પરંતુ ખોટકાવાયું જ્યહીં ઓચિંતું પથ વિશે,
બહુ કળતર થવા લાગ્યું ન ડગ આગળ ભરાયું છે.

કરીને જેમ તેમ જ તે બળાત્કારે થઈ બેઠો,
પછી યત્ને ઝઝૂમીને થયો કર્મે હું પાવરધો.

હરિઃૐ

## તટસ્થ થઈ જ સંપૂર્ણ સમજવા યોગ્ય મથિયો જે

નયનમાં સાવ અંધાપો ગયેલો આવી શી રીતે ?
પરત્વે તે કશી સમજણ વિચારાતાં પડી ના છે.

છતાં પણ ઊંડું ઊંડું ત્યાં ઊતરી, પૃથક્કરણ કરીને
-જીવનનાં કંઈક પાસાંને વિચારે તોલી જોયાં છે.

શું તુલનાત્મક બધી બાજુતણો અભ્યાસ કરી કરીને,
તટસ્થ થઈ જ સંપૂર્ણ સમજવા યોગ્ય મથિયો જે.

પરંતુ આ બધી ઊંડી થતી જે પ્રક્રિયા વિશે,
**हरि**ની યાદનું ભાવે સ્મરણ દિલમાં થતું રહે છે.

હરિઃૐ

## કળાલીલા **हरि**ની તો ખરેખર ભવ્ય, દિવ્ય જ છે

**हरि**ની સભાનતામાં તો કંઈ સત્ અસત્ કશું ના છે,
**हरि**ની સભાનતામાં તો ન દ્વંદ્વ કે ન ગુણ પણ છે.

બધું આગળનું પાછળનું ભલે અસ્તિત્વ જ્યાં પણ છે,
**हरि**ની સભાનતામાં પણ ન અસ્તિત્વ કશાનું છે.

**हरि**ની સભાનતામાં તો **हरि**નો ભાવ માત્ર જ છે,
બધું જે છે વિશે તે તે **हरि** કેવો રમે પોતે !

કળાલીલા **हरि**ની તો ખરેખર ભવ્ય, દિવ્ય જ છે,
કદી ના માનવી મતિથી કળાય એવી શી તે છે !

હરિઃૐ

## ન સંકલ્પ વિકલ્પ જ છે, છતાં પ્રવૃત્તિ ચાલે છે

**હરિ**ના ભાવના અર્થે થતો અભ્યાસ જે રહે છે,
હૃદય જન્માવી આકર્ષણ **હરિ**માં દિલ રખાવે છે.

સતત બસ એકના એક જ થયા કરતા વિચારો જે,
હૃદય તેવા વિચારોનું અજબ કેંદ્રિત બળ બહુ છે.

સતત તેવા વિચારોથી હૃદયમાં ભાવ જન્મે છે,
નિરંતર ભાવ તે બનતાં વિચારો લીન થાયે છે.

વિના વિચારનું જીવન, કદી પણ તે જીવન વિશે
-ન સંકલ્પ વિકલ્પ જ છે, છતાં પ્રવૃત્તિ ચાલે છે.

હરિઃૐ

## જીવન એથી કરી, નૂતન શું પ્રાદુર્ભાવ પામ્યું છે !

'**हरि**ની સભાનતા', એને જીવન સાચું ગણેલું છે,
જીવન એથી કરી, નૂતન શું પ્રાદુર્ભાવ પામ્યું છે !

પછીથી તો જીવન એવું સીમાડા સર્વ છાંડીને
-શું ગગનાતીત પહોંચીને પરબ્રહ્મે વસેલું છે !

પરંતુ બ્રહ્મની તોલે કદી પણ તે ન આવે છે,
નિમિત્તમાત્રમાં બ્રહ્મતણાં ગુણશક્તિ એને છે.

કદી પણ બ્રહ્મના જેવું શકે સર્જી કશું ના તે,
અનંતાનંત વિસ્તાર કદી તેનો ન ક્યાંયે છે.

હરિઃૐ

## હવે એવા જીવન વિશે હરિની શક્તિ પ્રગટે છે

ખરો આરંભ જીવનનો બહુ મોડો થયેલો છે,
જીવનનો જન્મ સાચો જે થયો તે વેળથી શો છે !

**હરિ**ની સભાનતા દિલમાં પરિપક્વ જીવંતી જે,
જીવનને ક્યાંય ને ક્યાંથી ઉખેડીને બધી રીતે,

ઊંડાં મૂળિયાં જ તેનાં સૌ પૂરાં કાપી જ નાખ્યાં છે,
શકાયે વર્ણવી ના જે જીવનનો વેશ અદ્‌ભુત જે.

નૂતન અવતારમાં એનો ખરો જન્મ થયેલો છે,
હવે એવા જીવન વિશે **હરિ**ની શક્તિ પ્રગટે છે.

હરિઃૐ

## ભભૂકેલો છતાં અગ્નિ વિના બાળ્યા મૂકે ના તે

જૂના ચીલા, જૂના જીવન વિશેના જે પડેલા છે,
નવા જીવન વિશે તે તે હવે ના ચાલવાના છે.

નવા જીવનના નકશાની પ્રમાણે તે બધા તે તે,
નવેસરથી નવી રીતે ઘડાશે ઘાટ સૌનો તે.

ભૂંસાતાં સર્વ જૂનું તો શું કંઠે પ્રાણ આવે છે !
ભભૂકેલો છતાં અગ્નિ વિના બાળ્યા મૂકે ના તે.

મહા ઘોર ભલેને હો શું ફેલાયેલ અંધારું !
જરીક જેટલુંય અજવાળું ભગાડી દે ઝપાટે શું !

હરિઃૐ

## જીવનનો યજ્ઞ માંડીને અમે બેઠેલ શા છીએ !

**હરિ**ચરણે, **હરિ**ચરણે જીવનને સોંપવા કાજે,
જીવનનો યજ્ઞ માંડીને અમે બેઠેલ શા છીએ !

પરંતુ પ્રકૃતિ કેવી જીવન **આ** યજ્ઞના વિશે,
કદીક ત્યાં હાડકાં નાખી કરે યજ્ઞ નકામો તે.

છતાં ત્યારે જીવનની તે પ્રકૃતિ પર નજર સરખી
-કર્યા વિના, જીવનયજ્ઞ સતત ચાલુ જ રાખ્યો છે.

અસુરો કોઈક વેળાએ ચઢી આવી જ ઓચિંતા,
જીવનના યજ્ઞનો નાશ કરવવાને મથેલા શા !

પરંતુ **શ્રીહરિ** કેવો કરે છે યજ્ઞની રક્ષા !
અમે નિશ્ચિંત થઈ તેથી જીવનયજ્ઞે મચેલા શા !

હરિ:ૐ

# જીવનને ઊર્ધ્વ કરવાનું મને એમાંથી ઊગ્યું છે

શી 'મોભામોભની બિલ્લી' જીવનમાં કેટલીક વેળા
-જીવનઘટમાળ રૂએ તે બનેલી છે જીવનઘટના.

કશાયે પ્રાણ તે કર્મે ફૂટે છે કંઈ જીવનમાં ના,
જીવનવિકાસમાં એથી કશો ઉઠાવ ઊપજે ના.

જીવન રેઢિયાળ એવું તે હૃદય ખૂંચ્યા કરેલું છે,
જીવનને ઊર્ધ્વ કરવાનું મને એમાંથી ઊગ્યું છે.

પછીથી રઢ ખરેખર જે જીવનની લાગી ચૂકી ને
-હૃદય તે સિદ્ધ કરવાને શું દોડાવ્યા કરેલો છે !

હરિઃૐ

## હૃદય શી તારામૈત્રકની જીવંતી ગોઠડી થઈ છે !

રહ્યાથી તુજથી છેટો બળ્યા કેવો કરેલો જે !
હવે તેનું પૂરેપૂરું લઉં છું વાળી સાટું તે.

વીલો, રેઢો જરા સરખો તને કદી પણ ન મૂકું છું,
હૃદય પાસે અને પાસે સતત જકડી જ રાખું છું.

નયન સામે અને સામે તને એકીટશે નીરખું,
છટકવાની કશી બારી રહી ના કોઈ પણ બાજુ.

હવે બસ પેટ ભરીને શી સભર તુજને હૃદય ભરીને
-સતત ચાહ્યા જ કરવાની રસીલી મસ્ત લિજ્જત છે !

નિરંતર વાસ તારો શો હૃદય મારે વસેલો છે !
હૃદય શી તારામૈત્રકની જીવંતી ગોઠડી થઈ છે !*

* ભક્તિના અદ્વૈતના અનુભવની હકીકત.

હરિ:ૐ

## અનંત હારમાળાઓ શિખરની એવી શી ત્યાં છે !

શિખર આરોહણે ખૂબ પરિશ્રમ જે લીધેલો છે,
વળેલો દિલ પરસેવો અનેકે વાર લૂછ્યો છે.

ચઢાણ ઊર્ધ્વ ચઢાતામાં રહ્યો શો શ્વાસ અધ્ધર તે !
તહીં ભલભલાતણું પાણી જતું ઊતરી જ કેવું તે !

શિખર જ્યાં એક પહોંચાતું, બીજું સામે ઊભું રહે છે,
અનંત હારમાળાઓ શિખરની એવી શી ત્યાં છે !

કદીક ઢીલું પડાતું જ્યાં, **हरि**ને સાદ પાડીને
-પથે ટેકો મદદ દેવા કરેલી પ્રાર્થના દિલ છે.

હરિઃૐ

## પ્રદેશો સૂક્ષ્મ ને સૂક્ષ્મ ગહન કેવા મળેલા છે !

જીવનમાં જ્યાં જવાનું તે મુસાફરીએ હું નીકળીને,
ભરી ડગ તો ધીમે ધીમે જવાને ત્યાં મથેલો જે.

ગલીકૂંચી પથે વાંકી શી આડીઅવળી આવી છે !
પૂછી પૂછી હૃદય ત્યારે ઊંડું ઊંડું વિચાર્યું છે.

જતાં અંતર વિશે સૂક્ષ્મ હૃદયમાં પ્રેરણા થઈ જે,
પ્રમાણે વર્તવાનું તે કૃપાથી તો થયેલું છે.

ગગન દિશા પરત્વે જ્યાં ઊંચે ઊડવું થયેલું છે,
પ્રદેશો સૂક્ષ્મ ને સૂક્ષ્મ ગહન કેવા મળેલા છે !

હરિઃૐ

## હવે આધાર તારા પર બધો મારે રહેલો છે

ગ્રહેલી આંગળી **તુજ** મેં જીવનનો બેલી સમજીને,
હવે આધાર તારા પર બધો મારે રહેલો છે.

જતો ગૂંચવાઈ જ્યારે હું હૃદયપોકાર પાડીને,
ઊંડે ઊંડે સ્મરી **તુજ**ને સ્તવ્યા કરતો રહું છું જે.


હૃદયથી પેટ ભરીને ત્યાં કરી **તુજ** પ્રાર્થના લઉં છું,
પછીથી મુક્ત હળવાશ હૃદયમાં મહાલતો રહું છું.

જીવનના સર્વ ગૂંચવાડા ઊડી ત્યારે જતા રહે છે,
જવા આગળનું અજવાળું પથે પ્રસરાય છે ત્યારે.

હરિઃૐ

# ખંડ - ૩

# સ્મરણગાથા



નિરંતરનો સ્મરણનો જ્યાં હૃદય અભ્યાસ પડિયો છે,
હરિ પરનો હૃદયભાવ પછીથી ધોધ ઊછળ્યો છે.

હરિઃૐ

# હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા સ્મરણમાંથી ઊગે છે જે

સ્મરણની નોબતો રૂડી બજી, ગગડી રહેલી છે,
સૂતેલાને, ઊંઘેલાને કરી સાવધ જગાડે છે.

જગાડીને પૂરેપૂરા પછી બેઠા કરાવે છે,
કરી બેઠા, ઊભા કરીને પછીથી તે ચલાવે છે.

ન આ તો કલ્પનાની છે નકામી વાત ખાલી તે
-જીવનની વાસ્તવિકતામાં ખરેખર તેમ બનતું છે.

સ્મરણમાં ભાવ જેનો છે, સ્મરણ તેને જીવનકેરો
-થઈ શ્રીસદ્‌ગુરુ યોગ્ય નવું નવું શીખવે છે શો !

હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા સ્મરણમાંથી ઊગે છે જે,
જીવનને તે ખરાબેથી ઉતારી પાર પણ દે છે.

હરિ:ૐ

## સ્મરણ લેતો કરાવીને જીવનપંથે બઢાવ્યો છે

પડેલો સાવ તળિયામાં જીવનકાદવ વિશે શો જે !
શરીરને રોગનો ફટકો દઈ **તેં** ભાન પ્રેર્યું છે.

મને એવી રીતે **તેં** તો સ્મરણ લેતો કરાવ્યો છે,
સ્મરણ લેતો કરાવીને જીવનપંથે બઢાવ્યો છે.

શી છેતરપિંડી મુજથીયે કંઈક વાર થયેલી છે !
પછી મુજ જાત પર શિક્ષા પૂરી વહોરી લીધી શી છે !

શીખ્યો ખત્તા જ ખાતાં હું છતાં પણ લાત ખાતાંયે
-છુટાતું છંદથી નહોતું, મદદમાં ત્યાં **તું** ધાયો છે.

હરિઃૐ

## સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે !

સ્મરણમાં ભાવ ઊછળતાં સ્મરણમાં રંગ લાગે છે,
સ્મૃતિભાવ ઊગી **हरि**નો ફૂટે શી સભાનતા હૃદયે !

જીવનમાં મોખરે જ્યારે **हरि**ની સભાનતા રહે છે,
પ્રકૃતિનું બધું જે તે પછી ગૌણત્વ પામે છે.

પછી જેમાં અને તેમાં **हरि**રસનો અનુભવ છે,
પ્રકૃતિ ત્યાં શી માધ્યમ છે, વહેવાને **हरि**રસ તે !

સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે !
જીવનને ક્યાંથી ઉખેડી ગગનમાં તે ઉડાડે છે.

હરિઃૐ

## સ્મરણનો કીમિયો કેવો મળ્યો સદ્ભાગ્યથી મુજને !

સ્મરણનો કીમિયો કેવો મળ્યો સદ્ભાગ્યથી મુજને !
સ્મરણમાં ને સ્મરણથી શાં દિવસરાત્રિ વિતાવ્યાં છે !

સ્મરણનો મહાવરો નિશદિન સતત પડતાં રહેતાં જે,
સ્મરણનાં ધૂન, લત, લગની જીવનમાં તેથી લાગ્યાં છે.

સ્મરણમાં બસ લગાતાર નિરંતર મંડી રહેવામાં
-હૃદય શી પ્રસન્નતા, મોજ, નિરવધિ ભાવ આનંદ
-ફળેલાં જે રહેલાં છે, મનાદિ જ્યાં ડૂલેલાં છે,
જીવન કૃતકૃત્ય સદ્ભાગી શું ત્યારે તે થતું રહે છે !

હરિ:ૐ

## પડેલો દિલ અભ્યાસ, સ્મરણને તે ચગાવે શો !

અતિશય ઉગ્ર ને તીવ્ર સ્મરણનો ચડસ ચડે જ્યારે,
સતત બસ એકધારું ને સ્મરણ એકીટશે ચાલે.

જુદાં જુદાં બીજાં લફરાં જીવનમાં તે પળે આવે,
છતાં મીઠું સ્મરણ પણ જે શું ચાલે જોશીલું ત્યારે !

મહામુશ્કેલી ને વિઘ્નો નડે છે અંતરાયો જ્યાં
-ચઢેલો જ્વર સ્મરણકેરો છતાં ઊતરી શકે તે ના.

લીધેલું ભાવથી ઊંડું સ્મરણ તેનો સતત એવો
-પડેલો દિલ અભ્યાસ, સ્મરણને તે ચગાવે શો !

હરિ:ૐ

## સ્મરણની અખંડતામાંથી છતો ભાવ થતો રહે છે

સ્મરણની અખંડતામાંથી છતો ભાવ થતો રહે છે,
હૃદયના ભાવમાં **हरि**ની ઊગે છે સભાનતા મેળે.

**हरि**ની સભાનતા જાગ્રત થતાં દિલમાં પૂરા જોશે,
બધાં આધારનાં કરણો વિશે ત્યારે પ્રસરતી છે.

**हरि**ની સભાનતાનો શો પ્રભાવ કંઈ અનેરો છે !
બધાં કરણોની જેવી હો ભૂમિકા તેમ તે સ્પર્શે.

થવાં કરણોની ભૂમિકા હૃદય પ્રગટાવવા ભાવ,
થતું જે જે ખરેખર તે જીવનનું સાધના અંગ.

હરિઃૐ

## સ્મર્યા કરવાની લતથી તો બહુ વેળા બચાયું છે

જીવનના ધ્યેયની લગની જલંતી અગ્નિની પેઠે,
મનન ચિંતવન સતત તેથી થયા કેવું કરેલું છે !

મનન ચિંતવનથી તેવાએ પથે સાવધ રહેવાને
–હૃદય લલકારી, લલકારી બહુ જ ઉત્સાહ પ્રેર્યો છે.

થતાં પથ કંઈક ને કંઈક નિવેદ્યા સૌ કરીને જે
–ચરણમાં સૌ સમર્પીને પછી સૂવાનું રાખ્યું છે.

ભૂલેચૂકે **તને** દિલથી ન ભૂલવાનું જ ધાર્યું છે,
સ્મર્યા કરવાની લતથી તો બહુ વેળા બચાયું છે.

હરિઃૐ

## સ્મરણશક્તિનો એ તો શો ચમત્કાર અનેરો છે !

જીવનની ખુશનસીબી કે સ્મરણ લેતો કરાવીને
-જીવનનાં કર્મનો યજ્ઞ સધાતો ચાલુ આવ્યો છે.

પરંતુ પ્રક્રિયા તેવી વિશે શી ગડમથલ થઈ છે !
જીવનમાં સામનો ભારે બહુ જ કરવો પડેલો છે.

જીવનમાં સામનો કરવાતણું બળ ક્યાંથી આવ્યું છે ?
સ્મરણશક્તિનો એ તો શો ચમત્કાર અનેરો છે !

જીવનસંગ્રામ કરવાથી મળેલી શક્તિ અદ્ભુત જે,
અનુભવના પ્રયોગેથી ખરેખરું તે મપાયું છે.

હરિઃૐ

## શરીરને રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો છે

ઊંધે પાટે જ ભૂલભૂલથી રવાડે ચઢી જવાયું છે,
શી ફેંકાફેંકી જીવનની અહીંથી તહીં થયેલી છે !

જીવન ખાનાખરાબીએ ચઢી ત્યારે ચૂકેલું જે,
શું પછડાયા કહીંક કેવા ! ન જેનું ભાન જાગ્યું છે.

કરુણાળુ પરંતુ શો **हरि** પોતે નિરંતર છે !
શરીરને રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો છે.

સ્મરણના તાનથી હૃદયે જીવનનું ભાન જાગ્યું છે,
હૃદય તે લાગતાં ઊંડું જીવનપથમાં ધપાયું છે.

હરિ:ૐ

## શરીરને રોગ પ્રગટાવી હૃદય ચેતાવી દીધો છે

ભુલાવામાં, ભુલાવામાં, ભ્રમણમાં હું ચઢેલો જે,
બધે જ્યાં ત્યાં ચર્યાં કીધું રખડપટ્ટી વિશે જે તે.

જીવનઆદર્શનો હેતુ છતાં ના ખ્યાલ આવ્યો છે,
કશો વિચાર તે વિશે કંઈ પણ ના થયેલો છે.

કરુણાળુ છતાં કેવો કૃપાળુ તો **हरि** પોતે !
શરીરને રોગ પ્રગટાવી હૃદય ચેતાવી દીધો છે.

સ્મરણનું માત્ર નાનકડું હૃદયસાધન શું બક્ષીને
-ઝપાટે તે પછી કેવો મને પંથે ધપાવ્યો છે !

હરિઃૐ

## હૃદય રાખી હરિસોબત સ્મરણ હરિનું ન છોડ્યું છે

કફોડી કે પીડિત કંઈ હો ગમે તેવી સ્થિતિ વિશે
-હૃદય રાખી **હરિ**સોબત સ્મરણ **હરિ**નું ન છોડ્યું છે.

ભયંકર હુમલા કેવા બહુ જ ડરામણા આવી
-મને બેબાકળો પૂરો બનાવ્યો સાવ શો ભયથી !

શરીર પર ખૂબ પરસેવા વળી ત્યારે ગયેલા છે,
શું હોશકોશ સંપૂર્ણ ઊડી દિલથી ગયેલા છે !

છતાં ત્યારેય **હરિ**ને ના વિખૂટા દિલથી પાડ્યા છે,
ભલેને રોતે રોતે પણ **હરિ**ને યાદ કીધા છે.

હરિ:ૐ

# સ્મરણ કરતો થયો જ્યાં હું હરિ તેં હાથ પકડ્યો છે

શરૂ કરવાની જીવનમાં ખરી મુશ્કેલી કેવી તે !
થવા આરંભ શુભનો તે કૃપા સદ્‌ભાગ્ય જોઈએ.

પ્રભુ ! મૂર્ખામી મારીનો કશો પાર જ નહોતો જે,
સ્મરણ કરતો થયો જ્યાં હું **હરિ તેં** હાથ પકડ્યો છે.

છતાં મેં દિલ માન્યું કે હૃદયબળથી હું ચાલુ છું,
પિછાન્યો ના **હરિ**હાથ શું કમભાગ્ય જીવનનું તે !

કરુણાળુ પરંતુ શો ! **હરિ** ઉદાર ભારે છે,
મને ખરડાયેલાને શો **હરિ**એ તારવેલો છે !

હરિઃૐ

## સ્મરણનો સંગ ઓચિંતો જીવનમાં ત્યાં કરાવ્યો છે

જીવન બરબાદીમાં કેવું રવડતું જે હતું ત્યારે !
ભયંકર તાણ ને ખેંચ મને મન ઊપજેલાં છે.

નસેનસ ને રગેરગ તે શું ઉશ્કેરાઈ ગયેલાં છે !
અને સૌ નાડીનું તંત્ર ગયેલું ખોરવાઈ છે.

કશું વિચારવા શક્તિ કશી દિલ ના રહેલી છે,
જીવન મરવા સમું ત્યારે બની કેવું ગયેલું છે !

સ્થિતિ બદતર શી એવીમાં કૃપા **હરિ**ની શી વર્ષી છે !
સ્મરણનો સંગ ઓચિંતો જીવનમાં ત્યાં કરાવ્યો છે.

હરિઃૐ

# સ્મરણથી લાભ જીવનમાં કૃપાથી તો થયેલો છે

શરીરના રોગને લીધે સ્મરણ લેવાનું ઊગ્યું છે,
સ્મરણથી લાભ જીવનમાં કૃપાથી તો થયેલો છે.

પછીથી તો હૃદયમાં તે ઊંડો શો સ્વાર્થ લાગ્યો છે !
લગાતાર લીધે એને પરોવાયું પછી દિલ તે.

પરોવાતાં ઊંડું ઊંડું, ઊંડું અંતર હજી ઊંડે,
હૃદયની ભાવના શી ત્યાં સ્વરૂપે ઑર પ્રગટે છે !

નશો, મસ્તી જીવનનાં શાં છલકતાં મસ્ત ઊછળે છે !
કિનારાને વટાવીને બધે ચોમેર વહેતાં તે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસનો આશ્રય જીવનમાં મેં લીધેલો છે

મનાદિને મનવવાનો, થવા મુગ્ધ ચરણ વિશે,
સ્મરણ અભ્યાસનો આશ્રય જીવનમાં મેં લીધેલો છે.

મનાદિ ક્યાંયના ક્યાંય રખડતાં ને ભટકતાં જે,
છતાં શાં બાંધવા યત્ન કરેલો તેમને મેં છે !

શરૂ શરૂમાં ન ફાવ્યો છું, મનાદિએ મને ત્યારે
-કશી યારી ન આપી છે, શું બળવો ત્યાં ઉઠાવ્યો છે !

હૃદય થઈ સ્વસ્થ, મેં ત્યારે મનાદિને છૂટો દોર
-પૂરેપૂરો દઈ દઈને, કરી જોયા બધી દોટ.

જીવનમાં સ્વસ્થતા યોગ્ય તટસ્થતા હૃદય ત્યારે
-હતાં શાં કેળવાયેલાં ! શું તેથી નીરખાયું છે !

હરિઃૐ

## સ્મરણ લેતાં કરાવીને સ્મરણરસ લેવરાવ્યો છે

મનાદિને ભટકવાનાં લગન ને લઢણ પડેલાં છે,
ઠરીને એક ઠેકાણે કદી પણ ના રહેતાં છે.

કૃપાના ગૂઢ કારણથી જીવનના કોઈ અકસ્માતે,
મનાદિને જ હડસેલો ખરો ત્યારે શું લાગ્યો છે !

બધી યુક્તિ પ્રયુક્તિથી કળે કરીને ધીમે હળવે,
સ્મરણ લેતાં કરાવીને સ્મરણરસ લેવરાવ્યો છે.

મનાદિને પડ્યો રસ જ્યાં પછીથી કૂદકે ભૂસકે,
જીવનના સાધનાભ્યાસે સતત દોડ્યાં કરેલાં છે.

હરિ:ૐ

## સ્મરણ લેવાથી ત્યાં ઝાંખું પડ્યું અજવાળું દિલમાં તે

જીવનમાં કેટલીક વાર નિશાન જ્યાં ચૂકેલો છું,
કૃપાથી આવતાં ભાન થતાં જહેમત, ન ફાવ્યો છું.

સ્મરણ દિલમાં જ લેવાયા કરાતું જે હતું ત્યારે,
મને તેવા સ્મરણથી ત્યાં કંઈક હોશ રહેલા છે.

બધીયે બારીઓ બંધ જીવનમાં જે થયેલી છે,
સ્મરણ લેવાથી ત્યાં ઝાંખું પડ્યું અજવાળું દિલમાં તે.

સ્મરણ અભ્યાસના એવા પ્રયોગો કંઈક જોયા છે,
હૃદય એમાંથી તો હિંમત ફરી પાંગરવા માંડી છે.

હરિઃૐ

## હરિસ્મરણે ચઢાવીને દીવાનો શો બનાવ્યો છે !

જીવન જે **જીવદશા**કેરું શું ઢંગધડા વિનાનું જે !
ન આગળનું, ન પાછળનું, ન ઠેકાણું કશું જેને.

નર્યું અગડં પૂરું બગડં જીવન તેનું શું ચાલે છે !
શું યદ્વાતદ્વા વર્તે તે ! ન જેની નેમ પાકી છે.

કૃપાના કોઈક કારણથી જીવનથી તે વળાવીને,
**હરિ**સ્મરણે ચઢાવીને દીવાનો શો બનાવ્યો છે !

ભજનકીર્તન વિશે કેવો પથે નાચ્યા કરેલો જે !
ઉડાડી ધૂળ મારા પર શિશુ રાજી થતાં શાં તે !

જીવનની આ બીના સાચી ખરેખર તે બનેલી છે,
કશું પણ કાલ્પનિક રીતે ભૂલેચૂકે ન ગાયું છે.

હરિઃૐ

# સ્મરણ અભ્યાસથી ઊંડું જીવનમાં ઊતરાયું છે

ભ્રમણકક્ષા જીવનની શી ગમે તેવી પ્રવર્તી છે !
વિના નિશાન ને નેમ, વિના તે ટેક મહાલી છે.

કદીક શું ભીંતની સામે શું અફળાયું જ શિર મુજ જે !
હૃદય પસ્તાઈને ત્યારે સમજવું દિલ થયેલું છે.

હૃદય એમાંથી **हरि**કેરું સ્મરણ લાધ્યું કૃપાથી છે,
સ્મરણ અભ્યાસથી ઊંડું જીવનમાં ઊતરાયું છે.

જીવનમાં ઊતરાતાં જ્યાં ઊંડું ઊંડું જ અંતરમાં,
પછીથી તો ગરક કેવું થવાયું સાવ ભીતરમાં !

હરિઃૐ

## હૃદયમાં ઊગવાથી તો સ્મરણનો પંથ લીધો છે

બખડજંતર મનાદિએ ઊભાં કેવાં કરેલાં છે !
નિવેડો કોઈ વિશે કોઈનો કશો ના ક્યાંય આવે છે.

ઊંધુંચતું જીવનમાં તે બધું પેદા જ કરવામાં
-મનાદિ મસ્ત તત્પર છે. જતાં ના કોઈનાં ગાંજ્યાં.

વિમાસણ કંઈ જુદી જુદી જીવનમાં તે પડાવે છે,
ચઢાવીને જ ગોટાળે ભ્રમણમાં તે ચઢાવે છે.

બધું પ્રત્યક્ષ નિહાળ્યું, કૃપાથી કંઈક સમજણ તે
-હૃદયમાં ઊગવાથી તો સ્મરણનો પંથ લીધો છે.

હરિઃૐ

## હૃદય તે ધામનો અનુભવ કૃપાથી તો થયેલો છે

મુસાફરીએ લઈ ભાથું અમે નીકળેલ પ્રેમે જે,
બધું ભાથું શું અધવચમાં ખૂટી ત્યારે ગયેલું છે.

પછીથી દિલ અટવામણ ભયંકર શી થયેલી છે !
નીચે નાખી ઊંધું માથું વિમાસણમાં પડેલો જે.

સમય તે ઓલિયાએ શો હૃદય ચેતાવીને મુજને !
સ્મરણમાં દિલથી પાછો લગાડી શો દીધેલો છે !

નિરંતરનો સ્મરણનો જ્યાં હૃદય અભ્યાસ પડિયો છે,
**हरि** પરનો હૃદયભાવ પછીથી ધોધ ઊછળ્યો છે.

'નિરંતરનો હૃદયભાવ', જીવન સાચું ખરેખર તે,
હૃદય તે ધામનો અનુભવ કૃપાથી તો થયેલો છે.

હરિઃૐ

## પરંતુ વળગી રહેવાતાં, કંઈક ઠેકાણું પડિયું છે

જીવનમાં રંગ ચડવામાં સ્મરણ અભ્યાસથી હૃદયે
-મને પાનો ચઢેલો છે, ખરો અદ્‌ભુત કીમિયો તે.

શરૂ શરૂમાં સ્મરણ લેતાં શું કંટાળો જ ઊપજ્યો છે !
પરંતુ વળગી રહેવાતાં, કંઈક ઠેકાણું પડિયું છે.

જીવનમાં સ્વાર્થ લાગ્યાથી સતત પાછળ પડાતું છે,
કૃપા મહોબતતણો રંગ પછી જીવન ચઢેલો છે.

ચઢેલા રંગની ખુશબો ચમત્કારિક ખુમારી છે,
નયન પ્રગટાવીને ઊલટાં, ઊંધું સીધું કરાવે છે.

હરિઃૐ

# જીવનમાં એવી સોબતનાં અસર, પરિણામ ન્યારાં છે

નર્યો ચળકાટ દુનિયાનો નયનથી જોઈ જોઈને,
કદીક મોહ્યો, છતાં ઊંડો ભીતર ના રંગ લાગ્યો છે.

ભજન કીર્તન સ્મરણકેરો સતત અભ્યાસ પડિયો જે,
જીવનમાં એવી સોબતનાં અસર, પરિણામ ન્યારાં છે.

જીવનમાં કોઈક વેળાએ અણીપળ ડૂબવાનીયે,
છતાં કેવું બચાયું ત્યાં, અસર અભ્યાસની શી તે !

સતત અભ્યાસ કરવામાં નર્યું ડૂલી ગયું દિલ છે,
સતત તેમાં અને તેમાં મનાદિ રાચતાં શાં છે !

જીવનનું સૂક્ષ્મ બંધારણ ગયું તેથી ઘડાતું છે,
હૃદયમાં ધારણા તેથી શી ચેતનની ઊભી થઈ છે !

હરિ:ૐ

## બધા મારા જીવનનો તો હરિ શો સૂત્રધાર જ છે !

સ્મરણના પક્વ અભ્યાસે **હરિ**ની યાદ પ્રગટે જે,
ઊછળતા દિલ ઉમળકાની શી ઉષ્મા ધગતી તે વિશે !

**હરિ**ના ભાવથી શરીરે નર્યાં રોમાંચ ઊઠે છે,
હૃદય આનંદનો ઊભરો નર્યો ચોમેર છલકે છે.

**હરિ** પર દિલનો પ્રેમ શું મુશળધાર વર્ષે છે !
**હરિ**નો ભાવ તે વેળા ન ઝીલ્યો તે ઝિલાયે છે.

બધા આધારનો પણ શો મૂળે આધાર **શ્રીહરિ** છે !
બધા મારા જીવનનો તો **હરિ** શો સૂત્રધાર જ છે !

હરિઃૐ

## નિવેડો તે છતાં ના’વે, શી કમબખ્તી જીવનની તે !

જીવન આ ભુલભુલવણીમાં ગૂંચાઈ શું ગયેલું જે,
નીકળવા બહાર કોઈ યુક્તિ તહીં ફાવી કશી ના છે.

‘ગૂંચાઈ હું પડેલો છું’, હૃદય સમજણ પડેલી જે,
ઊગરવાને બધી રીતે જહેમત તેથી તો થઈ છે.

બહુ બાથોડિયાં માર્યાં, શું તરફડિયાં જ માર્યાં છે !
નિવેડો તે છતાં ના’વે, શી કમબખ્તી જીવનની તે !

ગળે ટૂંપો ખરેખર શો કદીક તો ભીંસ દેતો છે !
છતાં ત્યારેય **હરિ**નું તો સ્મરણ દિલમાં રણકતું છે.

હરિઃૐ

## हरि स्तवतां, हरि स्तवतां શું મોકળું દિલ થયેલું છે !

જીવનમાં કોઈક વેળાએ શું દિલ ભડભડતું બળતું છે !
અને શી કારમી એવી થતી છે વેદના દિલ તે !

બનેલા કોઈક પ્રસંગેથી વલોપાત થયેલો છે,
શી વજ્રાઘાતના જેવી અસર તે વેળ દિલ થઈ છે !

થયેલો સ્તબ્ધ સંપૂર્ણ, થયો દિગ્મૂઢ શો જીવને !
જીવનનાં હીર, નૂર, શક્તિ હણાઈ સૌ ગયેલાં છે.

કટોકટીના, બરાબરીના, ખરાખરીના સમય ટાણે,
**हरि** સ્તવતાં, **हरि** સ્તવતાં શું મોકળું દિલ થયેલું છે !

હરિઃૐ

# ભજનના રંગમાં મસ્ત સદા રહેવાનું રાખ્યું છે

**हरि** ભજવાનું જીવનમાં કદી પણ ના સૂઝ્યું મુજને,
ખરેખર કેવું કમભાગ્ય હતું જીવનનું મારું તે !

ભજનકીર્તન વિશેના જે પડેલા ચિત્ત સંસ્કાર,
ફૂટી નીકળી જ ઓચિંતા દીધો પ્રેરાવી તે કર્મ.

હૃદય સંસ્કાર કીર્તનના પિતાની ભેટ તે મુજને,
નિજાનંદે ભજનકીર્તન પિતાનાં સાંભળેલાં છે.

ભજનનો નિત્ય અભ્યાસ જીવનમાં સાંભળીને તે,
જીવન મારા વિશે કેવા શું સંસ્કાર પડેલા છે !

ભૂમિકા તેથી મારી તો ભજનથી કેળવાયેલી,
જીવનમાં સાચી ખપમાં તે હવે શી આવવા લાગી !

સતત હૃદયે ભજનકીર્તન વિશે હું રાચી રાચીને,
ભજનના રંગમાં મસ્ત સદા રહેવાનું રાખ્યું છે.

હરિ:ૐ

## જીવનમાં તે સમય ઊંડી શી હૈયાસૂઝ જાગે છે !

જુદાં જુદાં ભૂતો કેવાં જીવન પેસી ગયેલાં જે !
ન એની મેળ નીકળે તે, પડેલાં કાઢવાં તેને.

**हरि**ના સ્મરણનો છંદ ઊંડો જ્યારે હૃદય લાગ્યો,
ભૂતો સૌ એની મેળે ત્યાં ઊભી પૂંછડીએ ભાગ્યાં છે.

થતાં માર્ગ સફાચટ જ્યાં પથે વધવાની કેવી તે
-મજા જીવનમાં પ્રગટી છે ! અનુભવી માત્ર જાણે તે.

પથે જ્યાં ચાલવા વિશે હૃદય આનંદ પડતો છે,
જીવનમાં તે સમય ઊંડી શી હૈયાસૂઝ જાગે છે !

હરિઃૐ

## કદી ભૂલી શકાતું ના મળ્યું સદ્‌ભાગ્ય ઉત્તમ શું !

સકળ **આ** જિંદગાનીમાં **હરિ**ને યાદ કરવાનું,
કદી ભૂલી શકાતું ના મળ્યું સદ્‌ભાગ્ય ઉત્તમ શું !

સ્મરણના ભાવથી હૃદયે **હરિ** કેવો ફૂટેલો છે !
નૂતન, નૂતન સ્વરૂપે શો જીવનમાં તે સ્ફુરંતો છે !

**હરિ** જીવનમાં સાથે ને શું સાથે નિત રહેલો છે,
છતાં મૂગો મૂગો કેવો વગર અણસાર રહેતો છે !

પરંતુ હાક પાડી જ્યાં **હરિ**ને દિલ પુકાર્યો છે,
**હરિ**ની હાજરી ત્યારે શી પ્રત્યક્ષ જણાઈ છે !

હરિ:ૐ

# લીધાં સાધન બધાં તેથી હૃદયનો ભાવ ટકવાને

સ્મરણનો માત્ર આધાર જીવનપથમાં લઈને મેં
-કર્યું છે ચાલવા, ક્યાંથી થયું રોકાણ અધવચમાં ?

જીવનપથમાં ચીલો ક્યાંયે ન આગળનો પડેલો છે,
લીધાં સાધન બધાં તેથી હૃદયનો ભાવ ટકવાને.

હૃદય એકાગ્ર કેંદ્રિત થયો જ્યાં સાધનાભ્યાસે,
હૃદય ત્યારે નૂતન નૂતન ખરું સૂઝતું ગયેલું છે.

**હરિ**ભાવ પરત્વેનો હૃદય સદ્‌ભાવ ટકતો છે,
બધું ચાલેલું ગાડું ત્યાં સુધી, સાચું ખરેખર છે.

હરિઃૐ

## હૃદય ચેતાવીને ભાવે અગન વિશે ઝબોળ્યો છે

સ્મરણ અભ્યાસ નિરંતર થતો ઊંડો ગયેલો છે,
સતત અભ્યાસ તેવાથી પ્રવેશાયું હૃદય વિશે.

ઊંડું જ્યાં જેમ ઊતરાયું થયું દર્શન અનુપમ જે,
જૂના સંસારની દુનિયા અલોપ જ શી થતી ગઈ છે !

નવા દર્શનની અદ્‌ભુતતા, કળાદર્શન અનેરાં છે,
મનાદિ તે સમય કેવાં શું મોહી ત્યાં પડેલાં છે !

પરંતુ ધ્યેય લગનીએ ત્યહીં ચેતાવી દીધો છે,
હૃદય ચેતાવીને ભાવે અગન વિશે ઝબોળ્યો છે.

હરિઃૐ

## હતી લગની હૃદય તેથી પ્રવેશાવાયું તે વિશે

સ્મરણનો દિલ અભ્યાસ નિરંતર જ્યાં થયેલો છે,
જીવનનાં શાં નૂતન સાધન પછી મળતાં ગયેલાં છે !

અજબનાં ને ગજબનાં શાં બધાં સાધન હતાં તે તે !
હતી લગની હૃદય તેથી પ્રવેશાવાયું તે વિશે.

ઊંડું ઊતરાયું છે જેમ રહસ્ય ખૂલતું હૃદયે
-થતું કેવું ગયેલું છે બધું તે તે વિશે નિશ્ચે !

જીવનમાં ભાવને મેં તો મહત્ત્વ દિલ આપ્યું છે,
સતત તે મોખરે રહેતાં નૂતન દર્શન થયેલું છે.

હરિઃૐ

## હરિપદમાં જ આળોટી શરણ એનું સ્વીકાર્યું છે

સ્મરણ અભ્યાસ પડવાથી સ્મરણના મધ્ય દરિયામાં,
ઘણી ડૂબકી લગાવીને પછીથી ઝંપલાવ્યું છે.

બધાં જોખમ અને સાહસતણી ચૂકવી દઈ કિંમત,
**હરિ**પદમાં જ આળોટી શરણ **એનું** સ્વીકાર્યું છે.

ભયંકર ગડમથલ વચ્ચે પથે શી આવી આવીને !
ભુલાવામાં જ નાખીને કંઈક ઊંધો ભમાવ્યો છે.

પરંતુ નિત્ય અભ્યાસ લીધે જે જાગ્રતિ દિલ છે,
હૃદયથી જાગ્રતિ લીધે જીવન જીવતું જિવાયું છે.

હરિઃૐ

# હૃદયના તીવ્ર ઉત્સાહે દીધું પથ ઝંપલાવી તે

તને સંભારી સંભારી જીવનમાં જીવવાનું છે,
પડે જ્યાં ખોટ ચાહવામાં હૃદય શી ચોટ લાગે છે !

હૃદયમાં આંચકો ત્યારે ભયંકર કેટલો કેવો !
ઊંડો ઊંડો જ લાગીને, હૃદય શો ધ્રાસકો પ્રેરે !

હૃદય ચેતી જવાકેરું ખરું પ્રત્યક્ષ લક્ષણ તે
-હૃદય પ્રેરાવવા કેવો મહદ ઉપકાર કીધો છે !

હૃદયના બેવડા જોશે જીવનના સાધનાભ્યાસે
-હૃદયના તીવ્ર/ઉગ્ર ઉત્સાહે દીધું પથ ઝંપલાવી તે.

સતત દિલની મથામણની જીવનની ભાવના પેરે,
ઊંડા શું ચંક્રમણ વિશે ખરું દિલને જગાડ્યું છે !

હરિઃૐ

# નિરંતરનો થવા કાજે સતત પદ લક્ષ પ્રેર્યું છે

ગઈ શી કમનસીબીની પળો ભારે જીવનમાં કૈં !
સ્મરણ ને પ્રાર્થનાનાં ત્યાં હૃદય સાધન લીધેલાં છે.

હૃદયમાં કેવી હળવાશ પ્રગટી ત્યારે ગઈ છે જે !
હૃદય નિરાંત વળી જઈને **हरि**માં ભાવ સ્ફુર્યો છે.

સતત બસ એકધારો તે **हरि**નો ભાવ ટકવાને,
નિરંતરનો થવા કાજે સતત પદ લક્ષ પ્રેર્યું છે.

શી ઉત્કટ લગની લાગંતાં **हरि**નાં ચરણને વિશે !
સતત શાં રસભર્યાં પોતે મનાદિ તો ટકેલાં છે !

હરિઃૐ

# હરિના સ્મરણને તોયે કદી પણ ના ભુલાયું છે

જીવનને સાબદું કરવા શું વજ્ર સમ બનાવેલું !
પરંતુ કોઈક વેળાએ થયેલું સાવ નરદમ શું !

બધાં હીરશક્તિ ક્યાંના ક્યાં ઊડી ત્યારે ગયેલાં છે,
બધુંયે નૂર ચહેરાનું ઊડી કેવું ગયેલું છે !

ભલેને પાણીને વિશે ગયેલો બેસી છો હોઉં,
**હરિ**ના સ્મરણને તોયે કદી પણ ના ભુલાયું છે.

ભજનકીર્તન હું ગાયાં તે સતત કરતો હતો પળ તે,
હૃદય લલકારીને **હરિ**ને હતો પોકારતો નિશ્ચે.

હરિ:ૐ

## હૃદયમાં ભાવની સ્ફુરણા થતાં ઉપલબ્ધ સૌ તે છે

હતી દિશા જીવનની સૌ છતાં ચોક્કસ દિશાકેરું
-કશું ના ભાન જાગેલું, હતું કમભાગ્ય તે કેવું !

પછીથી તો સમજવાને કરી યત્નો, મથેલો છું,
કૂંચી-તાળું ઊઘડવાને જડે ના, શોધી થાક્યો છું.

સ્મરણ અભ્યાસ નિરંતર કૃપાથી જ્યાં થયેલો છે,
હૃદયમાં ભાવની સ્ફુરણા થતાં ઉપલબ્ધ સૌ તે છે.

પછી અજવાળું, અંધારું, કશાં ના દ્વંદ્વ એવાં છે,
બધા ગુણનીય મર્યાદા વટાવી પાર પહોંચે તે.

હરિઃૐ

## જીવનમાં સભાનતાએ તો નવી દિશા ઉઘાડી શી !

જીવનઆદર્શનો પંથ સીધી લીટીતણો ના છે,
કહીંક વાંકોચૂકો કેવો ! ભુલાવામાં પડાતું છે.

સ્મરણના નાદના તાને, સ્મરણના ભાવના રંગે
-પથે ઠેકાણું પાડીને મને શરણે ઢળાવ્યો છે.

**હરિ**માં લક્ષ પ્રેરાવા પ્રતીક **હરિ**નું સ્મરણ શું તે !
બઢંતાં ભાવ હૈયાથી **હરિ**માં લક્ષ લાગ્યું છે.

**હરિ**માં ચોંટતાં લક્ષ **હરિ**ની સભાનતા સ્ફુરી,
જીવનમાં સભાનતાએ તો નવી દિશા ઉઘાડી શી !

હરિઃૐ

## શિખર સર્વોચ્ચ પહોંચાતાં ફૂટે સાક્ષિત્વ વિવેકે

સ્મરણસાધનથી જીવનમાં, સ્મરણના નિત્ય અભ્યાસે,
ખબરદારી, ટટારી શી હૃદય પ્રાપ્ત થયેલાં છે !

સ્મરણમાં ભાવ ફૂટવાથી તટસ્થ ત્યાં થવાયું છે,
વિવેક જ ત્યાં હૃદય ફૂટી નવું દર્શન થયેલું છે.


વિવેકે ઑર જીવનમાં નવો પલટો કરાવ્યો છે,
વિવેકે તો જીવન કેવું નવેસરથી ચણેલું છે !

વિવેકના સમો કોઈ બીજો શ્રીસદ્‌ગુરુ ના છે,
શિખર સર્વોચ્ચ પહોંચાતાં ફૂટે સાક્ષિત્વ વિવેકે.

હરિઃૐ

# ખંડ - ૪

# કૃપાની કરામત



ઊંડા તે સૂક્ષ્મ વિવેકે યથાયોગ્ય બધું શું તે
-કૃપા કરીને બતાવ્યું છે, કૃપા શી સાધનાની તે !

હરિઃૐ

# કૃપાની તે કરામતની કથું હું વાત કોને તે ?

શરૂ શરૂમાં સ્મરણ રંગ કદી લાગ્યો હૃદય નહોતો,
પરંતુ નિત્ય અભ્યાસે ચડસ ઊંડો ચઢેલો શો !

ચડસને કારણે કેવાં ધગશ, ઉત્સાહ ન્યારાં છે !
જણાયા તે વિના ના રહે, શી પ્રત્યક્ષ અસર ત્યાં છે !

પ્રકૃતિનાં વલણમાંથી જીવનનો ફેરપલટો તે,
સતત અભ્યાસને લીધે થતો કેવો રહે છે જે !

સતત મથતા રહેવાની જીવનમાં ધૂન લાગી છે,
કૃપાની તે કરામતની કથું હું વાત કોને તે ?

હરિઃૐ

## કૃપાની તે કરામતની અગમ્ય જ શી હકીકત છે !

સ્મરણની ભાઈબંધી શી રીતે મુજને થયેલી છે ?
કૃપાની તે કરામતની અગમ્ય જ શી હકીકત છે !

શરીરને રોગ પ્રગટાવી ગરજ મુજને જગાડીને,
શરીરનો રોગ ફીટવવા સ્મરણ લેતો કરાવ્યો છે.

સ્મરણનો દિલમાં સાચો ઊંડો અભ્યાસ પડવાને,
શું મક્કમ વ્રત, નિયમ, ટેક જીવનમાં લેવરાવ્યાં છે !

નિરંતર વ્રત, નિયમ, ટેક પળાતામાં, પળાતાં તે
-સ્મરણમાં ધોધ સમ ઝોક હૃદય વહેતો કરાવ્યો છે.

હરિ:ૐ

## ઘડવવા યોગ્ય જીવનને કૃપાથી તો મથાયું છે

શું બેદરકારી જીવનમાં નરી પેસી ગયેલી જે !
બધી નિવારવા એને હૃદય જાગૃત રહેલો જે.

હૃદયમાં ઝોક કેળવવા પરત્વેનો **હરિ**ભાવ
-જીવંતો દિલ ધારીને સતત વર્ત્યાં કર્યું તેમ.

હૃદય અભ્યાસ સાધનમાં સતત એકીટશે બસ તે
-રહેવાયું જ વળગીને જીવનની નેમ ધારી તે.

પ્રયત્નો આવડ્યા તેવા સમજી કરતો રહ્યા કરીને
-ઘડવવા યોગ્ય જીવનને કૃપાથી તો મથાયું છે.

હરિઃૐ

## કૃપાથી તે વિશે તેં શી હૃદય સમજણ પડાવી છે !

નજરચૂક કેટલીક વેળા થયેલી ધ્યેયથી શી તે !
કૃપાથી તે વિશે **તેં** શી હૃદય સમજણ પડાવી છે !

હૃદયની સાચી સમજણથી જીવન વિશે ઊંડું ઊંડું
-સમજવાનું થયેલું જે, હૃદય તેથી જગાયું શું !

જગાતાં સાચેસાચું જ્યાં પ્રયત્નો યોગ્ય દિશાના
-થતા રહેતાં, જીવનનો શો થતો ઉઠાવ અદ્‌ભુત ત્યાં !

જીવનવિકાસ પ્રત્યેની મથામણથી **હરિ**શરણે
-ઢળાયું છે, જીવનનું તે બધું ઘમસાણ ફીટ્યું છે.

હરિઃૐ

## કૃપાચાબુક લગાવીને પથે પાછો દડાવ્યો છે

પૂરા સાવધ રહેવાને શું પૂરતું લક્ષ પ્રેર્યું છે !
છતાં પથ કોઈક વેળાએ થતાં સાવધ ચુકાયું છે.

હૃદય ત્યારે શું પસ્તાવો પ્રચંડ જ આગની પેઠે
-ભભૂકેલો, પછી કેવું સીધું **एणे** સુઝાડ્યું છે !

છતાં તોયે થયું પંથે કદીક અટકી જવાનું તે,
કૃપાચાબુક લગાવીને પથે પાછો દડાવ્યો છે.

દડાવીને મજલ લાંબી મને **एणे** કપાવી છે,
કૃપાથી મારી શી **एणे** નજર ખોલાવી નાખી છે !

હરિઃૐ

## મને આગળનો પથ ત્યારે કૃપાથી શો સૂઝેલો છે !

'પ્રમાદ સહેજ સરખોયે રહેવા ના કશો દેવા',
ચીવટ, ઉદ્યમ, ધીરજ, ખંત ધરીને કાળજી રાખ્યાં.

જીવનધ્યેય પરત્વેની લગન, લત જે જલંતાં છે,
શું બઢવા તેથી તો ધક્કા બહુ જ લાગ્યા કરેલા છે !

જીવનની તેવી લગનીએ શો ધક્કેલ્યો પથે મુજને !
કદીક ખચકાઈને તોયે પથે અટવાઈ પડાયું છે.

**हरि**ને પ્રાર્થના ત્યારે ખરા અંતરથી શી થઈ છે !
મને આગળનો પથ ત્યારે કૃપાથી શો સૂઝેલો છે !

હરિઃૐ

## કૃપા વરસાવીને મુજ પર મને કેવો જગાડ્યો છે !

જીવનમુસાફરી વિશે હૃદય સાવધ રહેવાનું
-કદી ના લક્ષ રાખ્યું છે, બધી કમબખ્તી તેથી શું !

બધાં આશ્ચર્યમાંનું તે ખરે આશ્ચર્ય મોટું કે
-થતી કમબખ્તી એવીનું કશું ના ભાન જાગ્યું છે.

ભલેને ઠોઠ સંપૂર્ણ હોઉં પૂરો છતાં **हरि तें**
-કૃપા વરસાવીને મુજ પર મને કેવો જગાડ્યો છે !

જીવનના ઓલિયાએ શો **हरि तें** મોકલેલાએ
-જીવનના શા જુદા જુદા મને પાઠો ભણાવ્યા છે !

હરિઃૐ

## હૃદયની જાગૃતિથી શા કૃપાથી યત્ન સૌ કીધા !

જુદા જુદા પ્રસંગોમાં **હરિ**ને દિલ વણી લેવા,
હૃદયની જાગૃતિથી શા કૃપાથી યત્ન સૌ કીધા !

કદીક ફાવટ મળેલી છે, કદીક મીંડું વળેલું છે,
કદીક સ્ફુરણા મળેલી છે, કદીક દિલ ભાવ સ્ફુર્યો છે.

પરંતુ **જીવદશા**કેરી મળેલી પ્રકૃતિ જે છે,
અનેકે વાર હુમલાઓ શું એણે તો કરેલા છે !

કૃપાની સાવધાનીથી અને દિલ સાવચેતીથી,
હૃદયની જાગૃતિથી ત્યાં કૃપાથી દિલ ઉઠાયું છે.

ઊઠી ઊઠીને, ફરી ફરીને થયું બેસી જવાનું જે,
જીવનમાં ગડમથલ એવી બહુ વેળા થયેલી છે.

છતાં તેવી દશા વિશે **હરિ**ને યાદ કરવાનું
–કૃપાથી ના ચુકાયું છે, **હરિ**ની બોલબાલા તે.

હરિઃૐ

# જીવંતું ભાન હેતુનું કૃપાથી તો રખાયું છે

વલોવણ તો જુદી જુદી રીતે તીવ્ર થયેલું જે,
જીવનને ચારેબાજુથી ઊલટપાલટ કરેલું છે.

તળેઉપર કરી નાખી જીવનને પાસ લાગેલો,
પડાવી તેથી વિખૂટા કઢાવી સાવ નંખાવ્યો.

વલોવણની થતી જ્યારે હતી તે પ્રક્રિયા વિશે,
જીવંતું ભાન હેતુનું કૃપાથી તો રખાયું છે.

રહ્યો સંપૂર્ણ આધાર જીવન ઊર્ધ્વગમનનો જે,
ખરેખર દિવ્ય સક્રિય હૃદયની જાગૃતિ પર છે.

હરિઃૐ

# કૃપાના કોઈક કારણથી સીધે પાછું વળાયું છે

સીમાચિહ્ન જીવનપથમાં મળેલાં કોઈ પણ ના છે,
બહુ ઝીણવટથી મારે તો પડેલાં શોધવાં જે તે.

અનુભવની ઊંડી સમજણ હૃદયમાં બુદ્ધિની રીતે
-પ્રવેશેલી, હું તે રીતે મથેલો ચાલવા પંથે.

કદીક ઊંધું ચલાયું છે, કદીક શું આડફંટેયે !
કૃપાના કોઈક કારણથી સીધે પાછું વળાયું છે.

જીવનમાં કેટલી વાર શી માથાઝીક એવી તે
-થયેલી છે ! છતાં તંતુ ન દિલના ખોરવાયા છે.

હરિઃૐ

## કૃપાનું દિલ આવાહન કરી હરિને સ્તવેલા છે

હૃદયથી ભાઈબંધી શી મનાદિ સાથ કરવાને !
અમે નોબત વગાડીને મનાદિને જણાવ્યું છે.

મનાદિ સાથ કિંતુ તે લડત જાહેર કરી ના છે,
સ્મરણમાં ફોસલાવીને મનાદિને ઢળાવ્યાં છે.

પરંતુ એકદમ ઝટપટ ન માની જાય તેવાં તે,
કૃપાનું દિલ આવાહન કરી **હરિ**ને સ્તવેલા છે.

કૃપાનું દિલ અજવાળું અકસ્માતે થયેલું છે,
**હરિ**ની મહેરબાનીથી બધું મુજથી થયેલું છે.

હરિ:ૐ

## કૃપાથી તો સૂઝ્યું તેવું મથાવાનું થયેલું છે

થવા ઉઠાવ જીવનનો પૂરેપૂરો બધી રીતે
-કૃપાથી તો સૂઝ્યું તેવું મથાવાનું થયેલું છે.

અવળચંડુંય જીવનમાં શું વર્તાઈ જવાયું છે !
થતા પુરુષાર્થમાં, પડતાં જહીં તૂટ, ત્યાં હું ચેત્યો જે.

ફરી પાછો જ તેના તે જીવનયજ્ઞે મથી મથીને,
પરોવાઈ જવા ઊંડો મથેલો તીવ્ર તે વિશે.

જીવનના ધ્યેય-હેતુની હૃદયમાં સભાનતા પૂર્ણ,
હું સાચવવા મથેલો જે, કૃપા શી એવી પ્રત્યક્ષ !

હરિ:ૐ

## જીવનના વહેણની દિશા કૃપાએ તો વળાવી છે

સમજવા, જાણવા કરતાં અનુભવની ગતિ પ્રત્યે
-જીવનના વહેણની દિશા કૃપાએ તો વળાવી છે.

કદીક ત્યાં ખડકની સાથે શું અથડાઈ જવાયું છે !
છતાં શા દિલજુસ્સાથી કૃપાટેકે બચાયું છે !

**हरि**ના સાથની ઓથ જીવન જે જોમ પ્રગટાવે,
સહાનુભૂતિ પ્રેરાવી ગગન ઊડવાની શક્તિ દે.

**हरि** સંભારવાથી શો હૃદય ઉત્સાહ પ્રગટે જે !
જીવનને આંટીઘૂંટીથી તરાવી પાર તે દે છે.

હરિઃૐ

# મરણિયો યત્ન તેથી તો કૃપાથી આદરેલો છે

જીવનમાં ધ્યેયને માટે જીવનને જીવવાનું છે,
મરણિયો યત્ન તેથી તો કૃપાથી આદરેલો છે.

સતત બસ એકના એક જ જીવન પુરુષાર્થથી ઘડવા,
થયેલો ખંતથી ઉદ્યત ધીરજ, ઉદ્યમ ને હિંમતમાં.

નિરાશા છો ભલે આવે, છતાં તેમાંય મથવાનું
-થતું તેવું, સતત મેં તો જીવનમાં ચાલુ રાખ્યું શું !

ભલે સંજોગ કોઈ વેળા ગમે તેવા જીવનમાં હો,
છતાં તેમાંય હેતુનો ધરેલો ખ્યાલ છે ઊંડો.

જીવનનું ધ્યેય નિશાન કદીક ભૂલેચૂકે પણ તે
-ભુલાતાં, એકદમ કેવો હું ત્યારે જાગી ઊઠ્યો જે !

હરિઃૐ

## કૃપા કરીને બતાવ્યું છે, કૃપા શી સાધનાની તે !

પ્રદેશો સૂક્ષ્મ જીવનમાં જુદા જુદા મળેલા જે
-બધા તે અટપટા શા છે ! ન સમજાતા ખરેખર તે.

પરંતુ સાધના કરતાં ઊંચે ઊંચે જવાયું છે,
ત્યહીં વિવેકબુદ્ધિમાં થતો સૂક્ષ્મ ગયેલો જે.

ઊંડા તે સૂક્ષ્મ વિવેકે યથાયોગ્ય બધું શું તે
-કૃપા કરીને બતાવ્યું છે, કૃપા શી સાધનાની તે !

સતત એક જ વિષય પ્રત્યે ઊંડું ઊંડું વિચારાતાં,
મનન ચિંતવનથી શા તેવા બધું મેળે જણાતું ત્યાં !

હરિઃૐ

# બધું ઊલટાયું છે કેવું કૃપાબળના તપસથી જે !

જીવનમાં જામતાં રંગ તપશ્ચર્યા થયેલી છે,
તપસ ને ત્યાગ જીવનમાં બહુ ભારે થયેલાં છે.

જીવનમાં છોડવું જે તે બધું કેવું થયેલું છે !
જીવનમાં સર્વ રીતેથી થવું નગ્ન પડેલું છે.

શરમ, સંકોચ, મર્યાદા અને ઈજ્જતતણોયે તે,
બધાયે ખ્યાલ જીવનના ખરી કેવા ગયેલા છે !

મમત્વ ને મતાગ્રહ સૌ બધી સમજણ પડેલી જે,
બધું ઊલટાયું છે કેવું કૃપાબળના તપસથી તે !

હરિઃૐ

## કૃપા કરીને હરિ તેને શું ઊંચકી દિલ ચાંપે છે !

જીવનમાં આમથી તેમ શું અફળાવું થયેલું છે !
કુટાઈને કુટાઈને હું અધમૂઓ થયેલો જે.

છતાંયે સાન ના આવી, કશું ના ભાન જાગ્યું છે,
શું થપ્પડ, લાત પડતામાં કંઈક હું સળવળેલો જે.

ઈશારો સૂક્ષ્મ પ્રેરીને ઊંઘેલાને જગાડીને,
કંઈક લલચાવીને **एणे** ચરણની પાસ લીધો છે.

**हरि**ના વહાલનું ભારે જબરજસ્ત શું આકર્ષણ !
હું ખેંચાયા કરેલો શો ! થવાયું પદ શું આસક્ત !

**हरि**ના છત્રનું સાચું હૃદયભાન ગુમાવીને,
કદીક ત્યાં આમથી તેમ શું આળોટ્યા કરેલું છે !

પરંતુ પદ ઢળેલો જે છતાં ચસકેલ ભૂલે જે,
કૃપા કરીને **हरि** તેને શું ઊંચકી દિલ ચાંપે છે !

હરિઃૐ

## મને એણે કૃપા કરીને ધપાવ્યા પથ કરેલો છે

ચઢે ચીતરી જીવન એવું કદીક વર્તન થયેલું છે,
કૃપાથી ભાન સ્ફુરંતાં ન ત્યારે વાર લાગી છે.

શી ઉત્કટ તે તમન્નાની કળા રસીલી શી અદ્‌ભુત છે !
જીવનનું સૌ યથાયોગ્ય કરવવાને મથાવે છે.

બગાડેલું ગમે તેવું સુધારી તે અપાવે છે,
હૃદય સદ્‌બુદ્ધિ પ્રેરીને પથે પાછું ધપાવે છે.

બલિહારી શી અદ્‌ભુત જે તમન્નાની ખરેખર છે !
મને **એણે** કૃપા કરીને ધપાવ્યા પથ કરેલો છે.

હરિ:ૐ

## કૃપાબળના ચમત્કારે મિલાવટમાં હું ફાવ્યો જે

જીવનસંગીત કદીક કેવું ! શું અપરંપાર બેસૂરું
-બજીને, દિલ આઘાત ભયંકર ખૂબ વ્યાપ્યો છે !

મિલાવટ મસ્ત જામેલી સમગ્રે ઊંડી આધારે
-તૂટી ક્યારેક, ત્યાં કેવો હૃદય થડકાર વ્યાપ્યો છે !

બધું એકાગ્રતા તાન તૂટી ફૂટી ગયેલું છે,
ફરીથી જામવું સંગીત શું અઘરું થઈ પડેલું છે !

છતાં છંછેડીને તાર મિલવવાને મથેલો તે,
કૃપાબળના ચમત્કારે મિલાવટમાં હું ફાવ્યો જે.

હરિ:ૐ

## કૃપાની તે પ્રસાદીની બલિહારી અગમ્ય જ છે

શરીર હોવા છતાં પાછી શી દેહાતીત અવસ્થા જે !
-ભયંકર દર્દ જીવનમાં અનુભવવા મળેલાં છે.

અસહ્યાતીત હઠીલી જે શરીરની વેદના વિશે,
જીવન વ્યવહારની લીલા સતત ચાલ્યા કરે શી તે !

ન માત્ર કર્મ વ્યવહાર, ન માત્ર હરવુંફરવું તે,
પરંતુ મૌલિક સર્જનની ક્રિયા સાથે શી ચાલે છે !

અનુભવથી શી પ્રત્યક્ષ જીવન જોવા મળે છે જે !
કૃપાની તે પ્રસાદીની બલિહારી અગમ્ય જ છે.

હરિ:ૐ

## કૃપા એવી હરિકેરી જીવનમાં શી અનુભવી છે !

મથામણમાં, મથામણમાં સતત મથતા રહેવાથી
-જીવનપગદંડી લાધીને, પડાયું પંથ ઝડપેથી.

સતત બસ ચાલવાકેરું જીવનસદ્ભાગ્ય મળિયું છે,
પથે અવરોધ, નડતર શાં નડ્યાં વિધ કરેલાં છે !

પરંતુ દિલનો જુસ્સો નરમ તેથી પડ્યો ના છે,
કૃપા એવી **હરિ**કેરી જીવનમાં શી અનુભવી છે !

સતત બસ એકધારું જે લડત લડવા વિશે મનને
-પરોવી દઈ, **હરિ**ને સ્તવ્યા દિલમાં કરેલો છે !

હરિઃૐ

# કૃપાથી શી થઈ તેનું પરિણામ મળેલું છે

વ્યથાની શી કથા કરવી ! ભયંકર વેદના શી છે !
ભજનકીર્તન છતાં ભાવે થયાં કેવાં જતાં તે છે !

'**हरि** માથે બિરાજે છે' હૃદય જીવંતો વિશ્વાસ,
**हरि** શો પીઠ થાબડતો ! ન લાગે તેથી કઠણાશ.

**हरि**ને જીવતો કરવા જીવનમાં હું મથેલો જે,
શું પાણી ખાસ નેવાનાં ચઢાવેલાં જ મોભે છે !

જીવનને સાબદું કરવા કડીતોડ જહેમત જે,
કૃપાથી શી થઈ તેનું પરિણામ મળેલું છે.

હરિઃૐ

## પકવવાને અભય એવું કૃપાથી આચરાયું છે

જીવનની સર્વ બાજુનો જુદો જુદો બધો ભય જે
-હૃદયથી નિવારવા તેને કૃપાથી તો મથાયું છે.

ભયંકર ભયજનક એવી સલામતી જ્યાં કશી ના છે,
જગા એવી વિશે સૂઈને ભજન, કીર્તન કરેલાં છે.

સખત પોલીસની લાઠી ખસ્યા વિના તસુમાત્ર,
ઝીલી છે સ્મરતાં સ્મરતાં તે, અભયને નાણી જોવાને.

જહીં જૂથ સિંહનું છે જ્યાં તહીં દિન સાત ગાળ્યા છે,
પકવવાને અભય એવું કૃપાથી આચરાયું છે.

હરિઃૐ

## કૃપાથી શો હૃદય ધક્કો તહીં તારો જ લાગ્યો છે !

જુદા જુદા વળાંકોમાં પડ્યું ફંટઈ જવું મુજને,
અવળચંડાઈ ત્યાં કંઈક શી અણધારી થયેલી છે !

પરંતુ સમજદારીની હૃદય જે ચોટ લાગી છે,
જીવનઆદર્શ સર કરવા, જરૂર તેથી જગાયું છે.

જગાયું તેથી બેઠો થઈ પથે ડગ માંડવાનું જે
–ચપોચપ એકધારું તો શરૂ કેવું થયેલું છે !

કદીક અટકી પડાતું જ્યાં સતત બસ ચાલતા પંથે,
કૃપાથી શો હૃદય ધક્કો તહીં તારો જ લાગ્યો છે !

હરિઃૐ

## કૃપાથી જે મથાયું છે, થવાયું કૃતકૃત્ય જ ત્યાં

પરિસ્થિતિ જુદી જુદી જીવનમાં સાંપડેલી છે,
જુદું જુદું જ આવ્યું છે, જીવનમાં વર્તવાનું તે.

જુદા જુદા જ સંજોગો વિશે **હરિ**ભાવ જાળવવા,
કૃપાથી જે મથાયું છે, થવાયું કૃતકૃત્ય જ ત્યાં.

શરીરને વેદનાકારક થયા હોત રોગ જો ના તે,
**હરિ**શક્તિ અનુભવવા મળી હોત ના ખરેખર જે.

**હરિ**ની શક્તિ પ્રત્યક્ષ જીવનમાં વર્તતી નક્કર,
બધું તે વાસ્તવિકતામાં અનુભવથી થયું દર્શન.

હરિઃૐ

## હૃદયના ભાવથી માન્યા, 'કૃપાની તે પ્રસાદી છે'

ભયંકર, કેટલા કેવા અકસ્માતો જીવન વિશે
-નડેલા છે, છતાં ત્યારે ન હિંમત પણ ચૂકેલો જે.

થયેલો બહાવરો ત્યારે કબૂલ તે પણ કરી લઉં છું,
છતાં ઝટપટ હૃદયસાને હું પ્રગટી શો ચૂકેલો જે !

શું ઉત્કટ ભાન જાગે જ્યાં, સમજ ત્યારે હૃદયમાં તે
-પરત્વેની શી જાગીને ! શી હૈયાસૂઝ પ્રેરે છે !

અકસ્માતો જીવનમાં કંઈ કૃપાથી જે મળેલા છે,
હૃદયના ભાવથી માન્યા, 'કૃપાની તે પ્રસાદી છે'.

હરિઃૐ

## બહુ જ મથતા રહેવાનું કૃપાએ શિખવાડ્યું છે

હૃદય આકર્ષનારાં શાં બહુ જ લોભાવનારાં જે,
કંઈક કરતૂક ને દૃશ્યો જીવનમાં પ્રગટી ચૂક્યાં છે !

કદીક ત્યારે હું મોહ્યો છું, કદીક તેથી ફસાયો છું,
કદીક તેમાં તણાયો છું, છતાં શો ઊગરેલો છું !

ગમે તેવું થતાં ઊંધું છતાં તેવા પ્રસંગોએ,
બહુ જ મથતા રહેવાનું કૃપાએ શિખવાડ્યું છે.

જીવનમાં અડચણોથી તો શી સંકડામણ થયેલી છે !
છતાં ત્યાંયે મથામણથી શી હૈયાસૂઝ જાગી છે !

હરિઃૐ

## જીવનનો મર્મ સમજાતાં પછી ફાવટ મળી ગઈ છે

જીવનમાં જે હતું મારું નર્યું અધકચરું વર્તન તે
-કૃપાથી ડંખતાં તીવ્ર, વળ્યું મન તેથી પાછું જે.

પછીથી તો નિરાંતે ના કદી પણ હું સૂતેલો છું,
રહેવાને પૂરો સાવધ પૂરેપૂરું મથ્યો છું હું.

લીધેલો દિલ અભ્યાસ ચીવટથી વળગી શું રહીને
-મથામણમાં દિવસ અઘરા મહામહેનતથી ગાળ્યા છે !

જીવનમાં એકધારું તે મથ્યા કરવાથી બસ નિત્યે,
જીવનનો મર્મ સમજાતાં પછી ફાવટ મળી ગઈ છે.

હરિઃૐ

## પછીથી શો જીવનનો તે હૃદયમર્મ જણાયો છે !

જીવનમાં કેટલી વાર કંઈક ભ્રમણા થયેલી છે,
જીવન શું એવી ભ્રમણામાં વહ્યા કેવું ગયેલું છે !

પરંતુ કોણ જાણે શી હૃદયમાં ચોટ લાગી ને
-વહેતા વહેણ ઊંધાથી ખરો પછડાટ લાગ્યો છે !

વળાવાને હૃદય તેથી કંઈક સમજણ ઊગેલી છે,
પછીથી શો જીવનનો તે હૃદયમર્મ જણાયો છે !

જીવનઆદર્શનું ધ્યેય પળે તે પ્રજ્વળી હૃદયે,
વલણમાંથી જ તારવતાં  કૃપાએ શિખવાડ્યું છે.

હરિઃૐ

## હૃદય જાગ્યાથી શો તારો બહુ જ ઉપકાર માન્યો છે !

જીવનમાં ક્યાં ક્યાં રખડાયું ! જુદા જુદા જ રસના તે
-જીવનમાં સ્વાદ ચાખ્યા છે, હું રખડી શો પડેલો જે !

રખડતાં ને રખડતાં પથ હું અટવાયો બધે જ્યાં ત્યાં,
હૃદય ત્યારે શી લાગી છે ભયંકર ઠેસ, ઠોકર જ્યાં !

હૃદય તે દર્દનું ભાન સમય ત્યારે થયેલું છે,
ખરેખર વેદનામાં ત્યાં પરોવાઈ જવાયું છે.

વળી શો વેદનાએ તે મને પજવ્યા કરેલો છે !
પરેશાન જ કરી દઈને ખરેખર શો પછાડ્યો છે !
ડખોળી ખૂબ નાખ્યો છે.

બધું ભાન જ ગુમાવ્યું છે, ભૂલેલો જ્યાં પૂરો મુજને,
મને ત્યાં છાતીમાં લાત શી જબ્બર **તેં** લગાવી છે !

હૃદયમાં જગાડવા ભાન કૃપાથી શી કરામત તે
-હૃદય જાગ્યાથી શો તારો બહુ જ ઉપકાર માન્યો છે !

હરિઃૐ

## પ્રકાશ જ ખોળવા કેવો ભગીરથ યત્ન કીધો છે !

શી અંધાધૂંધી જીવનમાં કદીક પ્રગટી ગયેલી છે !
બહુ જ ફાંફાં પથે ત્યારે અહીંથી ત્યાં મરાયા છે.

જીવનના ખૂબ અંધારા વિશે તેવા, હૃદયમાં મેં
-પ્રકાશ જ ખોળવા કેવો ભગીરથ યત્ન કીધો છે !

છતાં પુરુષાર્થના કરતાં ત્યહીં દિલમાં મને ત્યારે
-કૃપાબળની જ શક્તિનું ખરું દિલ ભાન જાગ્યું છે.

પછીથી તો જીવનમાં સૌ થયો પુરુષાર્થ જે જે છે,
કૃપાબળ માત્ર આધારે બધું તે તે થયેલું છે.

હરિઃૐ

# ખબરદારી ધરી દિલથી પછી ચાલ્યા કર્યું મેં છે

જીવનમાં ચેનબાજીની રમત મંડાઈ ચૂકેલી જે,
નશો, ઘેન ખરેખર શાં ચઢી સવાર થયેલાં છે !

જીવનને ત્યાં સમજવાનું કશું પણ ભાન જ્યાં નહોતું,
કૃપા કરી ઓલિયો ત્યારે **हरि तें** મોકલેલો શું !

કરી હિકમત શી મારી પર પછી સ્મરણે ચઢાવ્યો છે !
હૃદય પોરસ ચઢાવીને ચઢાવી લગામ દીધી છે.

પછીથી શો મને **एणे** જીવનનો રાહ ચીંધ્યો છે !
ખબરદારી ધરી દિલથી પછી ચાલ્યા કર્યું મેં છે.

હરિઃૐ

## મદદ દીધી, હૃદય માનું હું તુજ ઉપકાર શી રીતે ?

જીવનમાં જે અવળચંડું ખસેડાવા બધું તેને,
હૃદયભાન કૃપાએ શું રખાવ્યું તો રહેલું છે !

કદીક શું કોઈક વેળાએ હૃદય તે ભાન ભૂલ્યો જે,
છતાં આવી જતાં પથ પર બહુ જ શ્રમ શો પડેલો છે !

મનાદિમાં જ્યહીં ખૂંચતું ખરેખર ખૂબ લાગ્યું છે,
ભૂલા ત્યારે પડેલાનું મને લક્ષણ જણાયું છે.

**હરિ**ને કેટલું ત્યારે કથેલું કરગરીને છે,
મને ત્યાં સહાય દેવાને **હરિ**ને વીનવેલો છે.

ગણીને નિજનો તારો મને **તેં** દોડી આવીને
–મદદ દીધી, હૃદય માનું હું **તુજ** ઉપકાર શી રીતે ?

હરિઃૐ

# હૃદય ચોકસાઈ સંપૂર્ણ પૂરી દિલ જાળવેલી છે

‘હવે જીવવું કઈ રીતે ?’ જીવનનો તે પ્રમાણેનો
-વિચારી બુદ્ધિથી ઊંડું, જીવન નકશો બનાવ્યો છે.

જીવનનું તે રીતે સઘળું બધું ચણતર થવા કાજે,
હૃદય ચોકસાઈ સંપૂર્ણ પૂરી દિલ જાળવેલી છે.

કદીક ભૂલ થઈ જાતાં, નયન સામે જીવન નકશો
-ધરી ધરીને, વિચારીને, શું બગડેલું સુધાર્યું છે !

અણીશુદ્ધ પૂરેપૂરી વ્યવસ્થા જાળવીને તે
-બરાબર યોગ્ય રીતેથી બધું ચણવા જ માંડ્યું જે.

કૃપાની મહેરબાની કે હૃદય અક્કલ સૂઝેલી છે,
નહિતર ત્યાં હું મૂર્ખાનું ગજું નહોતું કશું પણ કૈં.

હરિઃૐ

## જીવનનું આડુંતેડું સૌ દીધું છે ચાલવા ના તે

જીવનના અગડંબગડંથી થવાવા મુક્ત સૌ રીતે,
સમજી, સમજી જીવનમાં તે અમલ મૂકવા કરેલું છે.

જીવનનું આડુંતેડું સૌ દીધું છે ચાલવા ના તે,
પ્રમાણિક યત્ન તેવામાં પરોવ્યા દિલ કરેલું છે.

વ્યવસ્થા યોગ્ય, ચોકસાઈ જીવનમાં યોગ્ય અવતરવા,
વિચારીને સમજપૂર્વક મથાયું ઉતારવા તેને.

કૃપાથી જ્ઞાન ને ભક્તિ જીવનમાં પૂર્ણ અવતારે
-હૃદય પ્રગટાવવા અર્થે જીવનમાં તો મથાયું છે.

હરિઃૐ

# પડાતાંમાં તને સાદ હૃદય અજવાળું પાડ્યું છે

પથે શી ગડમથલ ભારે મહીં આવી પડાયું છે !
ભરાઈને પુરાઈ ત્યાં જવું કેવું પડેલું છે !

જીવનના ધ્યેયની લગની શી અગ્નિ પેઠ જલતી જે !
પથે ચેતાવીને **એણે** મને પાછો જ વાળ્યો છે.

અનેકે વાર એવી શી ચૂકામૂકમાં પથે મુજને,
કૃપાથી હાથ પકડીને જરૂર સંભાળી લીધો છે.

લથડિયાં કંઈક ખાધાં છે, પડ્યું અથડાવું છે પંથે,
પડાતાંમાં તને સાદ હૃદય અજવાળું પાડ્યું છે.

હરિ:ૐ

## સહેવાનું બને શક્ય हरि તુજ માત્ર શક્તિએ

જીવનમાં કેટલી વેળા ચમત્કાર કૃપાનો તે
-અનુભવ દિલ થવાથી, ત્યાં **हरि**માં લક્ષ ચોંટ્યું છે !

શરીરમાં ઉગ્ર રોગોની ભયંકર વેદના જે છે,
સહેવાનું બને શક્ય **हरि** તુજ માત્ર શક્તિએ.


**हरि** તુજ શક્તિ પ્રત્યક્ષ જીવન વર્તી રહેલી છે,
ભયંકર વેદના વિશે રહેવાતું જ સાક્ષી છે.

નહિતર કોઈ જીવનું પણ ગજું એવું ન તે વિશે,
બધું જિરવાતું જે રહે છે, કૃપાની બસ કરામત છે.

હરિઃૐ

# ખંડ - ૫

# ચરણ, પ્રેમ, તમન્ના, ભાવ



**હરિ**ને શોધવા માટે ખરે પોતા વિના ક્યાંયે
-ન કોઈ યોગ્ય પાત્ર જ છે, ભલે શ્રીસદ્‌ગુરુ પણ હો.

હરિઃૐ

# ઉમળકાથી ચરણ તારે જીવન સઘળું ધરેલું છે

હૃદયની નેકદાનીથી તને વરવા ચહી ચહીને,
ઉમળકાથી ચરણ તારે જીવન સઘળું ધરેલું છે.

મનવવાને તને દિલથી નૂતન શા કોડ ધરી ધરીને !
તને સંતોષ દેવાને જીવનમાં વર્તવું અમ છે.

પરંતુ કોણ જાણે કે નજર સરખી કરે ના **તું**,
છતાં પણ ચાહવું દિલથી તને, કર્તવ્ય ધાર્યું છે.

હૃદયથી ચાહવું **તુજ**ને પદે જઈ વારી વારીને,
અમારે માટ તે તે સૌ, ગણતરી **તુજ** ન તેમાં છે.

કદીક રીસમાં વિનોદે જે વદાયેલું કંઈક જે છે,
પૂરા તે અર્થમાં સાચા ગ્રહી લેવું ઘટે ના તે.

હરિઃૐ

## ચરણ આકર્ષીને કેવો ચરણ બેસાડી દીધો છે !

જીવનનું ઠામઠેકાણું કશું જ્યારે નહોતું જે,
જીવન ગરબડિયું ત્યારે તો ચલાવેલું હતું શું તે !

જીવનના કોઈક સંજોગે હૃદય ચીરા થયેલું છે,
કંઈક કરતૂકથી મીઠું તહીં ભભરાવી દીધું છે.

શું ચણચણાટ ભારે ત્યાં ભયંકર દિલ લાગ્યો છે !
હૃદય ચેતી જવાકેરો ખરો શો ઘંટ વાગ્યો છે !

મનાદિ એકબે વાર કશું ગણકાર્યું ના દિલ છે,
છતાં શો ઘંટ ફરી ફરીને શું સંભળાતો રહેલો છે !

કૃપા એવી **હરિ**વરની સતત બસ ખેંચી ખેંચીને,
ચરણ આકર્ષીને કેવો ચરણ બેસાડી દીધો છે !

હરિઃૐ

# સમર્પ્યા તે વિના ચરણે ન અમને ચેન ક્યાંયે છે

કશું પણ ક્યાંય અવલંબન જીવન સંસારમાં ના છે,
**હરિ**નું એકલાનું તે શું અવલંબન અમારે છે !

બધું સારું અને નરસું થતું જે જે જીવનમાં છે,
સમર્પ્યા તે વિના ચરણે ન અમને ચેન ક્યાંયે છે.

બધાં સુખદુઃખ જીવનનાં, બધી કથની જીવનની જે,
નિવેદીને **હરિ**ચરણે રહ્યા કરીએ જ ખાલી તે.

કશું ભરી રાખવું અંતર ન અમને પાલવે છે તે,
ભરી રાખ્યાતણું કેવું અજીર્ણ શૂળ પ્રેરે છે !

જીવનનો નિત્ય અભ્યાસ પડી ચૂકેલ તેનો તે
-કર્યા વિના અમલ, અમને ન કંઈ નિરાંત વળતી છે.

હરિઃૐ

# થઈ યાહોમ સંપૂર્ણ ચરણમાં શીશ મૂક્યું છે

જીવનધ્યેય ફળવવાને ઝઝૂમીને, ઝુકાવીને,
થઈ યાહોમ સંપૂર્ણ ચરણમાં શીશ મૂક્યું છે.

ઊછળતો દિલ ઉમળકો હૃદયનો હર્ષ ત્યારે તે,
શી છોળો તે જીવનકેરી ! હૃદયમાં યાદ આવે છે.

હૃદય તલસાટના ત્યારે દિવસ, ન્યારા, અનોખા છે,
ખરેખર તે જીવન કેવું હતું ધન્ય અમો માટે !

જીવન તે વહી ગયેલું છે, જીવનદર્શન નવું નવું જે
-ઊઘડતું રહે જીવનપટમાં, જીવનની શી લીલા તે છે !

હરિઃૐ

## બધું તે શ્રીહરિચરણે હૃદય વારી સમર્પ્યું છે

જીવનમાં જેની સંગાથે હૃદયસંબંધ લાગ્યો છે,
નકામો હેતુ વિનાનો જવા દીધો કદી ના તે.

મળેલું સ્થૂળ ને સૂક્ષ્મ વળી **કારણ**થી કંઈ જે તે,
બધું તે **શ્રીહરિ**ચરણે હૃદય વારી સમર્પ્યું છે.

પ્રમાણિકતાથી જીવનને શું સંપૂર્ણ કરી ખુલ્લું !
ચરણ **હરિ**ને નિવેદીને રહ્યા ખાલી કરેલો છું.

**હરિ**નો સાવ નાદાન મુનિમ હું તો ચરણનો જે,
થતું જે તે, નફોતોટો, નિવેદી સૂવું નિરાંતે*

* શ્રી સી. ડી. શાહ સાહેબના જન્મદિવસે.

હરિઃૐ

## જીવનની કરણીની સામું કદી જોયું કશું ના છે

અમારાં પાપ કે પુણ્ય જરા પણ **તેં** ન જોયાં છે,
જીવનની કરણીની સામું કદી જોયું કશું ના છે.

હૃદયમાં ભય હતો ભારે, ‘થશે શું શું અમારું તે !’,
ચરણ તુજ આવતાં પાસે, બધો ઉરાડી દીધો **તેં.**

પછી તો હેત પણ અમને હૃદયથી શું વછૂટ્યું છે !
તને કેવો ચહી ચહીને હૃદય સ્મરણે નવાડ્યો છે !

હવે તારા વિના અમને હૃદય ના ચેન પડતું છે,
વીલો પળ પણ મુકાતાં, અમારું દિલ શું કંપે છે !

હરિઃૐ

# હરિ શો એકલો માત્ર ધણીધોરી જીવનનો છે

અમારે **શ્રીહરિ**ચરણે જીવનનું સર્વ જે કંઈ તે
-સમર્પીને પછી એના મુનીમ ખાલી અમે છીએ.

ઈશારે માત્ર **શ્રીહરિ**ના અમારે ચાલવાનું છે,
**હરિ** શો એકલો માત્ર ધણીધોરી જીવનનો છે.

અમારે ને જીવન વચ્ચે હવે ના ભેદ ક્યાંયે છે,
પરસ્પરમાં **હરિ** કેવો શું સાંકળરૂપ અમોને છે !

**હરિ** ના માત્ર સાંકળ છે, **હરિ** પોતે બધું જે તે,
**હરિ**નું સર્વ પ્રતિબિંબ પરાવર્તન થયેલું છે.

**હરિ**માં મન વળાવીને, **હરિ**માં મન ભળાવીને,
ચરણ સંયુક્ત કરી દઈને **હરિ**નો દિલ થયેલો તે.

હરિઃૐ

## ચમત્કારિક ભંડાર હૃદયના પ્રેમનો શો છે !

ચમત્કારિક ભંડાર હૃદયના પ્રેમનો શો છે !
પૂરેપૂરો ન કોઈ તેને હજી ઓળખી શકેલું છે.

કંઈક તેના વિશે ગોથાં ઊંડે ખાતાં અને ખાતાં
-ડૂબી કેવા ગયેલા છે ! છતાં ના પાર પામ્યા છે.

કંઈક ડૂબતાં જતાં કેવા શું તરવાનું શીખેલા છે !
મહામુશ્કેલીથી તરતાં વમળ ભીષણ વટાવ્યાં છે.

ખજાનો લાગતાં હાથે ન લેવા દિલ ચહેલું છે,
બધુંયે મેળવેલું જે પૂરું પાછું જ સોંપ્યું છે.

હરિઃૐ

## ઉમળકાથી જ વારીને સહેવું પ્રેમ જાણે છે

કંઈ શંકા કુશંકાઓ કશાં એ પ્રેમમાં ના છે,
વળી શાં પ્રેમજીવનમાં તપસ, ત્યાગ મહત્ત્વે છે !

ન આડીઅવળી પંચાત કશી પણ પ્રેમ ધરતો છે,
ઉમળકાથી જ વારીને સહેવું પ્રેમ જાણે છે.

કદી પણ ક્લેશ, સંતાપ, અસૂયા દિલ ન ઊપજે છે,
હૃદય નિશ્ચિંતતા એને પૂરેપૂરી બધી રીતે.

જીવન આનંદ મહાલે જે ખરેખર પ્રેમના દિલને
-જીવનનો ઑર લહાવો તે, અવર સુખ તે ન જાણે છે.

હરિઃૐ

## કશી પણ ઝંખના, ઈચ્છા કદી ના પ્રેમને કંઈ છે

કશી આશા, અપેક્ષાઓ કદી ના પ્રેમ ધરતો છે,
કશી પણ ઝંખના, ઈચ્છા કદી ના પ્રેમને કંઈ છે.

નિજાનંદે હૃદયમસ્તી વિશે તે રાચતો રહે છે,
જગત જંજાળમાં એનાં મનાદિ ના પ્રવર્તે છે.

સદા આનંદની મોજ જીવન એને વસેલી છે,
ભલે તે એકલો, તોયે બીજાં સાથે ભળેલો છે.

પરસ્પરમાં, પરસ્પરથી ભલે તે દિલ સાથે છે,
છતાં પોતા વિના બીજાં ન કોઈને પિછાને તે.

હરિઃૐ

# બધાની પાર સોંસરવું નીકળવું પ્રેમ જાણે છે

ભયંકર આફતો વચ્ચે જરૂર પથ ખોળી નિજ લે છે,
બધે અડચણ પથે હોવા છતાં, ના પ્રેમ ગણતો છે.

બધાની પાર સોંસરવું નીકળવું પ્રેમ જાણે છે,
પથે રોકાઈ રહેવાનું કદી અધવચ ન સમજે છે.

કદી કોઈ જ્ઞાનપૂર્વકનો કરે સત્કાર ના **એનો**,
છતાં ખોટકાઈ રહેતો ના કદી અટવાઈને **એ** તો.

પડી રહેવાનું જાણે છે વળીને ગૂંચળું ના તે,
નિરાંતે સોડ તાણીને છતાં શો સૂઈ રહેતો છે !

હરિઃૐ

## તમન્ના કેટલો મોટો ખરેખર ભાગ ભજવે છે !

જીવનમાં ખંત ને જુસ્સો, ધીરજ, ઉત્સાહ, ઉદ્યમને
-પથે વળવા સમજથી મેં કૃપાથી જોડી દીધાં છે.

પથે વધવા, 'વિના ગુણો જીવનમાં ચાલતું ના છે',
ઊંડી સમજણ હૃદય તેવી ઊંડી ઊતરી વસેલી છે.

જીવનની ભક્તિમાં જ્યારે સભર પગલાં ભરાતાં છે,
ગુણો ને ભાવ બંનેનો જીવનમાં પ્રકાશ ફોરે છે.
થતો વિકાસ લાગે છે.

જીવનના ધ્યેય-હેતુને ફળવવામાં જીવન વિશે,
તમન્ના કેટલો મોટો ખરેખર ભાગ ભજવે છે !

હરિઃૐ

## તમન્ના ભેરુએ ત્યારે મને સાવધ કરેલો છે

કદીક લડવું, ઝઘડવાનું જીવનમાં બહુ થયેલું છે,
મગજમાં ગરમીનો પારો ઊંચો ત્યારે ચઢેલો છે.

ભયંકર ભૂલનું પછીથી હૃદયમાં ભાન જાગીને
-શું ઠંડોગાર પાછો શો ધીમે ધીમે પડેલો જે !

જીવનમાં ઉતાવળા કેવા થતા છે બાવરા કર્મે !
તમન્ના ભેરુએ ત્યારે મને સાવધ કરેલો છે.

પથે વધતાં, તમન્ના પણ ઊંચી ઊંચી ભભૂકી છે,
પથે એવી તમન્નાથી બધાં કર્મો સધાયાં છે.

હરિઃૐ

# તમન્નાએ કરી કર્મ પથે પાછો ચઢાવ્યો છે

હૃદયથી સાધનામાર્ગ સ્વીકારાયો જીવનમાં છે,
પછી તેના પરત્વેનાં બધાં કર્મો સૂઝેલાં છે.

ગ્રહેલું તે પરત્વેનો વફાદારીતણો ધર્મ,
ભજવવાનો જીવન આવ્યો, સ્વીકારી લીધું તે કર્મ.

જીવનનો સાધનામાર્ગ સીધી લીટીતણો ના છે,
ઊંચેનીચે જ ફંટાતો, કદીક વાંકોચૂકો શો તે !

પરંતુ અગ્નિના જેવી તમન્ના દિલ લાગી જે,
મને એણે ચલાવીને સીધે માર્ગે જ વાળ્યો છે.

જવાયું જો કદીક આડું હૃદય ચેતાવવાનું તે,
તમન્નાએ કરી કર્મ પથે પાછો ચઢાવ્યો છે.

હરિઃૐ

## વિકસતા ભાવમાંથી સૌ ઉદય ગુણનો થતો રહે છે

જીવનમાં કેટલા કેવા બધા ખટરાગ છે ! તેને
-હૃદયથી હઠાવવા કોશિશ પૂરેપૂરી થયેલી છે.

જીવનમાં, ભક્તિ ને જ્ઞાનતણો તે ભાવ કેળવવા,
લીધાં અભ્યાસનાં સાધન સતત વળગી રહ્યો તેને.

સતત અભ્યાસ એવાથી જીવનમાં ભાવ પ્રગટે છે,
વિકસતા ભાવમાંથી સૌ ઉદય ગુણનો થતો રહે છે.

જીવનમાં તેથી વિકસાવા મહત્ત્વે ભાવ **હરિ**માં તે
-પરત્વે લક્ષ સંપૂર્ણ કૃપાથી તો અપાયું છે.

હરિઃૐ

# ઉછાળો ભાવનો ત્યારે ફુવારા જેમ ઊછળે છે

યથાયોગ્ય પૂરેપૂરું જીવન પ્રસ્થાપવા હૃદયે,
ઊંડું ઊંડું વિચાર્યું કે કઈ રીત વર્તવાનું છે ?

નિવેદન ને સમર્પણ ને ભજનકીર્તન, સ્મરણસાધન,
ગ્રહેલું પ્રાર્થનાસાધન, થયેલું છે નિદિધ્યાસન.

અભય ને મૌન, એકાંત હૃદયથી નમ્રતાનું જે,
જીવનમાં તે બધાં સાધન હૃદયથી કેળવેલાં છે.

હૃદયના ભાવથી સાધન બધાં જ્યારે થતાં રહે છે,
ઉછાળો **ભાવ**નો ત્યારે ફુવારા જેમ ઊછળે છે.

હરિઃૐ

## હૃદય તે ભાવને લીધે પછી દર્શન નવીન શું છે !

હૃદય એકાગ્ર, કેંદ્રિત થતાં સાધન થયેલાં છે,
હૃદયમાં તે પ્રમાણેની પ્રગટતી ધારણા થઈ છે.

હૃદય એકાગ્રતા એવી શિખર ટોચે પહોંચી છે,
બીજાં ગૂઢ સૂક્ષ્મ સાધન સૌ મને તેમાંથી સૂઝ્યાં છે.

નિરંતરનો હૃદયભાવ થયેલો જીવતો જ્યાં છે,
હૃદય તે ભાવને લીધે પછી દર્શન નવીન શું છે !

તહીં સૌ જેમનું તેમ બધું હોવા છતાં હૃદયે
-બધાંનું હાર્દ અંતરનું પૂરું ખુલ્લું થતું ત્યાં છે.

હરિઃૐ

## હૃદયનો ભાવ તે માત્ર ખરો શો માપદંડ જ છે !

**हरि**ને સ્નાનસૂતક ના કશાં કોઈ કર્મ સાથે છે,
હૃદયનો ભાવ તે માત્ર ખરો શો માપદંડ જ છે !

હૃદયનો ભાવ કેળવવા લીધેલાં સાધનો જે જે
-વિશે તેને વફાદાર રહી, વર્ત્યાં કરેલું છે.

**हरि** મારા જીવનનાવતણો ટંડેલ પાકો છે,
બધી રીતે જ જાણીતો, શું માહિતગાર પાછો તે !

જીવન સોંપી **हरि**ચરણે થઈ નિશ્ચિંત સાધનને
-રહી વળગી કર્યાં કીધાં, જીવનની તે કમાણી છે.

હરિઃૐ

## હૃદયમાં ભાવ એનાથી બઢંતાં, કંઈક પામ્યો છું

જીવનજંગલ વિશે કેવો કદીક ખોવાઈ ગયેલો છું,
બહુ મથતાં જીવનપગથી બહુ શોધ્યે મળી ના શું !

જુદાં જુદાં બધાં સાધન કૃપાથી કરી ચૂકેલો છું,
હૃદયમાં ભાવ એનાથી બઢંતાં, કંઈક પામ્યો છું.

હૃદય વિશ્વાસ સંપૂર્ણ શું એનાથી ફળેલો છે !
પછી તો સડસડાટ જ શું પથે ઝટપટ ધપાયું છે !

પ્રવાસ **જીવ**નો જે તે નિરંતરનો થયેલો છે,
હવે છેડો જ આવીને ચરણમાં શો વિરામ્યો છે !

હરિઃૐ

# હૃદયમાં ભાવનો ઊભરો શરૂ ત્યારે થયેલો છે

**હરિ**ને યાદ કરવાનું હૃદયમાં તો ચહી ચહીને
-જીવનનું ધ્યેય તે સાચું હૃદય પાકું થયેલું છે.

જીવનમાં પારકી તેથી બધી પંચાત છોડીને,
અમે તેથી અમારામાં થવા એકાગ્ર ધાર્યું છે.

હૃદય એકાગ્રતા જ્યારે થવા પાકી જ લાગી છે,
હૃદયમાં ભાવનો ઊભરો શરૂ ત્યારે થયેલો છે.

પ્રગટતાં ભાવ હૈયામાં પ્રસરવા દિલ લાગ્યો છે,
બધે આધારમાં પછી તો ફરી કેવો વળેલો છે !

અકલ્પ્ય શું જીવનધ્યેય થતું સાકાર ત્યારે તે,
અને એનું જ પ્રત્યક્ષ નર્યું પરિણામ જોયું છે.

હરિઃૐ

## રહે જળવાઈ જો ભાવ, થતું તે યોગ્ય માન્યું છે

જીવનના કંઈ પ્રસંગોમાં 'જીવનમાં કેટલુંક બળ તે
-ખરું પ્રત્યક્ષ જીવંતું'-મળેલું જાણવા ત્યારે.

પ્રસંગોની પ્રમાણેનું જીવન આદર્શની રીતે
-થવા વર્તન, ઊંડી ત્યારે સમજ તેની પડેલી છે.

'યથાયોગ્ય બધી રીતે પૂરું પાર ઊતરતું છે',
રહે જળવાઈ જો ભાવ, થતું તે યોગ્ય માન્યું છે.

'**हरि** પ્રત્યેનો દિલભાવ જીવંતો કેટલો કેવો
-ટકેલો રહે જીવનમાં !' તે હૃદય લક્ષણ પ્રમાણ્યું છે.

હરિઃૐ

# સ્ફુરંતાં દિલ સદ્‌ભાવ થતું યોગ્ય પ્રમાણ્યું છે

**હરિ**ને શોધવા માટે ખરે પોતા વિના ક્યાંયે
-ન કોઈ યોગ્ય પાત્ર જ છે, ભલે શ્રીસદ્‌ગુરુ પણ હો.

સતત જાતે મથ્યા વિના ન ઊકલે કોયડો કદી તે,
મર્યા વિના કદી સ્વર્ગે ન કોઈથી જવાતું છે.

સતત તેથી મથામણની જીવનની પરંપરાઓ જે,
ઉમળકાથી ચહી ચહીને પરિશ્રમથી ચલાવી છે.

મથામણની થતી રહેતી જીવંતી પ્રક્રિયા વિશે,
સ્ફુરંતાં દિલ સદ્‌ભાવ થતું યોગ્ય પ્રમાણ્યું છે.

હરિઃૐ

## શી તેજસ્વી થઈ શ્રદ્ધા ! બઢાવ્યો ભાવનામાં છે

ભજનકીર્તન, સ્મરણસાધન નિવેદન ને સમર્પણ જે,
હૃદયની પ્રાર્થના એવાં બહુ સાધન થયેલાં છે.

જ્યહીં **हरि**ભાવ જીવંતો ટપકવા દિલ લાગ્યો છે,
થતાં સાધન વિશે શ્રદ્ધા, પ્રયોગે સિદ્ધ શી થઈ છે !

સતત ઉત્સાહ તેથી તો જીવનમાં ઑર પ્રગટ્યો છે,
શી તેજસ્વી થઈ શ્રદ્ધા ! બઢાવ્યો ભાવનામાં છે.

જીવનની તે સતત શ્રદ્ધા શી સક્રિય થયેલી જે !
પરિણમતી જ નિષ્ઠામાં અનુભવની નિશાની છે.

હરિ:ૐ

## ખરેખર તે જ છે લગ્ન હરિની સાથનું સાચે

જીવનમાં કોઈ પણ રીતે ગમ્યું ના એકલું મુજને,
હું સથવારો પથે લેવા હૃદય **તારો** મથેલો જે.

સ્મરણના એકલા માત્ર સતત અભ્યાસથી **તુજ**ને,
રીઝવવાનો પૂરેપૂરો હૃદયથી યત્ન કીધો છે.

સતત પુરુષાર્થથી એવા હૃદયથી લગ્ન **તુજ** સાથે
-થવા, એવો હૃદયભાવ કૃપાથી ઊપસેલો છે.

સતત તે સાધનાભ્યાસે જીવંતા દિલ રહેવાથી,
**હરિ** પ્રત્યેનો દિલભાવ જીવંતો તેજ રહે છે જે.

**હરિ** પરત્વેનો એવો હૃદયનો ભાવ જીવતો જે,
ખરેખર તે જ છે લગ્ન **હરિ**ની સાથનું સાચે.

હરિ:ૐ

## થવા જે તે બધું યોગ્ય હૃદય એણે સુઝાડ્યું છે

જીવન રમણે ચઢ્યાથી શી થઈ ખાનાખરાબી છે !
સુધારી યોગ્ય કરવાને શી સદ્‌બુદ્ધિ સૂઝેલી છે !

જીવનના ધ્યેયની લગની હૃદય લાગેલ ઉત્કટ જે,
થવા જે તે બધું યોગ્ય હૃદય **એણે** સુઝાડ્યું છે.

મતિની સાથ દિલમાંનો ઊંડો ભાવ ભળેલો છે,
પછીથી બુદ્ધિની ઑર બઢેલી સૂક્ષ્મતા શી તે !

જીવનનું સમારવાનું જે થયું તેનાથી સૌ રીતે,
થયેલાં બુદ્ધિ ને ભાવ જીવનમાં સદ્‌ગુરુ મુજને,

હરિઃૐ

# ક્ષમા ત્યારે પૂરા દિલથી **હરિ**ની માગી લીધી છે

જીવનમાં કંઈક કમજોરી અનુભવતાં, અનુભવતાં,
કરી છે પ્રાર્થના ત્યારે **હરિ**ને કરગરી દિલમાં.

કહીંકથી શો પછી ધક્કો શું ઓચિંતો જ લાગ્યો છે !
શું ધક્કેલાઈને પંથે જીવન ત્યારે જવાયું છે.

પથે નડતાં કશું પણ ત્યાં અમે **હરિ**ને જણાવ્યું છે,
હૃદય **એને** સ્તવ્યા કરીને મદદ મેળવવી ધાર્યું છે.

છતાં પરિણામની ચિંતા કશી ના દિલ ધારી છે,
પરંતુ માત્ર કર્તવ્ય કર્યાં કરવાનું ધાર્યું છે.

સદા કર્તવ્યપાલનમાં ખબરદારી ધરાવી છે,
કશી તેના વિશે કોઈ થવા ભૂલ ના દીધેલી છે.

પરંતુ તે છતાં શાથી કદીક ભૂલો થયેલી છે,
ક્ષમા ત્યારે પૂરા દિલથી **હરિ**ની માગી લીધી છે.

હરિ:ૐ

## જીવનમાં માથું તો કેવું ઘણી વાર કુટાયું છે !

શી અથડામણ જુદી જુદી જીવનમાં તો થયેલી છે !
જીવનમાં માથું તો કેવું ઘણી વાર કુટાયું છે !

કુટાયું છે છતાં કંઈ જ કશું ના ભાન જાગ્યું છે,
મૂરખરાજ, મળેલું કર ખરેખર ખોઈ બેઠો જે.

પછીથી દિલ ઓચિંતું ખટકતું લક્ષ લાગ્યું છે,
જીવનને પાડવા ઠામ પછી લક્ષ અપાયું છે.

નિરંતરના હૃદયલક્ષે જીવનને ચેતવી દઈને,
જૂનાની રાખ ચોળીને નવો શણગાર સર્જ્યો છે.

હરિઃૐ

# ખતરનાક સમય એવે હરિ દિલ સાંભરેલો છે

ખતરનાક વળાંકો શા જીવનમાં આવી પૂગ્યા છે !
બહુ જ શી સાવધાની તે સમય માગી જીવન લે છે !

ખરે તે વેળ તો સ્તબ્ધ થવાઈ ત્યાં જવાતું છે,
ફસાઈ શા જવાઈને પૂરું મૂઢ જ થવાતું છે !

કશો ઉપાય લેવાને ન બુદ્ધિ ચાલતી ત્યાં છે,
ખતરનાક સમય એવે **હરિ** દિલ સાંભરેલો છે.

જીવનનું કેટલું મોટું મહદ સદ્‌ભાગ્ય કેવું કે
-**હરિ**ને યાદ કરી દિલથી થયેલી પ્રાર્થના ત્યારે !

હરિઃૐ

## હૃદયપોકાર પાડ્યા છે, પીડિત દુઃખથી થઈ જઈને

જીવન કંઈક રડાકૂટા વિશે કેવું વીતેલું છે !
નર્યા અફસોસના લાળા અગન સમ નીકળેલા છે.

હતોત્સાહ પૂરેપૂરો થઈ ચૂકેલ જ્યાં હું શો !
પડેલો સાવ નિર્બળ હું બળદ ગળિયો થઈને શો !

પરોણીની અણી ત્યારે શરીર ઘોંચાતી'તી કેવી !
છતાંયે ઊઠવાકેરી હતી તાકાત ત્યાં ના કંઈ.

છતાં દિલમાં ઊંડું તોયે સ્મરણ તે વેળ પણ લઈને,
હૃદયપોકાર પાડ્યા છે, પીડિત દુઃખથી થઈ જઈને.

હરિઃૐ

## ઝઝૂમીને, ઝુકાવીને પ્રયત્નો શા થયેલા છે !

જુદા જુદા પ્રકારેથી જીવનમાં આંધી આવી છે,
અને વંટોળિયો કેવો ભયંકર ઉગ્ર વાયો છે !

વ્યવસ્થિત જે હતું તેને બધું ફંગોળીને ક્યાંયે
-કહીં ફેંકાવી દીધું છે, ચઢ્યો શો ધૂળગોટો જે !

જબરજસ્ત મહાવૃક્ષો બધાં તે હાલી ઊઠ્યાં છે,
મૂળેથી કેટલાંક જ તો વળી ઊખડી પડેલાં છે.

શું ઝંઝાવાત એવાની ઊભો સામે રહેવાને !
ઝઝૂમીને, ઝુકાવીને પ્રયત્નો શા થયેલા છે !

શરણ ચરણે ઢળેલો જે **हरि**માં લક્ષ જેનું છે,
ગમે તેવી દશામાંથી **हरि** તેને ઉગારે છે.

હરિઃૐ

## છતાં અટક્યો નથી કેમે, સતત આગળ જવું ચહ્યું છે

કમાવાનું જીવન વિશે કરેલું દિલ મેં તો છે,
કંઈક આગળ ધપ્યો થોડું, તહીં ભોપાળું નીકળ્યું છે.

પરંતુ તેથી દિલમાં કંઈ હું નાહિંમત થયેલો ના,
લથડતે ડગ કર્યો ચાલ્યા, લથડિયાં છો ભલે ખાધાં.

કદીક ઘૂંટણ, ઢીંચણ કેવા પૂરા છોલાઈ ગયેલા છે !
છતાં અટક્યો નથી કેમે, સતત આગળ જવું ચહ્યું છે.

નિરાંતે ચાલવાકેરો જીવનમાં યજ્ઞ માંડ્યો જે,
અવિરત તે ચલાવીને **ચરણ**ની પાર ઠરવું છે.

હરિઃૐ

## બધી શરતોનું પાલન કંઈ થવા દિલ હું મથેલો જે

નધણિયાતો પૂરેપૂરો, ન બેલી કોઈ મારું છે,
જગત જીવનમાં જાણીને મથેલો શોધવા ધણીને.

થવા સગપણ જીવન **एणे** બહુ શરતો મૂકેલી છે,
શી એકમેકથી ચઢિયાતી ! થવું વર્તન શું દુર્લભ તે !

છતાં વરવા હૃદય ધણીને ઊછળતો દિલ ઉમળકો છે,
બધી શરતોનું પાલન કંઈ થવા દિલ હું મથેલો જે.

થતાં તૈયાર સંપૂર્ણ, 'હજી લાયક પૂરો ના છે',
**हरि**એ મોં ચડાવીને જણાવી તે દીધું મુજને.

હરિ:ૐ

## પ્રમાણિકતા વફાદારી થકી મથતાં, થયો જય છે

જીવનના ધ્યેયના ભાવતણા ધ્વજને શિખરટોચે,
તહીં લહેરાવવા જુદા જુદા યત્નો થયેલા છે !

કદીક લપસી જવાયું છે, કદીક ખીણમાં પડાયું છે,
અનેકે વાર ચઢઊતર થયા એવી કરેલી છે.

પડેલો સાવ નીચેમાં નીચે, ત્યાંથી ઉપર ચઢવા
-શું પાછું ત્યાં મથાયું છે ! ન કંઈ પૂરું ફવાયું છે.

મથામણ નિત્ય કરવાની શી લમણે તો લખાઈ છે !
પ્રમાણિકતા વફાદારી થકી મથતાં, થયો જય છે.

હરિઃૐ

# જીવનમાં તો હરિ વિના કશો રસ ના કશા વિશે

અમારે દિલ દિલનો શો **હરિ** તુજ સાથ નાતો છે !
હૃદય સંબંધની સાથે શું આકર્ષણ જબરજસ્ત !

હૃદયના તીવ્ર આકર્ષણ લીધે એકીટશે ચરણે
-સદા આસક્ત સંપૂર્ણ રહ્યા કરીએ નિરંતર જે.

હૃદયની તેવી આસક્તિ થકી, દિલમાં વ્યસન અમને
-ખરું લાગી ગયેલું છે, જીવનની ધન્યતા શી તે !

જીવનમાં તો **હરિ** વિના કશો રસ ના કશા વિશે,
શું લટકાળાં નયનના તે ઈશારાથી શરણ ચરણે !

હરિ:ૐ

# સમર્પી દે જીવન, તેને હરિ સ્વચ્છ કરી દે છે

વિના લક્ષ્ય ગમે તેવું જીવનને વેડફેલું છે,
હવે જ્યાં લક્ષમાં આવ્યું હૃદય ચોંકી ઊઠેલું છે.

બધું કથળેલ, કંઈ યોગ્ય ન જાણ્યું સમારવાનું તે,
છતાં પણ આવડ્યું તેવું દીધે રાખ્યું ખરેખર છે.

**હરિ**નો આશરો કેવો શું કલ્પનાતીત મોટો છે !
ઊંડું પોકારતાં તેને શું પ્રત્યુત્તર હૃદય દે છે !

હૃદયની નેકદાનતથી થવા જાય **હરિ**નો જે,
**હરિ** તેને નવાજીને હૃદય નિજનો બનાવે છે.

ભલે ખરડાયેલો છો હો પરંતુ તે **હરિ**ચરણે
–સમર્પી દે જીવન, તેને **હરિ** સ્વચ્છ કરી દે છે.*

* હૃદય સરસો જ ચાંપી લે.

હરિઃૐ

# જીવનનું એટલું માત્ર રહ્યું સદ્‌ભાગ્ય ત્યારે તે

જીવનમાં કોઈક વેળાએ શી ગભરામણ થયેલી છે !
બધાં પગલાં જ ભરવામાં ચૂકામૂક પણ થયેલી છે.

હું અધવચ પંથ વચગાળે ત્રિશંકુ જેમ લટક્યો છું,
કફોડી તે દશા જોઈ અચંબો ખૂબ પામ્યો છું.

બધું જોયા છતાં ચોખ્ખું કરી કંઈ ના શકું છું હું,
નમાલો સાવ સંપૂર્ણ બની જાણે ગયેલો છું.

છતાં પણ તે સમય **હરિ**નું સ્મરણ સાથી રહ્યું મુજ છે,
જીવનનું એટલું માત્ર રહ્યું સદ્‌ભાગ્ય ત્યારે તે.

હરિઃૐ

## ચમકતા ઑર સ્ફુલિંગ ઊઠ્યા કરતા જીવનમાં છે

સતત અભ્યાસની કેવી પડેલી ટેવ જીવનમાં !
હૃદય તેનાથી જીવંતી શી છે સભાનતા દિલમાં !

જીવનમાં સભાનતા લીધે હૃદય અસ્તિત્વની ઊંડી
-રહે છે ધારણા જીવતી ખરેખર એકધારી શી !

ઊગેલી ધારણા એવી હૃદય જે ચેતનાત્મક છે,
જીવનમાં તે લીધે કેવો જુદો રણકાર ઊઠે છે !

શરીરમાં દમ કશા ના છે, છતાં દમ ચમકદાર જ છે,
ચમકતા ઑર સ્ફુલિંગ ઊઠ્યા કરતા જીવનમાં છે.

હરિઃૐ

# જીવનને દિવ્ય ઉદ્યાન બનાવેલું કૃપાથી છે

**हरि**ની યાદગીરીમાં જીવન જીવવું થયેલું છે,
**हरि**ની યાદગીરીમાં જીવન ચરિતાર્થ કીધું છે.

**हरि**ના પ્રેમનું અમૃત રસાયણ ખૂબ પી-પીને,
જીવનને દિવ્ય ઉદ્યાન બનાવેલું કૃપાથી છે.

નૂતન, નૂતન હૃદયભાવ થકી રોનક ફરી ગઈ છે,
હૃદયના પ્રેમથી મૌલિક જીવન શોભી ઊઠેલું છે.

ખરેખર પ્રેમ અદ્‌ભુત છે, અનુપમ શક્તિ **એની** છે,
સમગ્રે વ્યાપી સર્વત્ર રસે તરબોળ ભરચક છે.

હરિઃૐ

## ભજનના ભાવનો કેવો પ્રતાપ જ ને પ્રભાવ જ તે !

સહારો કેટલો મોટો ભજનનો દિલ મળેલો છે !
તૂટ્યાફૂટ્યા શરીરની તે મરામત શી કરી દે છે !

ટટારી ને ખબરદારી શરીર આધારમાં સઘળે
-શું પ્રસરાવી નસેનસમાં, રગેરગ **પ્રાણ** પ્રેરે છે !

સ્ફુરંતી સ્ફૂર્તિ જીવનમાં ખરેખર ચેતનાત્મક જે,
ભજનના ભાવનો કેવો પ્રતાપ જ ને પ્રભાવ જ તે !

ભજનનો ભાવ ખુમારી શી નર્તતી ! શી ગર્જતી !
જીવનને સાબદું કરતી, શી ખુશબોને પ્રસારે છે !


ભજનનો ભાવ કંઈ ખાલી ન તે છે શબ્દનું ખોખું,
શું શબ્દાતીત તો ભાવ અગમ્ય કલ્પનાથી તે !

શું ભારોભાર નક્કરતા ભજનના ભાવમાં તો છે,
ભજનના ભાવ વિશે તો પૂરી શી વાસ્તવિકતા છે !

હરિ:ૐ

## ખંડ - ૬

# મથામણ, પુરુષાર્થ, તપશ્ચર્યા



જીવનની શક્તિ છે પૂરી ખરી તાકાતવાળી જે
-જીવન પ્રગટાવવા કાજે, મુસીબત તો પ્રસાદી છે.

હરિઃૐ

## હૃદય તેણે મથાવીને બધું જે તે કરાવ્યું છે

પ્રકૃતિના જીવનકેરો સ્વભાવ જે પડેલો છે,
થવાને ઉન્નયન તેનું સમજપૂર્વક મથાયું છે.

સ્વભાવ એમનો એમ પૂરો તે તેમ રાખીને,
જવા દરબારમાં **હરિ**ના રજા મળવાની કંઈ ના છે.

ગળે સંપૂર્ણ તે મારે પૂરું ઊતરી ગયેલું છે,
કૃપાથી મઠારવા તેને મથાયું તેથી છે ખંતે.

**હરિ**ને દિલ વરવાની તમન્નાઆગ લાગી જે,
હૃદય તેણે મથાવીને બધું જે તે કરાવ્યું છે.

હરિઃૐ

## છતાં નિશાન પ્રત્યેની નજરચૂક ના થયેલી છે

જીવન હેરાનગતિ વિશે પરેશાન થયેલું છે,
વિના હાર્યા છતાં હિંમત ઉભય કર પકડી રાખી છે.

શું ઝંઝાવાતને ઝોલે ચઢી જીવન ચૂકેલું છે !
છતાં નિશાન પ્રત્યેની નજરચૂક ના થયેલી છે.

ભલે ડોલી જવાયું છે, ભલે પાછું પડાયું છે,
ભલે હાલી જવાયું છે, છતાં હઠી ના જવાયું છે.

ગમે તેવી દશામાંહે જીવનના ધ્યેયના ધ્વજને
–સખત પકડી જ રાખીને શિખરટોચે ચઢાવ્યો છે.

હરિઃૐ

# સતત ઉદ્યોગથી ખંતે મથાવાનું થયેલું છે

જીવનમાંનું રહ્યું આળસ બધું ખંખેરી દેવાને,
કૃપાથી ભાન જાગ્યાથી રહેવાયું જ ઉદ્યત તે.

સતત પ્રવૃત્તિમાં તેથી સમજથી એકધારું તે
-પરોવી રાખવા નિશ્ચે શું વર્તાયું જીવનમાં છે !

'જરા સરખોય પળવાર કદી નવરો જ અમથો તે
-ભૂલેચૂકે ન રાખ્યો છે', સતત બસ નેમ રાખીને.

પળેપળનો ખરેખર શો પૂરો ઉપયોગ લેવાને !
સતત ઉદ્યોગથી ખંતે મથાવાનું થયેલું છે.

હરિઃૐ

## સતત રહે મહાવરો જેનો સ્મૃતિ તેની રહે મેળે

સતત રહે મહાવરો જેનો સ્મૃતિ તેની રહે મેળે,
સતત અભ્યાસનું એવું સહજ પરિણામ નિશ્ચે છે.

ધીરજ, ઉદ્યમ, ચીવટ, ખંતે સરળતાથી સહજ ભાવે,
સતત બસ ઝોડની પેઠે વળગી અભ્યાસને રહીને
–ધપે છે એકધારા જે, લીધેલા પંથમાં પ્રેમે,
ખરેખર ખંતીલા એવા શૂરા નરવીર શાર્દૂલ છે.

શી મેળવવાની દિલ લગની સતત ગોદાટીને પંથે
–ચલવી, ચલવી નિયત ધામે લઈ નિશ્ચે જવાની છે !

હરિઃૐ

## ગમે તેવું થતાં તોયે મૂકી તે ના શકાતું છે

જીવનના ધ્યેયની સાથે કરી ના માંડવાળ જ તે,
છતાં સંસાર વ્યવહારે સમાધાન કરેલું છે.

જીવનઆદર્શને પૂર્ણ જીવન ઉતારવાને તે
-કર્યો શ્રમ, જેમ નેવાનાં શું જળ મોભે ચઢેલાં છે !

નિરાશામાં કદીક કેવો ભયંકર હું પડેલો છું !
છતાં ત્યારેય હિંમતથી ઝુકાવી દિલ રાખેલું.

હૃદય જેના વિશે છંદ પૂરો લાગી ગયેલો છે,
ગમે તેવું થતાં તોયે મૂકી તે ના શકાતું છે.

મરામત કરવી છોડીને નવેસરથી નવું ચણવા
કરી આરંભ તે રીતે મથ્યો કેવો જીવન ઘડવા !

હરિઃૐ

## મથામણમાં કશું બાકી કૃપાથી ના રખાયું છે

ભૂમિકા તો જીવનકેરી બનવવા પક્વ સૌ રીતે,
મથામણમાં કશું બાકી કૃપાથી ના રખાયું છે.

'મને પથ આઘુંપાછું કંઈ થવું કેવું પડેલું છે !'
ખબર તેની હૃદય પડતાં સફાળો ચોંકી ઊઠ્યો જે.

હૃદયથી ચોંકી ઊઠીને ફરીથી પથ વિશે આગળ
-જવાનું દિલ વિચારીને જવા માંડ્યું ભરી ડગ ડગ !

પરિપક્વ ખરા દિલના ખરા નિશ્ચયથી જે યત્ન
-થતા જે હોય, તેનો શો જીવનરણકાર ન્યારો છે !

હરિઃૐ

## સતત મથતા રહેવાતાં ઝલક શી ત્યાં ઊગેલી છે !

કટોકટીની કદીક વેળા જીવનમાં કેવી આવી છે !
બહુ મથતાં, બહુ મથતાં, ટટારી ના છતાં રહી છે.

રહેવા સ્વસ્થ દિલ ત્યારે મથામણ બહુ થયેલી છે,
થવાતું સ્વસ્થ જ્યાં નહોતું, **હરિ**ને સાદ પાડ્યો છે.

મથામણ ને મથામણમાં સમય શો કેટલો વીત્યો !
હૃદય ઉકળાટ તે વિશે ઘણો દિલમાં થયેલો છે.

ભલે દેખું ન જયવારો છતાં ના યત્ન છોડ્યા છે,
સતત મથતા રહેવાતાં ઝલક શી ત્યાં ઊગેલી છે !

હરિઃૐ

## સતત મથવાપણાથી દિલ ઊંડો શો ભાવ ફોર્યો છે !

શરૂ શરૂમાં જીવનને મેં ન કોઈ રીત જાણ્યું છે,
જીવનનાં મર્મ ને હાર્દ પછી ક્યાંથી જણાયે તે ?

સ્મરણ **હરિ**નું અકસ્માતે કૃપાથી હાથ લાગ્યું જે,
લડાવી લાડ **એણે** તો હૃદયથી હેત કીધું છે.

ધીરે ધીરે પલાળીને હૃદય રંગ જ ચઢાવ્યો છે,
પછીથી તો **હરિ**ભાવે મને કેવો નવાડ્યો છે !

પરંતુ તે થતાં પહેલાં સખત મથવું પડેલું છે,
સતત મથવાપણાથી દિલ ઊંડો શો ભાવ ફોર્યો છે !

હરિઃૐ

# કરી યાહોમ સંપૂર્ણ ઝઝૂમીને ઝુકાવ્યું છે

'ઉપર ચઢવું, શું ઊતરવું', રમત એવી જીવનમાં તે
-રમી ચૂકેલ બહુ વેળા, રમત ચાલુ છતાં રહી છે.

કમર કસી આખરી વેળા લડત છેવટની સમજીને,
કરી યાહોમ સંપૂર્ણ ઝઝૂમીને ઝુકાવ્યું છે.

બહુ જ મથતાં, બહુ જ મથતાં, કંઈક નક્કર ભૂમિકામાં
-પથે પગ મુજ મંડાતાં, પ્રગટી હિંમત તહીં દિલમાં.

અડગ, અણનમ અને મક્કમ સહજ પછી તો મથાયું છે,
મથાતામાં શું ઓચિંતું રહસ્ય હાથ લાગ્યું છે !

હરિ:ૐ

## પડેલો છો રહ્યો તોયે, મથાયું ચાલવાનું તે

મહામુસીબત થકી યુક્ત બહુ જ તકલીફ આવી છે,
ઊંચોનીચો કરાવીને મને થથરાવી મૂક્યો છે.

છતાં હાર કબૂલાઈ નથી કોઈ જ વાતે જે,
પડેલો છો રહ્યો તોયે, મથાયું ચાલવાનું તે.

ભલે લથડાયું છો, તોયે હૃદય હિંમત ચૂક્યો ના હું,
લૂલો લૂલો છતાં યત્ને શું મશગૂલ રહેલો છું !

અનેકે વાર જીવનમાં લથડી લથડી પડાયું છે,
છતાં ત્યારેય પુરુષાર્થે સતત મંડ્યો રહેલો જે.

સતત એવી રીતે જીવન વિશે ઊતર્યાં જવાયું છે,
શી આસાએશ સંપૂર્ણ પછીથી દિલ મળેલી છે !

હરિઃૐ

## છતાં બે હાથ હિંમતને પકડી મથવું થયેલું છે

જીવનમાં તીવ્ર જિજ્ઞાસા શી ભડભડતી જ સળગીને
-જરી જંપી જ ઠરીઠામ થવા દીધો ન ક્યાંયે તે.

સતત પુરુષાર્થના યજ્ઞે મને શો જોતરાવીને,
જીવનવિકાસનાં કર્મે બહુ જ દડવ્યા કરેલો છે.
કદીક કેવો પથે ત્યારે ભયંકર થાક લાગ્યો છે !

પછીથી ઊઠતાં મુજને પરિશ્રમ શો પડેલો છે !
છતાં બે હાથ હિંમતને પકડી મથવું થયેલું છે.

જીવનમાં પથ બહુ વેળા શું ખોવાઈ ગયેલો છે !
છતાં દિલ આર્તપોકારે **हरि**એ પથ સુઝાડ્યો છે.

હરિઃૐ

## થતા પુરુષાર્થમાં એવા શું ધસમસતો ઉમળકો છે !

જીવનમાં ઊથલા કેવા શું વારંવાર આવ્યા છે !
પથેથી હચમચાવીને શું ડામાડોળ કીધો છે !

છતાં ત્યારેય દિલમાંની હૃદય ચેતેલ લગનીએ
-મને પાછો જગાડીને, જીવનમાં ચેતવેલો છે.

હૃદય ચેત્યા પછીનો શો પુરુષાર્થ અનેરો છે !
છલંગો પર છલાંગો તે અનેરી શી કુદાવે છે !

જીવનનો સ્વાર્થ જેમાં જે, વળી રસ જે વિશે પણ છે,
થતા પુરુષાર્થમાં એવા શું ધસમસતો ઉમળકો છે !

હરિઃૐ

## પછી પુરુષાર્થ લિજ્જતથી સુવાસિત દિલ થતું રહે છે

જીવન કેવું ભયંકર **આ** કદીક કથળી ગયેલું છે !
થઈ વ્યગ્ર હૃદય ત્યારે હું કકળી શો ઊઠેલો જે !

વલોપાત કરી ખાલી કદી બેસી રહ્યો ના જે,
બધાં કારણ કથળવાનાં ઊંડું વિચારી શોધ્યાં છે.

દૃઢાવાતાં હૃદયભાવ અનાસક્ત, નિરાગ્રહ જે
-થવાતું દિલ ગયું જેમ, શું પડવા ઠામ માંડ્યું છે !

સમાધાન પૂરેપૂરું જીવનમાં જ્યાં થયેલું છે,
પછી પુરુષાર્થ લિજ્જતથી સુવાસિત દિલ થતું રહે છે.

હરિઃૐ

## પૂરો હરિમાં થવા લીન, હું ઉદ્યત શો રહ્યો દિલ જે !

જીવનમાં કેટલીક ત્રેવડ વિચારીને કરેલી છે,
પરંતુ ભાંજગડ વચ્ચે અચાનક શી પડેલી છે !

શી ત્રેવડ એ જ પોતે તો યથાયોગ્ય સ્થિતિને તે
-વ્યવસ્થિત રીત જાણે છે, શું જે અવતારવાનું છે !

પરંતુ કેટલીક વાર ગણતરી ઊંધી વળતી છે,
બધું ધારેલ પરિણામ, ન તે તે રીત પ્રગટે છે.

બધી પરિણામની ચિંતા-ભરોંસો રાખી-છોડીને,
પૂરો **હરિ**માં થવા લીન, હું ઉદ્યત શો રહ્યો દિલ જે!*

---

* તા. ૨૩-૧૨-૧૯૭૩ની વહેલી સવારે બે વાગ્યે સુરતથી અમદાવાદ જતાં મોટરમાં.

હરિઃૐ

# ટકી રહેવા જ પુરુષાર્થે સતત મંડ્યો રહેલો જે

સમય કપરો જીવનમાં શો ભયંકર કારમો પ્રગટી !
હૃદયની ભાવનાની શી કસોટી ત્યાં મળેલી છે !

પરીક્ષા આપવાકેરી કૃપાથી તક મળેલી જે,
સ્વીકારીને, વધાવીને, જીવનને ત્યાં કસેલું છે.

કદીક કોઈ કસોટીમાં પૂરો ના પાર ઊતર્યો છું,
થવાને પાસ કિંતુ ત્યાં હું શ્રમ કરતો રહેલો છું.

કૃપાબળ માત્ર આધારે જીવનની ભાવના બળમાં,
ટકી રહેવા જ પુરુષાર્થે સતત મંડ્યો રહેલો જે.

સતત મથતાં, સતત મથતાં, હૃદય મથવાતણી ઊંડી
-જીવંતી ધારણા પ્રગટી, શું રાખ્યો જોડવી પદથી !

હરિઃૐ

## મહેનત શી કડીતોડ કરી, પુરુષાર્થ કીધો છે !

શું વાવંટોળ જીવનમાં કદીક કેવોક ઊમટ્યો છે !
ઊથલપાથલ કરી નાખી બધું વિખેરી નાખ્યું છે.

વ્યવસ્થિત થયેલું સૌ શું અસ્તવ્યસ્ત કીધું છે !
કશાનું ઠામઠેકાણું ન યોગ્ય કંઈ જ રાખ્યું છે.

શું આવ્યું કેવું તોફાન ભયંકરમાં ભયંકર તે,
લીંપ્યુંગૂંપ્યું સરસ સૌ જે બધું વણસાડી મેલ્યું છે !

થવા યોગ્ય ફરી પાછું, નવું મંડાણ મંડાવા,
થઈ બેઠો ઊભો થઈને રહ્યો મંડ્યો સતત શો ત્યાં !

બધું સૌંદર્યથી ભરચક થવા જીવન, કમર કસીને
-મહેનત શી કડીતોડ કરી, પુરુષાર્થ કીધો છે !

હરિઃૐ

## સતત પુરુષાર્થ કરી તેને અમલ કરવા મથાયું છે

જીવન જે છે, ઊંચું તેથી જીવનને બનાવવા વિશે
-કૃપાથી રઢ હૃદય લાગી, કૃપા પ્રત્યક્ષ **હરિ**ની તે.

અજબ ટેક જીવનનો તે, અજબ નિશ્ચય થયેલો જે,
સતત પુરુષાર્થ કરી તેને અમલ કરવા મથાયું છે.

કદીક ડગલાં પથે ભરતાં ઢીલા પગ ત્યાં પડેલા છે,
ઢસરડો તાણી તાણીને જવા આગળ ચલાયું છે.

ભલેને મૃત્યુ આવે છો, છતાં હઠવું નથી સહેજે,
પથે ચોંટી જ રહેવાનો અડગ નિશ્ચય જીવંતો જે.

કદીક પ્રાણ ગળે આવી ડચરકાં લેવરાવ્યાં છે,
ડર્યા વિના છતાં ત્યાંયે મરણિયાં ડગ ભરેલાં છે.

હરિઃૐ

## બદલવાનો પુરુષાર્થ કૃપાથી શો થયેલો છે !

જીવનમાં શી જુદી જુદી થઈ ગેરવ્યવસ્થા જે,
જીવન **આ** ક્યાંનું ક્યાંયે તે કહીં દોરવાઈ ગયેલું છે.

ચર્યો જ્યાં ત્યાં ગમે તેવું શું ઓડકાર હૃદય તેવા
-પ્રગટતાં, તેથી તો મુજને જણાયું સાચું તેવું ત્યાં.

પરિપક્વ પૂરેપૂરા ઊંડા નિશ્ચયથી જીવનને
-બદલવાનો પુરુષાર્થ કૃપાથી શો થયેલો છે !

થયા યત્નો પ્રમાણિક જે તહીં દિલ જો ભળેલું છે,
વળી ત્યાં નિશાન તાકીને થતા યત્ને, ફતેહ જ છે.

હરિઃૐ

# થતા પુરુષાર્થમાં એવી અમી મેળે ઝરંતી છે

શું ઝંઝાવાત જીવનમાં ભયંકર પ્રગટી પ્રગટીને
-મને ઉથલાવીને હેઠો પૂરો પાડી જ નાખ્યો છે !

પરંતુ ધ્યેયની લગની ઊંડી લાગેલ જે ભારે,
મને એણે મથાવાને ફરી ઉદ્યત કરેલો છે.

મથામણ ચઢઊતરકેરી કંઈક એવી થયેલી છે,
શું પ્રત્યેક મથામણથી ઊંચું ચઢવું થયેલું છે !

મથામણમાં હૃદયની જ્યાં શી સાચી નેકદાનત છે !
થતા પુરુષાર્થમાં એવી **અમી** મેળે ઝરંતી છે.

હરિઃૐ

## વહોરીને ઘણાં જોખમ મળેલો ધર્મ પાળે તે

જીવનમાં કેટલી કેવી શી મર્યાદા બહુ રીત છે !
જતાં સૌ સાધનાપંથે પડે ઓળંગવી તેને.

સલામત સ્થિતિમાં જીવન સ્થગિત બંધાયેલું રહે છે,
બનાવી જે મૂકે અસ્થિર સ્વીકારી તે વધાવે છે.

સતત સંગ્રામમાંથી શી થતી શક્તિ છતી તેને !
જીવનયોદ્ધો, પરાક્રમી શો ટટારીયુક્ત અણનમ તે !

છટકબારી કદી પણ તે કશામાંથી ન શોધે છે,
વહોરીને ઘણાં જોખમ મળેલો ધર્મ પાળે તે.

હરિઃૐ

## ભૂલેલાને છતાં પાછો શું પથ પર આણી મૂક્યો છે !

વિમાસણમાં, વિમાસણમાં કદીક ભૂલો પડી જઈને,
ઊંડા ખતરે પડેલાનું કૃપાથી ભાન જાગ્યું છે.

જીવનમાં કેટલી વાર હૃદય **તેં** ભાન જગવ્યું છે,
ભૂલેલાને છતાં પાછો શું પથ પર આણી મૂક્યો છે !

'મને **हरि** પ્રેરનારો છે,' હૃદયનો આત્મવિશ્વાસ
-બનેલો પ્રેરણાત્મક ને ખરેખર ચેતનાત્મક દિલ.

વિરોધાત્મક પરિસ્થિતિ વિશે, પ્રત્યક્ષ દિલમાં તે
-**हरि**ના ભાવનું કેવું હૃદય પ્રાબલ્ય જીવતું છે !

હરિ:ૐ

## ભર્યાં કરવાનું ચાલુ તો જરૂર રાખ્યા કરેલું છે

જીવનમાં કેટલી વાર મથ્યો ખાઈખપૂસીને,
છતાં પણ અંત સરવાળે ન વળતું કંઈ જ દેખ્યું છે.

નિરાશા તે છતાં ત્યારે થઈ ના સવાર મુજ પર છે,
છતાં ઉત્સાહની ભરતી વિશે શી ઓટ આવી છે !

જીવનનો જંગ જે મોટો હજી તો જીતવાનો છે,
તહીં દેખાવ મુડદાલ સમો ક્યાંથી જણાયો છે ?

છતાં બે હાથમાં હિંમત ગ્રહીને પંથ પર ડગ મેં
-ભર્યાં કરવાનું ચાલુ તો જરૂર રાખ્યા કરેલું છે.

હરિઃૐ

## ભણીને એક એક ડગલું જવા આગળ ચહેલું છે

ભૂલ્યો ત્યાંથી જીવનમાં મેં ફરી ભણવાનું રાખ્યું છે,
ગણવાનું
ભણીને એક એક ડગલું જવા આગળ ચહેલું છે.

જતાં આગળ ધીમે ધીમે કંઈક અવરોધ અધવચ્ચે
-પથે ત્યાં આવતાં, કેવા બહુ સંગ્રામ ખેલ્યા છે !

પત્યું ના એટલાથી છે, કરાડો કંઈક ઊંચે જે
-વિશે ઘમસાણ ચાલીને શું કચ્ચરઘાણ વાળ્યો છે !

છતાં થથરી ગયો ના છું, પરંતુ બેવડી કમર
-વળી કેવી ગયેલી તે ! હું જાણું એકલો માત્ર.
ગયાં આવી જ શાં તમ્મર !

હરિ:ૐ

## જીવનમાં શા જુદા જુદા નવીન રંગ નિહાળ્યા છે !

ધમાચકડી જુદી જુદી જીવનમાં કેવી આવી છે !
તટસ્થ શો કૃપાથી ત્યાં રહેવાઈ શકાયું છે !

જીવનમાં શા જુદા જુદા નવીન રંગ નિહાળ્યા છે !
પરંતુ ભેરવાતાં ત્યાં બચાવાનું થયેલું છે.

જીવનમાં શા જુદા જુદા વળી સંગ્રામ કેવા તે !
મને લડવા પડેલા છે, બધો ઈતિહાસ ન્યારો જે.

**હરિ**ની ભાવના વિશે નિરંતર **આ** જીવનને તો
-વહેવાનો હૃદય નિશ્ચય અમલ મૂકવાનું જાણ્યું છે.

હરિ:ૐ

## ભરોસો ધારીને હરિ પર પથે ચાલ્યા કરેલું છે

'જીવનમાં ઘોર અંધારું ભયંકર તે હશે આવું',
કદી પણ જાણ્યું તે નહોતું, હવે તે વટવું અઘરું શું !

ન ડગ પણ એક આગળનું જરી સરખુંય સૂઝે છે,
ભરોસો ધારીને **હરિ** પર પથે ચાલ્યા કરેલું છે.

જીવનમાં સામનો કરવો પડેલો છે બહુ વેળા,
શી હિંમત ભલભલાકેરી તૂટી કેવી જતી પથમાં !

પરંતુ આશરો મોટો જીવનમાં માત્ર **હરિ**નો છે,
ટકાવાને મળે શક્તિ પથે તેથી જીવન મુજને.

હરિઃૐ

# પથે વાંકુંચૂકું મુજથી ઊંધુંચતું ચલાયું છે

પથે વાંકુંચૂકું મુજથી ઊંધુંચતું ચલાયું છે,
સમજ પડતાં તરત **તુજ**ને હૃદય મેં હાક પાડી છે.

હૃદયનો આર્તપોકાર હૃદય સાંભળતાં તે **તુજ**ને,
કશી ના વાર લાગી છે, કરુણાળુ શું એવો છે !

કબૂલાતાં થતાં દોષ ચરણ તારે સ્તવી સ્તવીને,
લગાડીને મને ત્યારે હૃદયથી વહાલ કીધું છે.

થતાં ભૂલો હૃદય તેથી તને જણાવતાં મુજને,
બધો સંકોચ ને ક્ષોભ ઊડી કેવા ગયેલા છે !

હરિઃૐ

## મજા, આનંદ ને મસ્તી, જીવનનાં તે અનોખાં છે

બહુ બહુ રીતથી મથવું જીવનમાં તો થયેલું છે,
મથામણ ને મથામણમાં પડેલું દોહ્યલું જે તે.

મનન ચિંતવનતણા ઊંડા શું ત્યારે ચંક્રમણ વિશે
-પડી દિલમાં જવાયું છે, ઊંડી એકાગ્રતા લીધે !

સતત અભ્યાસ એવો જ્યાં શરૂ દિલમાં થયેલો છે,
નૂતન, નૂતન હૃદયભાવો શું કેવા મસ્ત લાગ્યા છે !

**हरि**ના ભાવથી જીવન સતત બસ એકધારું છે,
મજા, આનંદ ને મસ્તી, જીવનનાં તે અનોખાં છે.

હરિઃૐ

## લગન જે ધ્યેયની લાગી મને એણે સુઝાડ્યું તે

જીવનના ધ્યેયથી ઊંધું પથે જ્યાં વેતરાયું છે,
લગન જે ધ્યેયની લાગી મને એણે સુઝાડ્યું તે.

સુઝાડ્યું એટલું ના કંઈ પરંતુ પથ પરત્વે જે
-જીવન ધક્કેલ્યા કીધું છે, કૃપાની શી નિશાની તે !

પરંતુ શિરોમણિ મૂર્ખ પડ્યા ટપલા છતાંયે કૈં
-પૂરો સમજી શક્યો નહોતો, હતો નાદાન એવો જે.

કૃપાએ હાથમાં સાધન મને પકડાવી દીધું જે
-સતત એકીટશે એને હૃદયથી પકડી રાખ્યું છે.

'હૃદય તે રાખવા પકડી હૃદયબળ કેટલું મુજ છે ?'
-જણાયું, પકડી સાધનને હૃદયથી રાખવામાં તે.

હરિઃૐ

## તપશ્ચર્યા શી જીવનમાં કૃપાથી તો થયેલી છે !

જુદા જુદા જીવનમાં શા કંઈક ભંગ થયેલા છે !
બધું બંધાયેલું ત્યારે શું બંધારણ તૂટેલું છે !

અનેકે વાર એ રીતે થયેલી ભાંગફોડ જ છે,
થવા બેઠું જીવન પાછું શું મંડાયું ફરી ફરીને !

જીવનના ધ્યેયની લગની વિશેનો પક્વ નિશ્ચય જે,
ફરી પાછું મથાવાને કટિબદ્ધ દઢાવ્યો છે.

નૂતન અવતાર જીવનનો થવાને તે પ્રગટ નિશ્ચે,
તપશ્ચર્યા શી જીવનમાં કૃપાથી તો થયેલી છે !

હરિ:ૐ

## તપશ્ચર્યા થયા વિના કશી સિદ્ધિ ન મળતી છે

જીવનમાં પૂછી પૂછીને બધું સમજાતું જે રહે છે,
પરંતુ તે થકી ઉત્તમ ઊગે જે આપમેળે તે.

જીવનમાં પ્રેરણા એવી હૃદય મથવા વિશે શી તે !
થયેલી સાધના તેનો બધો વૃત્તાંત ન્યારો છે.

કંઈક મારા ભજનમાં મેં બધી તે તે કથેલી છે,
બધું ઝીણવટથી જોતાં તે મળી યોગ્ય જવાનું છે.

જીવનમાં એમનું એમ કશું પણ ઝટ ન મળતું છે,
તપશ્ચર્યા થયા વિના કશી સિદ્ધિ ન મળતી છે.

જીવનમાં લક્ષ્મી મેળવવા શું તપ કરવું પડે છે તે !
પછી **हरि** દિલ અનુભવવા ઊંડું તપ તો જરૂરી છે.

હરિઃૐ

## જીવન પ્રગટાવવા કાજે, મુસીબત તો પ્રસાદી છે

મુસીબતના જીવન વિશે ખરો આનંદ મહાલે જે,
જવાંમર્દ ખરો શ્રેષ્ઠ, જીવન ખેલૈયો સાચો તે.

મુસીબતને સ્વીકારીને જીવનનું હીર બઢાવાને
-મળેલી જાણીને, તે તે રીતે ઉપયોગ કરતો જે,

મુસીબતમાં જીવન ધ્યેયતણો હેતુ જીવંતો તે
-વધારે તેજ રાખીને, મુસીબતને વધાવે છે.

જીવનની શક્તિને પૂરી ખરી તાકાતવાળી જે
-જીવન પ્રગટાવવા કાજે, મુસીબત તો પ્રસાદી છે.

હરિઃૐ

## જીવનના તે જ અભ્યાસે જીવન તેજસ્વી બનવ્યું છે

શી એકની એક તે વાત, અનેકે વાર ફરી ફરીને
-જુદી જુદી રીતે તુજને, કર્યાં કરવાની આવે છે.

થતું કંઈક જીવનમાં સૌ નિવેદ્યા તે વિના ચરણે
-જરા સરખો હૃદય મુજને કદી ના ઝંપ વળતો છે.

બધું જે તે કહ્યા કેડે પછી નિરાંત વળતી છે,
થતી હળવાશ જીવનમાં મને ત્યારે શી અદ્‌ભુત તે !

નિવેદન ને સમર્પણની સતત લત જે પડેલી છે,
જીવનના તે જ અભ્યાસે જીવન તેજસ્વી બનવ્યું છે.

હરિઃૐ

## હૃદય ઉપયોગથી જ્ઞાન મળ્યા કેવું કરેલું છે !

જીવનમાં શી શી ગફલત તે પથે મુજથી થયેલી છે !
જવાનું જ્યાં હતું ત્યાંથી ઊંધે પંથે જવાયું છે.

મનાદિ વૃત્તિમાં ફેર ઊંધો માલૂમ પડ્યો જ્યાં છે,
તરત હું એકદમ ચોંકી ઊઠી, પાછો વળેલો જે.

પછીથી તો સીધે રસ્તે, ઊંચે કેવા ચઢાણે તે,
જવું અધ્ધર થયેલું છે, ભયંકર તપ વડે કરીને.

જુદી જુદી તપશ્ચર્યા જીવનમાં જે થયેલી છે,
હૃદય તેમાંથી બળ પ્રાપ્ત કૃપાથી તો થયેલું છે.

જીવનમાં શક્તિ તેવીનો ભલો ઉપયોગ કીધો છે,
હૃદય ઉપયોગથી જ્ઞાન મળ્યા કેવું કરેલું છે !

હરિઃૐ

## હૃદય ત્યારે હરિ સ્તવતાં, હરિ ત્યાં દોડી આવ્યો છે

થતું યોગ્ય રીતે પૂરું અનુસંધાન **હરિ**ચરણે,
પ્રવાહ વીજળીનો શો શરૂ એકદમ થતો છે જે !

બધી ચારે દિશાએથી પૂરી સંભાળ લીધી છે,
છતાં તોયે થતું ના તે અનુસંધાન **હરિ**ચરણે.

મથામણ સર્વ બાબતની અનુસંધાનને માટે
-કરી જોઈ, છતાં પણ તે ન પ્રગટે યોગ્યતા કશીયે.

બધી આવડતતણું કેવું બધું દેવાળું નીકળ્યું છે !
હૃદય ત્યારે **હરિ** સ્તવતાં, **હરિ** ત્યાં દોડી આવ્યો છે.

હરિઃૐ

# પછી પરિણામ તો નિશ્ચિત હૃદય ફળવાનું પાકું તે

જીવનમાં જામતાં રંગ સમય કેટલો વીતેલો છે !
વળી તે જામતાં પહેલાં ડૂચો શો નીકળેલો છે !

ચૂરેચૂરા થયા વિના, વિના પૂરું લસોટાયા,
જરી મેંદી થકી રંગ કદી ના કંઈ નીકળવાનો.

નિરંતરનો થવા દિલનો ઊંડો અભ્યાસ જીવનમાં,
હું મથવાપણા વિશે તેવા સતત મંડ્યો રહ્યો દિલમાં.

થતા પુરુષાર્થમાં ભાવ હૃદય જ્યાં ઊભરાતો છે,
પછી પરિણામ તો નિશ્ચિત હૃદય ફળવાનું પાકું તે.

હરિ:ૐ

## જીવનના વેશ પલટાવા જહેમત શી ઉઠાવી છે !

રખડપટ્ટી જીવનમાં મેં બહુ રીતની કરેલી છે,
જીવનમાં ઘેલછા મેં તો બહુ કાઢેલ છે ત્યારે.

બધું નાદાનપણું મારું જીવન ત્યારે હતું કેવું ?
બધું તે આજ જાણું છું, છતાં તેને ન સંભારું.

પરંતુ બોધ તેમાંથી કૃપાથી મેં લીધેલો છે,
જીવનના વેશ પલટાવા જહેમત શી ઉઠાવી છે !

મરી મથતાં, મરી મથતાં, કદી પણ હું ન થાક્યો છું,
કદીક કટકા થયેલો છું, છતાં વળગી રહેલો છું.

વળગતાં ભાવથી તારાં ચરણને પ્રેમભક્તિએ
-જીવનના ધન્ય કોઈ દિને સફળ જન્મ થયેલો છે.

હરિઃૐ

# ઊંડું ઊંડું વિચારાતાં મડાગાંઠ પડેલી જે

શુભારંભ ચાલવાકેરો થયેલો જ્યાં જીવનપંથે,
શરૂ શરૂમાં ફુવારા શો હૃદય ઉત્સાહ ઊછળ્યો છે !

ધીમે ધીમે પછીથી તે નરમ પડતો ગયેલો છે,
મને ત્યારે ખરેખરું દિલ બહુ જ ફેણ પડેલું છે.

પથે ખચકાઈ જવાનું જ્યાં, થતાં દિલમાં વિમાસ્યું છે,
ઊંડું ઊંડું વિચારાતાં મડાગાંઠ પડેલી જે.

મને એણે જ મથવામાં શી અટકાયત કરેલી છે !
છતાં ત્યારે હૃદય હિંમત ધરી પકડી પથે કેવો

–મથી મથીને હું ચાલ્યો છું ! શું તે હું એકલો જાણું !
છતાં કોઈ પ્રકારે તે વિના અટક્યા, હું ચાલ્યો છું.

હરિઃૐ

## શું મુજ સમ સાવ મામૂલી ઢળેલાને, સ્વીકાર્યો છે !

વિરોધાભાસી સંજોગો કદીક જીવનમાં પ્રગટીને,
ચઢેલા માર્ગથી પાછો પડાવાને ધખાવે જે.

થવાને ઉન્નયન જીવન હૃદય પુરુષાર્થની લગની
-રહેલી જે ધખી અંતર, સતત કેવું મથાવે જે !

પડી ખાલી ન રહેવા દે, પળેપળનો જ ઉપયોગ
-થવા સદ્‌બુદ્ધિ પ્રેરાવે, તમન્નાનું જ તે લક્ષણ.

**हरि**ના તે કૃપાબળની શી જાદુઈ કરામત કે,
શું મુજ સમ સાવ મામૂલી ઢળેલાને, સ્વીકાર્યો છે !

હરિઃૐ

# સમર્પી સારું ને નરસું, પ્રભુપ્રીત્યર્થ જીવે તે

જીવનની કંઈક બરબાદી થયેલી કેટલીક વેળા,
જીવન પ્રત્યક્ષ ભાળી તે થયેલાં છે ખડાં રૂવાં.

ચરણ **હરિ**ને ઢળેલો જે થતું જે જે નિહાળી તે,
ન છાનોમાનો બેસી તે કદી મૂગો પડી રહે છે.

થતું જે જે બધું તે તે **હરિ**ચરણે નિવેદીને
-સમર્પી સારું ને નરસું, પ્રભુપ્રીત્યર્થ જીવે તે.

**હરિ**ના ભાવમાં ઊંડો હૃદય અલમસ્ત થઈ જઈને,
**હરિ**માં નિત્ય જીવવાને મનોરથ કોડ જીવતા છે.

હૃદયથી વહાલ કરી કરીને ઊછળતા દિલ ઉમળકાથી,
ઊંડા દિલથી ચહી ચહીને **હરિ**પદ દિલ ઠાર્યું છે.

હરિ:ૐ

## हरि પ્રસ્થાપવા હૃદયે મચેલો શો રહેલો જે !

‘નિરંતર ભાવ **हरि**નો જો ટકેલો હો હૃદય વિશે,
જીવન તે માત્ર સાચું છે’, બીજું જીવ્યું, જીવ્યું ના તે.

હૃદય વિચાર તે એવો થઈ સજ્જડ ગયેલો છે,
મરણિયા પક્વ નિશ્ચયથી ઝુકાવીને ઝઝૂમ્યો જે,
શું ઝંઝાવાતના કાળે ખડકની જેમ ઊભીને
-ભયંકર ઘા ઝીલેલા છે ! કૃપાબળના જ આધારે.

જીવનમાં આશરો મોટો **हरि**નો માત્ર ધારીને,
**हरि** પ્રસ્થાપવા હૃદયે મચેલો શો રહેલો જે !

હરિઃૐ

## પ્રભુ તુજ પ્રેમની અદ્‌ભુત, શી મુજ પર મહેરબાની છે !

નવું જીવન શરૂ કરતાં શી ગડમથલ થયેલી છે !
શરૂ પથ ચાલતાં શીખતાં બહુ વેળા પડેલો જે.

છતાંયે ચાલવાની તે કદી આદત ન છોડી છે,
હું પડતાં ને શું આખડતાં શીખી આખર ગયેલો જે !

બરાબર ચાલતાં પંથે મને ત્યાં આવડેલું છે,
પછી પડવાતણી દહેશત કશી પણ ના રહેલી છે.

મને પથ ચાલતાં શીખવ્યું, મને ટેકાવી રાખ્યો **તેં**,
પ્રભુ **તુજ** પ્રેમની અદ્‌ભુત, શી મુજ પર મહેરબાની છે !

હરિઃૐ

## ઊંડે ઊંડે જ ઊતરાતાં કંઈક તત્ત્વ મળે ત્યારે

નવો ચીલો જીવનનો તો અનુભવીનો નિરાળો છે,
પડેલા જે જૂના ચીલા પરે ના ચાલનારો તે.

કદીક જૂના ચીલા પર તે, શું લાગે ચાલતો પોતે !
તહીં સંસારીના કરતાં શું **એ**નો હેતુ ન્યારો છે !

જીવનનો શ્રેયસાધક જે લપાયેલ તત્ત્વ જે ગૂઢ છે,
બધું જે તે વિશે ઊંડું ઉખેડી તત્ત્વ શોધે છે.

જીવનતત્ત્વ અનુભવવા જીવનનાં પડ તળે જઈને,
ઊંડે ઊંડે જ ઊતરાતાં કંઈક તત્ત્વ મળે ત્યારે.

બધાંયે પાંખડાં, ડાળાં અને થડનેય છોડીને,
નીચે નીચે ઊંડે છેક જતાં, મૂળ હાથ લાગે છે.*

* શ્રી સી. ડી. શાહ સાહેબના જન્મદિવસે.

હરિઃૐ

## પરંતુ દિલ એકાગ્ર થતાં સૂઝ્યા કરે સૌ તે

નવો ચીલો શરૂ કરતાં પડે છે શી જહેમત તે !
ચીલાના પાડનારાને સમજ માત્ર પડે છે તે.

જીવનના સાધનામાર્ગે પડેલો કોઈ ન ચીલો છે,
પરંતુ દિલ એકાગ્ર થતાં સૂઝ્યા કરે સૌ તે.

સતત જ્યાં એકલક્ષી દિલ શી હૈયાસૂઝ ત્યાં ઊગે !
બધી નિજ માર્ગની ત્યારે સહજ સમજણ પ્રગટતી રહે.

હૃદય લાગેલ જિજ્ઞાસા ન અધવચ તે મૂકી દે છે,
કદમ પર કદમ મિલાવીને શી આગેકૂચ કરાવે છે !

હરિઃૐ

# જીવનપથ થઈ જતાં નિશ્ચય, પછી સુતરું થયેલું છે

જૂની જૂની ઘરેડો શી જીવનમાં પડી ચૂકેલી જે !
જુદે ચીલે ચલવવાને મને **एणे** મથાવ્યો છે.

પરંતુ ધ્યેયની લગની હૃદય જે લાગી ચૂકી છે,
જૂને ચીલે જ પળવાનું ન પાલવતું કદી તેને.

ત્યહીં જૂના નવા વચ્ચે ખરું ઘમસાણ જાગે છે,
શી પ્રજ્વલંત લગનીએ મને પથ દોરવેલો છે !

નવા પથનું જ આકર્ષણ થયું જ્યાં જામતું હૃદયે,
જૂનાનું કંઈ ન ચાલ્યું ને નરમ જોશ પડેલું છે.

પછી ના ખેંચતાણ જ કંઈ જીવનપથમાં રહેલી છે,
જીવનપથ થઈ જતાં નિશ્ચય, પછી સુતરું થયેલું છે.

હરિઃૐ

## પરોવાયો કશામાં ના તને ભૂલ્યા વિના સહેજે

ચૂકામૂક કેટલીક વાર જીવનમાં તો થયેલી છે,
પરિણામ બધું તેનું સહન કરવું પડેલું છે.

સહેતાં તે બધું દિલમાં **તને** મેં યાદ કીધો છે,
પરોવાયો કશામાં ના **તને** ભૂલ્યા વિના સહેજે.

બધી પ્રવૃત્તિમાં તુજને હૃદયમાં મોખરે ધરીને,
નિવેદીને, સમર્પીને કર્યાં કીધેલ છે જે તે.

પ્રભુપ્રીત્યર્થના ભાવે જીવનનાં સર્વ કર્મોને
-કરી કરીને સમર્પ્યાં છે તને સંતોષ દેવાને.

હરિ:ૐ

## હૃદયમાં જાગૃતિ તેથી શી બળતી રહે નિરંતર જે !

અનુભવવા જીવનહાર્દ લગન લાગેલ દિલમાં જે,
શી ઉત્કટ આગના જેવી મને જેણે મથાવ્યો છે !

સતત મથવા વિશે ઊંડો જીવંતો ચેતનાત્મક તે
-જીવનના ધ્યેયનો હેતુ સળગતો શો રહેલો જે !

ગરજ ને સ્વાર્થને લીધે સતત વળગી રહેવાયે,
હૃદયમાં જાગૃતિ તેથી શી બળતી રહે નિરંતર જે !

હૃદયની સાવચેતીએ જીવન હેતુતણા જ્ઞાને
-**हरि**નાં પદકમળ વિશે શું ચોંટાડી દીધેલો છે !

હરિઃૐ

## શી રંગત મસ્ત જામે ને રસાયે મન શું એકાગ્રે !

સતત બસ એકધારા જે થતા એકીટશે યત્ને,
મનન ચિંતવન થકી તેવા દૃઢાવાયું જીવનપથ છે.

જીવનના તાર મેળવવા બહુ અઘરા ખરેખર છે,
વિના તે મેળવ્યા, સંગીત કદી પ્રગટી શકે ના તે.

મિલાવટ તાલ-સ્વરની દિલ થતી જ્યાં એકતાને છે,
શી રંગત મસ્ત જામે ને રસાયે મન શું એકાગ્રે !

બધાં કરણોની મિલાવટ જ્યહીં એકસામટી થઈ છે,
સહજ સંગીત ચેતનનું શું સંભળાતું પછી રહે છે !

હરિઃૐ

# હૃદયની ધારણાથી તે રહેવાતું સજીવન છે

જીવનમાં દિલ અવલંબન **હરિ**પદનું ગ્રહેલું છે,
કદીક તૂટી જતાં, તેને ફરી ફરી પકડી રાખ્યા છે.

ગરજ ને સ્વાર્થ બે દિલમાં સ્ફુરેલાં શાં જીવન વિશે !
મને તે બેઉએ કેવો સતત પદ જોડી રાખ્યો છે !

ગરજ ને સ્વાર્થથી દિલમાં **હરિ**ની સભાનતા રહે છે,
હૃદયની ધારણાથી તે રહેવાતું સજીવન છે.

કૃપા તે કેટલી મોટી 'ગરજ ને સ્વાર્થ દીધાં છે !',
વળગી રહેવા વિશે કેવો હૃદય ઉન્માદ તેથી છે !

હરિઃૐ

# જીવનમાં લક્ષ્યપૂર્વક તો થયેલું વર્તવાનું તે

વ્યવસ્થિતિ જીવનમાં સૌ પ્રકારે પ્રગટવાકેરી
-જહેમત તો લીધેલી છે હૃદયથી જ્ઞાનપૂર્વકની.

કશું પણ યદ્વાતદ્વા તે થવા દેવા ન ધારીને,
જીવનમાં લક્ષ્યપૂર્વક તો થયેલું વર્તવાનું તે.


બધું કંઈ સોળ આની તો બરાબર તે જીવન વિશે
-થયેલું માપવાનું ના, છતાં તે નેમ રાખી છે.

જીવન જે જ્ઞાનભક્તિમાં ઘટે હોવું કઈ રીતે ?
સમજ તેવીથી પ્રેરાઈ મથ્યો રીત તે ઘડાવાને.

હરિઃૐ

# ખંડ - ૭

# મનાદિની કાયાપલટ



બધું ઉકેલવા જે તે મનાદિની ન શક્તિ છે,
પૂરું હોયા વિના સ્વસ્થ ઉકેલાતું કશું ના છે.

હરિ:ૐ

## હરાયાં ઢોરનાં જેવાં મનાદિ તો જીવનમાં જે

હરાયાં ઢોરનાં જેવાં મનાદિ તો જીવનમાં જે,
કશે ના એક ઠેકાણે પડી રહેવાનું જાણે તે.

જુદે જુદે જઈ ક્યાં ક્યાં કરે ચરવાનું રખડીને,
કહીંના વાયરા કેવા બધા પેસાડી દિલ દે છે !

નકામા કંઈક ઉત્પાતો ઊભા કેવા કરાવે તે !
ભયંકર ત્રાસ લાગે છે, ન તોયે કાંઈ વળતું છે.

મનાદિ એમની મેળે કદી માન્યાં મનાતાં ના,
પ્રકૃતિની રમતમાંથી પડેલાં વાળવાં તે શાં !

હરિઃૐ

## બધા ઉપાય લીધા છે, વળ્યું તોયે કશું ના છે

ગલીકૂંચીઓ જીવનમાં કૈં શી આંટીઘૂંટીવાળી તે
-કદીક ઓચિંતી પ્રગટીને મને થથરાવી મૂક્યો છે.

અમૂંઝણ, ઉગ્ર અકળામણ થતાં, વ્યગ્ર થવાયું છે,
ઊંડી ગભરામણે ત્યારે શું સૂમસામ થવાયું છે !

ભયંકર કારમી તીવ્ર શી અકળામણ થઈ ત્યારે !
મતિ પણ બહેર મારી જઈ, ન તે પળ કંઈ સૂઝેલું છે.

બધા ઉપાય લીધા છે, વળ્યું તોયે કશું ના છે,
જતાં વિચારવા કંઈ પણ નવું ડગલું ન ઊગ્યું છે.

કશું પણ કંઈ ન ચાલે છે, પડેલા હાથ હેઠા છે,
છતાં ત્યારે **હરિ**ને શો હૃદયપોકાર પાડ્યો છે !

હરિઃૐ

## બની છે તે, હવા જેમ, સહજ જીવનમાં પ્રક્રિયા

'વિના પ્રોયા પૂરેપૂરું **હરિ**માં લક્ષ ચાલે ના',
બની છે તે, હવા જેમ, સહજ જીવનમાં પ્રક્રિયા.

બને છે સૂક્ષ્મ, સ્થૂળમાંથી જીવન પ્રત્યક્ષ જોયું છે,
**હરિ** ને **હરિ**તણી છાયા બધામાં તે રીતે શી છે !

નિરંતરનો હૃદયભાવ થતાં, પ્રત્યક્ષ ચેતનનું
-સ્વરૂપ આધારમાં છે, તે મળ્યું જ્ઞાન અનુભવનું.

નિરંતર જ્યાં **હરિ**માં દિલ પૂરેપૂરું જીવંતું છે,
પછીથી સભાનતા એમાં રહે, શી ત્યાં નવાઈ છે !

હરિઃૐ

## સતત તેમાં મનાદિને પરોવાને મથાવ્યાં છે

જીવનની ચાલ અટપટી શી ! પડે સમજણ ન તે વિશે,
બધું ઉકેલવા તે તે ગયેલો ના કદી પણ જે.

**हरि**ના સ્મરણમાં મેં તો દિવસ ને રાત્રિ ગાળ્યાં છે,
સતત તેમાં મનાદિને પરોવાને મથાવ્યાં છે.

છટકતાં તે કદી લાગ્યાં, પરંતુ દિલ લગનીએ
-મને ચેતાવીને પાછાં ઠરીઠામે કરાવ્યાં છે.

મનાદિ શાં બહુ વેળા **हरि**માં ના ઝૂકેલાં છે,
ફરી ફરી મેં છતાં રસમાં મનાદિને પલાળ્યાં છે.

હરિઃૐ

## મનાદિનું જ ઠેકાણું પછી ત્યાં યોગ્ય પડિયું છે

'જીવનને મઠારવાને તો શું અડચણરૂપ સ્વભાવ જ છે',
શું મારીઠોકીને પણ તેં ગળે મારે ઉતાર્યું તે.

**हरि**ની ભક્તિમાં મનને ચહી ચહીને, લગાડીને
-ત્યહીં જ્યાં મેળ બેઠો છે, શું ફરતો* સ્વભાવ મેળે છે !

ચરણમાં લગાડવા મનને, સતત અભ્યાસમાં નિત્યે
-પરોવી રાખવા ભગીરથ, થયેલો યત્ન કેવો તે !

વફાદારી ચરણભક્તિ વિશે પૂરી સ્ફુરેલી છે,
મનાદિનું જ ઠેકાણું પછી ત્યાં યોગ્ય પડિયું છે.

* ફરતો - બદલાતો

હરિઃૐ

## ધીમે ધીમે પલાળી મન મથેલો જીવવા જીવને

બધી ભૌતિક વસ્તુથી સદા પર રાખવા મનને,
ધીમે ધીમે પલાળી મન મથેલો જીવવા જીવને.

'વિષયમાં સર્વ સાંસારિક, વિચારોમાં જ ભૌતિક જે
-લપેટાઈ જવાયે ના', શી તેવી દક્ષતા ધરી છે !

પરોવવા મનાદિને મનન ચિંતવન ઊંડે ઊંડે,
હૃદયના આત્મ પ્રત્યેનું કર્યાં કરી શો મથેલો જે !

હૃદયના ભાવમાં દૃઢતા અખંડિત તે થવા કાજે,
મહત્ત્વે ઝોક અર્પી તે, સદા દિલ લક્ષ રાખ્યું છે.

હરિઃૐ

## સતત સાધનના અભ્યાસે મનાદિ કોળવાયાં છે

જીવનની કારમી વેળા જહીં તે આવી પહોંચી છે,
**હરિ**ના સ્મરણના ભાવે મનાદિને પરોવ્યાં છે.

છતાં પણ તીવ્ર કઠણાશે મનાદિ કોતરાયાં છે,
મનાદિને અનુભવ શા થયા ! તેથી જ ચેત્યાં છે.

શું દિલ ચેતેલ હોવાથી રહી વળગી જ સાધનને !
સતત સાધનના અભ્યાસે મનાદિ *કોળવાયાં છે.

મનાદિને જ પડવાથી પૂરી ગમ, ઠામ પડિયાં છે,
જીવનનું તેથી **હરિ** સાથે હૃદયલગ્ન થયેલું છે.

* કોળવાયાં = ખીલ્યાં

હરિઃૐ

# મનાદિને હરિરસથી ચરણમાં હેળવેલાં છે

જીવનને મુસીબતોમાંથી પસાર થવું પડેલું છે,
પૂરો કકળાટ ત્યારે શો મનાદિએ કરેલો છે !

જરી કંઈ ત્રાસ પડતામાં ઊંચાંનીચાં થતાં શાં તે !
બધી સગવડ, સરળતા તે જીવનમાં માગતાં રહે છે.

પરંતુ તે રીતે જીવન ઘડાઈ ના શકાવાનું,
હૃદય અનુભવ થતાં તેવો તુરત હું જાગી ઊઠેલો.

થઈ બેઠો કસી કમર પછીથી દોડવા લાગ્યો,
મનાદિને **હરિ**રસથી ચરણમાં હેળવેલાં છે.

હરિઃૐ

## મનાદિ તેથી તો પદમાં ગળી પૂરાં ગયેલાં છે

બહુ રીતની જુદી જુદી શી ઝંઝટ તો જીવનમાં છે !
શું ઉથલાવી જ દેવાને મનાદિને ચળાવે તે.

પરંતુ લગની જે જાગ્રત હૃદયની સાવધાનીએ
-ફરી ફરીને, વળી વળીને મનાદિને ટકોર્યાં છે.

'જીવનમાં જાણ્યું, તેજીને ટકોરો માત્ર પૂરતો છે',
થવા તેજ ચરણ તેથી મનાદિને શું જોડ્યાં છે !

મનન ચિંતવનતણા રસથી ચરણમાં ભક્તિ લાગી છે,
મનાદિ તેથી તો પદમાં ગળી પૂરાં ગયેલાં છે.

હરિઃૐ

# જીવનમાં સાધનાભ્યાસે મનાદિને પલોટ્યાં છે

ઉપરથી છો ભલે સમજું મનાદિ યોગ્ય લાગે છે,
પરંતુ તેમની ચાલ ખરેખર વક્ર ગતિની છે.

કંઈક ખચકા જીવનમાં તો મનાદિથી પડેલા છે,
અશાંતિ, ક્‌લેશ, કંકાસ નિરંતરનાં થયેલાં છે.

શમવવાને બધું તે તે મનાદિને બીજી રીતે
–સ્મરણમાં શાંત પાડીને કર્યું સમજાવવાનું છે.

સમજવા યોગ્ય ભૂમિકા મનાદિની કરી કરીને,
જીવનમાં સાધનાભ્યાસે મનાદિને પલોટ્યાં છે.

હરિઃૐ

## મનાદિને જ કેળવવા પ્રયત્નો ખૂબ કીધા છે

પ્રકૃતિમાં મનાદિની નજરબંધી ભયંકર છે,
બધું સંસારમાં ચાલે મનાદિની પ્રમાણે તે.

વિરોધાભાસ કોઈનો ન કોઈ સાથ ક્યાંયે છે,
છતાંયે સર્વની ચાલ અનોખી જુદી જુદી છે.

પરસ્પરમાં પરસ્પરથી ડખો કેવો કદી શો છે !
થવા સુમેળ ત્યાં ત્યારે કશું કોઈનું ન ચાલે છે.

ગતિનું વહેણ બદલાવા સ્મરણપંથે ચઢાવીને,
મનાદિને જ કેળવવા પ્રયત્નો ખૂબ કીધા છે.

પલોટીને મનાદિથી રવાલે* ચાલવા હર્ષે,
પલાળીને **હરિ**રસમાં **હરિ**માર્ગે વળાવ્યાં છે.

---

* એક પ્રકારની ચાલ

હરિઃૐ

## હૃદયની પ્રાર્થનાથી, શાં મનાદિને મનાવ્યાં છે !

મનાદિ સૌ પ્રથમ કેવાં હતાં પશુ સમ ખરેખર જે !
કદીક વકરેલ જ્યાં, દીએ ગગનતારા બતાવ્યા છે.

કર્યા વિના બળાત્કાર ધીમે હળવે મનાદિને
-પડવવાને ઠરીઠામ કંઈક જુક્તે પઢાવ્યાં છે.

જીવનના ધ્યેયની લગનીતણી ઊંડી અસર પાકી
-થવા કાજે, મનાદિને પરોવ્યાં છે જ સાધનથી.

ભજનકીર્તન, સ્મરણસાધન, નિવેદનથી, સમર્પણથી,
હૃદયની પ્રાર્થનાથી, શાં મનાદિને મનાવ્યાં છે !

હરિઃૐ

## મનાદિ ગૂંચવાયેલાં બની ત્યારે ગયેલાં છે

જીવનમાં તીવ્ર અકળામણ કંઈક વેળા ઊઠેલી છે,
મનાદિ ગૂંચવાયેલાં બની ત્યારે ગયેલાં છે.

બહુ મથતાં છતાં સ્વસ્થ થતાં કેમે કર્યાં ના તે,
સ્મરણમાં પ્રોઈ જોયાં છે, છતાં દળદર ફીટ્યું ના છે.

હૃદયમાં કારમો કેવો શું ઉકળાટ થતો ત્યારે !
હૃદય બેચેની વ્યાપીને નર્યું અંધારું વ્યાપ્યું છે.

છતાં **हरि** તો હૃદયમાં છે મને સંપૂર્ણ વિશ્વાસ,
હૃદય સ્તવતાં ઊંડા ભાવે 'મદદ ચઢી આવવાનો તે'.

હરિઃૐ

# શરીરનાં સુખદુઃખાદિ મનાદિનેય સ્પર્શે છે

મનાદિ સૌ શરીર સાથે થયેલાં ઓતપ્રોત જ છે,
શરીરનાં સુખદુઃખાદિ મનાદિનેય સ્પર્શે છે.

પરંતુ શી કૃપા છે તે બધું તેવું છતાં પણ જે !
અલૌકિક ભાવનું સર્જન સહજમેળે થતું રહે છે.

**હરિ**ના ભાવની ઊંડી જીવંતી સભાનતા જે છે,
નૂતન સર્જન કરાવીને હૃદય હર્ષ પમાડે છે.

**હરિ**ની શક્તિનો આવો પ્રયોગાત્મક રસીલો જે
-પ્રયોગ જે અનુભવવા મળ્યો, સદ્ભાગ્ય કેવું તે !

હરિઃૐ

## જીવનમાં કેટલો મોટો શું ધરતીકંપ લાગ્યો છે !

સીધી સાદી સરળ ચાલ મનાદિની જીવન વિશે
-મનાદિ પ્રકૃતિ વિશે સદા હોવાથી, કંઈ ના છે.

પ્રકૃતિમાં જબરજસ્ત શી અથડામણ થયેલી છે !
જીવનમાં કેટલો મોટો શું ધરતીકંપ લાગ્યો છે !

બધું ખેદાનમેદાન થતું ત્યારે નિહાળીને
-અચંબાથી ઊંડો ઊતરી, જીવન વિશે વિચાર્યું છે.

કંઈક ઊંડું વિચારાતાં પૂરું એક જ વિશે જ્યારે,
હૃદય તેવાતણું તથ્ય કૃપાથી હાથ લાગે છે.

હરિઃૐ

## તને દિલ રાખવા જોડી શું તેથી ભક્તિમાં રહીએ !

વિસાતે તુજ સંગાથે જરા પણ ના અમે છીએ,
બરાબરી તુજ સાથે ત્યાં શી કરવાની પછી રહે છે !

**हरि** તારે લીધે દિલમાં અમારું જોર ચાલે છે,
તને દિલ રાખવા જોડી શું તેથી ભક્તિમાં રહીએ !

મનન ચિંતવન સતત તારું મનાદિમાં થવા દઈને,
સમર્પી દઈ બધું પદ તે પછી સૂઈએ જ નિરાંતે.

હવે ના ઊઠબેસ જ છે, ઠરીઠામ જ બધું જે તે,
**हरि**ના ભાવમાં સર્વ થયેલું ઓતપ્રોત જ છે.

હરિ:ૐ

# પ્રવેશીને ઊંડે ઊંડે થવા સાકાર ઝંખે છે

કુમળી કુમળી હૃદયમાંથી સ્ફુરંતી ઊર્મિઓ કંઈ જે,
થતાં એકાગ્ર, કેંદ્રિત ઊંડે અંતર પ્રવેશે છે.

જીવનમાં અવતરીને તે ન છાનીમાની બેસે છે,
પ્રવેશીને ઊંડે ઊંડે થવા સાકાર ઝંખે છે.

ઊંડું સ્પર્શંત સંપૂર્ણ અસલ મૂળના સ્વરૂપે તે
-ઉમેરાતાં જ તે વિશે હૃદયભાવ જીવંતો જે,

ઊંડા અંતરતણા સ્પર્શ અને તે ભાવ, બંનેનો
-થતાં એકાગ્ર સુમેળ, પરિણામ નિરાળું છે.

હરિઃૐ

## છતાં ત્યારે હરિએ શી છૂપી સંભાળ લીધી છે !

ધમાચકડી જીવનમાં તો થયેલી કેટલી વાર,
ફરેલો ફેરફૂદડી શી થઈને સાવ બેભાન.

મનાદિને વિશે મૂર્છા ભયંકર કેવી પ્રગટીને
પૂરો બેશુદ્ધ બનવીને, જીવનધ્યેય ચુકાવ્યું છે !

હતો સૂમસામ, બેફામ, ગુમાવી ભાન બેઠો જે,
છતાં ત્યારે **હરિ**એ શી છૂપી સંભાળ લીધી છે !

**હરિ**નો આશરો પાછો જીવંતો શો કરાવ્યો છે !
શું ચેતનવંતું પદલક્ષ **હરિ**એ દિલ ઠરાવ્યું છે !

હરિઃૐ

## પરસ્પરથી જીવનમાં શા વિરોધાભાસ જન્માવે !

મનાદિના જુદા જુદા શું પ્રત્યેકતણા જીવને
-બહુ બહુ રીતના દાવા ખડે પગલે જ તત્પર તે.

અહમ્ પોતાનું પ્રત્યેક ઊંચું કરીને ઘડી-પળ તે,
પરસ્પરથી જીવનમાં શા વિરોધાભાસ જન્માવે !

શરીરનાં કારમાં દર્દોતણી તે વેદના વિશે,
શરીરની દુર્દશા ભારે થઈ ત્યારે ગયેલી છે.

જીવનમાં તે પછી કેવું શું સંઘર્ષણ ભયંકર જે
-ઉગાડીને ભીતર કેવું ઊંડું ઘમસાણ મચવે છે !

હરિઃૐ

## અહાહા ! કેટલી કેવી મહાભૂલથાપ ખાધી છે !

વિહંગાવલોકને જ્યારે નિહાળાયું જીવનને તે,
અહાહા ! કેટલી કેવી મહાભૂલથાપ ખાધી છે !

જરા પણ દિલથી ત્યારે ન બેસાયું જ જંપીને,
હૃદય ઉધમાત ત્યારે તો ભયંકર શો મચેલો તે !

બધું ચોપાસનું જીવન થયું અવલોકવાનું તે,
સીધું ત્યારે મથાવીને સીધું પાછું ચલાયું છે.

'**હરિ** પથ દોરનારો છે, **હરિ** દિલ પ્રેરનારો છે',
કૃપાથી આત્મવિશ્વાસ હૃદય સંપૂર્ણ જાગ્યો તે.

હરિઃૐ

## હરિના પ્રેમનો કિંતુ સકંચો કોઈ ન્યારો છે

મનાદિને મનવવાને જુદી જુદી રીતે શા તે !
જુદા તે પેંતરા કેવા કળે કરીને લીધેલા છે !

પરંતુ તે સકંચામાં કદી પણ આવતાં ના છે,
**હરિ**ના પ્રેમનો કિંતુ સકંચો કોઈ ન્યારો છે.

સ્મરણની મસ્ત રમઝટમાં મનાદિને પલોટીને
-ટકોરીને સ્મરણરસમાં ભીંજાવાનું કરાવ્યું છે.

છતાં તે એમની મેળે ન માનેલાં કદી પણ છે,
જુદા જુદા પ્રયત્નો શા મનવવાને કરેલા છે !

કૃપાથી કળ જુદી જુદી મનાદિતાળું વાસેલું
-ઊઘડવા વાપરેલી છે, અકસ્માતે ફવાયું શું !

હરિઃૐ

# પૂરું હોયા વિના સ્વસ્થ ઉકેલાતું કશું ના છે

જીવનમાં અટપટા પ્રશ્નો બહુ વેળા ઊઠી ઊઠીને
-મનાદિને શું મૂંઝવણમાં ભયંકર મૂકી દીધાં છે !

બધું ઉકેલવા જે તે મનાદિની ન શક્તિ છે,
પૂરું હોયા વિના સ્વસ્થ ઉકેલાતું કશું ના છે.

સ્મરણરસમાં મનાદિ સૌ પલોટાઈ જઈને તે,
કંઈક ઠામ થયાં જ્યાં છે, થયાં ત્યાં સ્વસ્થ મેળે તે.

થવાતાં સ્વસ્થ દિલ જ્યારે તટસ્થ ત્યાં થવાતું છે,
તટસ્થ, સ્વસ્થ બનવાથી ઉકેલો સૌ સધાતા છે.

હરિઃૐ

## ખરેખર માત્ર તેવાને થતો અનુભવ પ્રયોગે તે

જીવનમાં તંગદિલી શી ભયંકર તીવ્ર ઊપજી છે !
કહીંનો કહીં ઉછાળીને મને શો ફેંકી દીધો છે !

શમવવાને અશાંતિને બધું મથવાનું છોડીને,
**હરિ**ના સ્મરણમાં મેં શાં મનાદિને પલોટ્યાં છે !

થવાતાં દિલ એકાગ્ર મનાદિમાં ખરેખર જ્યાં,
બધીયે તંગદિલી ને અશાંતિ દૂર કહીં ભાગ્યાં !

સ્મરણ અભ્યાસમાં જેઓ પૂરા ડૂબી ગયેલા છે,
ખરેખર માત્ર તેવાને થતો અનુભવ પ્રયોગે તે.

હરિઃૐ

## દળી દળીને શું કુલડીમાં બધું વાળેલું મેં તો છે !

શી અથડામણ જીવનમાં તો બહુ વેળા થયેલી છે !
દળી દળીને શું કુલડીમાં બધું વાળેલું મેં તો છે !

તકેદારી ઘણી રાખી સીધે પથ ચાલવા વિશે,
છતાં પણ કોઈક કારણથી ભુલાઈ ત્યાં જવાતું છે.

'મનાદિમાં જ ઓસરતો જીવન પરત્વેનો ભાવ
-હૃદયમાં લાગતો, ત્યારે ભૂલેલો છું' હું સમજ્યો તે.

સમજવાનું થતાં સાચું પછી તે દિલ ઊતરે છે,
અને એમ વર્તવાનું તો સરળતાથી થતું પછી છે.

હરિઃૐ

## હરિને આશ્રયે માત્ર પથે મેં તો ઝુકાવ્યું છે

પથે બાથોડિયાં મેં તો બહુ જ માર્યાં કરેલાં છે,
કશે નિશ્ચિત ન પગથી છે, ન સાથે ભોમિયો પણ છે.

'મનાદિમાં **હરિ**ભાવ ટકંતાં', યોગ્ય માની તે,
**હરિ**ને આશ્રયે માત્ર પથે મેં તો ઝુકાવ્યું છે.

**હરિ**ના ભાવથી બીજું નકારાત્મક મનાદિમાં
-જહીં ઊંધું કશું ટપક્યું, હું ચેત્યો છું સફાળો ત્યાં.

મનાદિનાં વલણ પરથી બધું જે તે સમજવાનું
-કર્યાં કીધું કૃપાથી તે, શું તેથી તો જ જિવાયું !

હરિઃૐ

# ખરે તેવા વિચારોનું હૃદય સામર્થ્ય જબરું છે

મનન ચિંતવનતણી રીતે વિચારો જે થયેલા છે,
વળી એકાગ્ર, કેંદ્રિત થયેલા લક્ષ્ય પ્રત્યે જે,

અને તેવા વિચારોમાં હૃદયનો ભાવ ઊગ્યો છે,
ખરે તેવા વિચારોનું હૃદય સામર્થ્ય જબરું છે.

વિચારોથી જીવન કેવું ઘડાતું હોય છે નિશ્ચે !
વિચારો લક્ષ્યબિંદુથી થયેલા, તે જ ખપના છે,

પરંતુ જે વિચારોનું કશું ના ઠામઠેકાણું,
કશું ના મૂલ્ય છે સાચું નમાલા તે વિચારોનું.

હરિઃૐ

## રહસ્ય પામવા કાજે જીવનને હોમી દીધું છે

જીવનમાં જિંદગાનીનું રહસ્ય જે ગહન ઊંડું,
સમજવાને ખરેખર તે મથે ના કોઈ પણ સાચું.

જીવનને ઘરેડની રીતે જીવે જે માત્ર ખાલી તે,
જીવનમાં તેમના કરમાં કશું ના આવવાનું છે.

જીવનમાં કોઈ પણ ઊંડો કશો આદર્શ જેને ના,
જીવન તેવાતણું જીવવું ખરેખર સાવ છે મિથ્યા.

ઊંડું દિલ લાગવાથી ને હૃદયચાનક થવાથી તે,
રહસ્ય પામવા કાજે જીવનને હોમી દીધું છે.*

હરિ:ૐ

## મથ્યા કેવું જવાયું છે ! હરિકૃપા-લીલા એ તો !

અલખને લખ વિશે ઊંડું અનુભવવા જીવન વિશે,
અલખનું લખ વિશે ઊંડું થયાં ચિંતવન ગયેલું છે.

અલખનું બેસણું યોગ્ય થવા લખમાં વિચારીને
-અલખનો ભાવ સંપૂર્ણ પ્રવર્તાવા મથાયું છે.

અલખ કેમે કર્યું આવે પકડમાં કોઈ રીતે ના,
થતાં ભાવ પૂરેપૂરો અલખ પોતે છતો છે ત્યાં.

સતત તેથી જીવન વિશે નિરંતર ભાવ પ્રેરવવા
-મથ્યા કેવું જવાયું છે ! **હરિ**કૃપા-લીલા એ તો !*

---

* નરોડામાં તા. ૬-૧-૧૯૭૪ની રાતે દમનો ભારે હુમલો થયેલો ત્યારે બોલાયેલું.

હરિઃૐ

## જીવનના ધ્યેયની લગનીતણો કેવો પ્રતાપ જ ત્યાં !

ધપંતાં પંથમાં આગળ કંઈક કરતૂક જાગ્યાં છે,
ઊંધું ને આડુંઅવળું ત્યાં જીવનમાં વેતરાયું છે.

પડંતાં દિલ ત્યાં સમજણ કૃપાથી વાર લાગી ના,
જીવનના ધ્યેયની લગનીતણો કેવો પ્રતાપ જ ત્યાં !

જીવનના ધ્યેયને પૂર્ણ હૃદય સાકાર કરવાની
-ભભૂકતી આગ પ્રગટેલી, રહે તે છાનીમાની શી !

જુદી જુદી રીતે **એણે** મથાવ્યા દિલ કરાવીને,
રહસ્ય કેવું ઓચિંતું હૃદય દર્શાવી દીધું છે !

હરિઃૐ

## કદીક પળવાર પણ આળસ જરા સરખું કર્યું ના છે

પડેલું સૌ હતું નરદમ જીવન કંઈ **જીવદશા**નું જે
-ચરણ વળતાં મનાદિ, ત્યાં ખબર તેની પડેલી છે.

ખબર જ્યારે પડી દિલમાં સવેળા ચોંકી ઊઠીને
-કદીક પળવાર પણ આળસ જરા સરખું કર્યું ના છે.

સતત ઉદ્યમ અને ઉદ્યમ, જહેમત ખૂબ કીધી છે,
બની જઈ એક શી રીતે પદે ઠરવું ચહેલું છે !

મનાદિ **તારી** ભક્તિમાં થવા જ્યાં લીન લાગ્યાં છે,
બધો ફાંકો મનાદિનો ઊડી ત્યારે ગયેલો છે.

હરિઃૐ

## સતત સમજણથી મથવામાં કંઈક ફાવટ મળેલી છે

વિના સમજ્યા ગમે તેવું જીવન વહેવા દીધેલું છે,
જીવનમાં વાગતાં દંડો ભયંકર વેદના થઈ છે.

મનાદિ વેદના લીધે થયેલાં વિચારતાં ઊંડું,
શું સમજાયો ખરેખર ત્યાં હૃદયમાં વેદનાહેતુ !

ફળવવા હેતુને ત્યાંથી મથ્યા દિલમાં કરેલો જે,
સતત સમજણથી મથવામાં કંઈક ફાવટ મળેલી છે.

ગમે તે કર્મ કરતાં પણ જીવનમાં ચાલતાં, ફરતાં,
જીવનના હેતુનું લક્ષ રખાયું ચેતતું શું ત્યાં !

હરિઃૐ

## અમો કરતાંય તું અમમાં થયો શો ઓતપ્રોત જ છે !

અમારી લાગણી કેવી સતત **તું** રાખતો રહે છે !
અને સંભાળ જીવનની અનેકે રીત **તું** લે છે.

અમારે જીવવા કાજે બધું જે જે જરૂરી છે,
બધું તે તે કૃપાથી **તું** જીવનની પાસ લાવે છે.

મનાદિ રાખીએ તુજમાં અમે જેટલા જ ઉત્સાહે,
બધું તેનાય કરતાંયે અમારામાં **हरि** તું રહે.

**हरि** તુજ યાદ જીવંતી પળેપળ તો હવે શી છે !
અમો કરતાંય તું અમમાં થયો શો ઓતપ્રોત જ છે !

હરિઃૐ

## રજેરજ ત્યાં જીવનકેરું જણાઈ આપ આવે છે

ઉમળકા, કોડ શા શા તે જીવન ઘડવા ઊગેલા છે !
મનાદિમાં ઊંડા ઊતરી, પુરુષાર્થે ચઢાવ્યો છે

જીવનનો ધ્યેય-જ્વાલાગ્નિ ભભૂકેલો રહેલો જે,
શું જ્વાળામુખીના જેવો ! અસર શી વ્યક્ત એની છે !

બધાં પ્રત્યક્ષ લક્ષણને નીરખી, નીરખી પ્રમાણીને,
શું અંતરચક્ષુથી જીવન બધું ત્યારે નિહાળ્યું છે !

જીવનમાં જામતાં પાકું તટસ્થ દિલ, બધું ત્યારે
-રજેરજ ત્યાં જીવનકેરું જણાઈ આપ આવે છે.

હરિઃૐ

## અહાલેક જગાવીને શું કેસરિયાં કીધેલાં છે !

જીવનમાં કોઈક વેળાએ કંઈક આઘાત લાગ્યો છે,
તહીં આઘાતનો કેવો શું પ્રત્યાઘાત જાગ્યો છે !

પરંતુ ચિત્તમાં અમને પૂરી શાંતિ જ ખપની છે,
બીજું કોઈ જ ડહોળામણ કદી અમને ન પાલવશે.

મનાદિમાં પૂરેપૂરાં સતત ચરણે રસાવાને
–જીવનમાં યજ્ઞ માંડીને પદે બેઠા જ નિશ્ચિંતે.

**हरि तारे** ચરણ પ્રેમે હવે અડ્ડો લગાવીને
–અહાલેક જગાવીને શું કેસરિયાં કીધેલાં છે !

હરિઃૐ

## શું એકાકાર કરવાને જબર જહેમત ઉઠાવી છે !

વિના સાધ્યા હ્રદયમેળ પૂરેપૂરો બધી રીતે,
સધાવાનું ન કંઈ કર્મ જીવનના ઊર્ધ્વ પથનું તે.

**હરિ**પદ ભક્તિમાં જ્યારે લગાતાર થતું દિલ છે,
હ્રદયના તારને ત્યારે ન મેળવવા પડેલા છે.

**હરિ**ની ભક્તિ જીવનમાં અણુ અણુમાં પ્રકાશે છે,
બધાયે કામક્રોધાદિક શમી મેળે જતા શા છે !

સતત તેથી મનાદિને **હરિ**ની ભક્તિને વિશે
-શું એકાકાર કરવાને જબર જહેમત ઉઠાવી છે !

હરિઃૐ

# નિરંતરના જ અભ્યાસે પછીથી તે મનાયાં છે

સ્મરણમાં જોતરાવાને ઉમળકાથી મનાદિને,
બહુવિધ તો કરેલું છે ઊંડું સમજાવવાનું જે.

સરળતાથી પરંતુ તે ન માની જાય એવાં જે,
સતત અભ્યાસમાં જોડી પછી તેમાં પલોટ્યાં છે.

પલોટાવાની પ્રક્રિયા વિશે પણ પાંસરાં ના તે,
કરેલા ધમપછાડા શા હું જાણું એકલો તે તે !

સરળ જલદી જ ઝટપટમાં હૃદય સહકાર તે સૌનો,
બહુ મથતાં, ઘણું મથતાં મળેલો ના પૂરેપૂરો.

છતાં પણ પૂછડું મેં તો સતત પકડી જ રાખ્યું છે,
નિરંતરના જ અભ્યાસે પછીથી તે મનાયાં છે.

હરિઃૐ

## સકળ જીવન પ્રફુલ્લિત શું નંદનવન બનેલું છે !

બધી સંસારની મહોબત હતી જે આડીઅવળી તે,
**હરિ**માં પ્રીત બંધાતાં ઊડી તે તે ગયેલી છે.

**હરિ**પદ પ્રેમ સંધાતાં મનાદિ શાં મનાયાં છે !
મનાદિને હૃદયરંગ પછીથી ઑર લાગ્યો છે.


મનાદિનો બધો ચહેરો શું ખુશબોદાર ઝળકે છે !
ખુમારીની ઝલક કેવી ચહેરા પર પ્રકાશે છે !

જીવનમાં હર્ષ, ઉન્માદ ઊછળી ઊછળી ઊછળતો છે,
સકળ જીવન પ્રફુલ્લિત શું નંદનવન બનેલું છે !

હરિ:ૐ

## ખંડ - ૮

# મળેલાં સ્વજનોને



પ્રભુપ્રીત્યર્થનાં કર્મતણો જે યજ્ઞ માંડ્યો છે,
મહીં આહુતિ દેવાને નિમંત્રું છું બધાંનેયે.

હરિઃૐ

## ગણતરીનું કશું કામ ન આ ક્ષેત્રે રહેલું છે

અમારે ધ્યેયની રીતે જીવનમાં જીવવું ચહીને,
થવાને યોગ્ય, તે કામે થયેલું વર્તવાનું તે.

પરિણામતણા પાછા વિચારોનું ન કામ જ છે,
ગણતરીનું કશું કામ ન **આ** ક્ષેત્રે રહેલું છે.

સતત બસ એકધારું જે સતત એકીટશે નિત્યે
-રહેવાનું જ મંડ્યા તે ખરેખર કામ માત્ર જ છે.

ઊંડો ટંકાર ને રણકો હૃદય દેતો જણાયો છે,
જીવનમાં આત્મવિશ્વાસ ફળંતો તેથી લાગે છે.

હરિઃૐ

# પ્રગટતો રસ ખરેખર જે, જીવનનું કેંદ્રબિંદુ તે

જીવનમાં રસ પડ્યા વિના, લગાતાર જ કશા વિશે,
કદી કંઈ એકધારું ના, પરોવાઈ રહેવાયે.

નિરંતરના જીવન દિવ્યતણા અભ્યાસથી હૃદયે
-પ્રગટતો રસ ખરેખર જે, જીવનનું કેંદ્રબિંદુ તે.

જીવનની આરપાર જ શો શું સોંસરવો પ્રવેશીને
-પસાર થઈ બધાંમાંથી જતો છે પારની પારે !

રસેશ્વર શો જીવનરસ તે ! બધાં જે તે વિશે શો જે
-વસેલો કેંદ્રમાં પોતે ! ખરેખર રસ **हरि** પોતે.

હરિઃૐ

## વિના અનુભવ ન કોઈને શકાશે સમજી તે રીતે

અમારે ને **હરિ**ને તો હવે છેટું રહ્યું ના છે,
પરસ્પરમાં પરસ્પરથી પરસ્પરને ભળેલા તે.

છતાં પણ એકબીજાથી હૃદયસંબંધ કેવો તે !
વિના અનુભવ ન કોઈને શકાશે સમજી તે રીતે.

અમારે ને **હરિ**વરની અનોખી ભાઈબંધી છે,
કદીક ગાળો દઈને પણ અમે શા ભાંડીએ છીએ !

કદીક ગુસ્સો કરી લઈએ, નમી કેવા પડી જઈએ !
કદીક હર્ષે શું નાચીને **હરિ**ને બાથમાં લઈએ !

હરિઃૐ

# હૃદય સહકાર પ્રેરીને પરસ્પરમાં ભળી જઈએ

જીવનમાં કંઈક સંબંધ અકસ્માત જ મળેલા છે,
પરંતુ તે વિશે કુદરતતણો કોઈ ગૂઢ હેતુ છે.

મળેલાં જે પરસ્પર છે, પરસ્પરનાં જીવન વિશે
–હૃદય સહકાર પ્રેરીને પરસ્પરમાં ભળી જઈએ.

પરસ્પરમાં ભળી ગળીને પરસ્પરનાં જીવનને તે
–પ્રભુના ભાવમાં કરીએ ઊંડું વિકસાવવાનું જે.

જીવનની દિવ્ય ભૂમિકા બનવવાને જીવન વિશે
–હૃદય સરસાં થઈ જઈને ગળીને **એક** જીવવું છે.

હરિઃૐ

# અમારે પાપ કે પુણ્ય ન કોઈનાંય જોવાં છે

અમારે પાપ કે પુણ્ય ન કોઈનાંય જોવાં છે,
અમારું તે ન કર્તવ્ય, અમારો ધર્મ પણ ના તે.

કહીએ જો કદીક કોઈને હૃદય તેને જ ચેતવવા,
લીધેલા પંથથી વળવા જીવન સન્માર્ગ પ્રેરવવા.

અમોમાં બોધ દેવાની કશી ના લાયકાત જ છે,
કદીક પ્રેરાઈ નિમિત્તે કંઈક ભરડી જ મારીએ.

કદીક વાણી અવળકેરો પ્રયોગ પણ કરી લઈએ,
સીધુંસાદું કદીક બરછટ શું ઓચિંતું બકી મરીએ !

અમારે સર્વની સાથે હૃદય સુમેળ ધરી લઈને,
હૃદય સહકાર સાધીને સહુ સાથે જ જીવવું છે.

હરિઃૐ

# અમારે જીવવાનું છે, તમારી ઓથ ને મદદે

તમારી ને અમારી તો જીવનની ભાઈબંધી છે,
કંઈક કેટલાય જન્મોથી રહ્યા ચાલુ કરેલી છે.

પડેલા કંઈક વિખૂટા કદીક સંજોગથી કોઈ,
કૃપાથી કંઈક ઓચિંતા મળેલા જીવને આવી.

જીવનનો ગૂઢ હેતુ છે, જરૂર મળવાતણો ઊંડો,
ભલે સમજી શકાતો ના, શું તેથી તે નિરર્થક શો !

અમારે જીવવાનું છે, તમારી ઓથ ને મદદે,
હૃદય ખુલ્લાથી તે દેજો ઉમળકાથી જ વારીને.

હરિઃૐ

## શું એનો મુક્ત વ્યવહાર ! શું ન્યારા તે પ્રકારે છે !

તમારાં રીતરસમ જે છે, નીતિ, નિયમ તમારાં જે,
વળી સંસારનાં ધારા અને ધોરણ બધાં જે છે,

અનુભવની ભૂમિકામાં ન તેવાં રીતરસમ કંઈ છે,
તહીં ધારા અને ધોરણ કશાં તે રીતનાં ના છે.

તમારી રીતથી **એને** જશો સરખાવવા દિલ જો,
નિરાશા કર્મમાં સજ્જડ લખાયેલી રહેશે તો.

અનુભવમાંય પ્રકૃતિ છે, ખરેખર યોગ્ય માધ્યમ તે,
પરંતુ પ્રકૃતિ દાસી અનુભવમાં ખરેખર છે,

અનુભવનો જ સંસાર ન સંસારી રીતિનો છે,
શું **એનો** મુક્ત વ્યવહાર ! શું ન્યારા તે પ્રકારે છે !

હરિઃૐ

## હૃદયથી ચાહવાકેરો જીવનધર્મ સ્વીકાર્યો છે

હૃદયથી યાદ કરવાનો ઉમળકાથી ચહી ચહીને,
રસિક જીવનનો શો યજ્ઞ **હરિ**એ સંપડાવ્યો છે !

મળેલાંને હૃદય સરસાં ચહી ચહી દિલ ચાંપીને,
હૃદય નિજનાં બનવવાને જીવનનો યજ્ઞ માંડ્યો છે.

પરંતુ તે વિશે ફાવટ હજી પૂરી ન આવી છે,
વફાદાર છતાં વળગી રહેલા શા છીએ તેને !

હૃદયથી ચાહવાકેરો જીવનધર્મ સ્વીકાર્યો છે,
હૃદયથી પાળવાને તે સમર્પાઈ જવાયું છે.

હરિઃૐ

## તમે પ્રેરી મદદ જે છે, મદદ તે સર્વ અર્થે છે

પ્રભુપ્રીત્યર્થનાં કર્મતણો જે યજ્ઞ માંડ્યો છે,
મહીં આહુતિ દેવાને નિમંત્રું છું બધાંનેયે.

જગતકલ્યાણને અર્થે લીધેલાં કર્મ તે તે છે,
ખરે સૌ કોઈનો ધર્મ મદદ કરવા જ તે વિશે.

મદદ કંઈ પણ કરેલી જે બધાં જનહિત અર્થે છે,
ખરેખર તે વિશે કેવો નિમિત્તમાત્ર 'મોટા' છે !

જરા સરખુંય 'મોટા'નું કશું અંગત ન તેમાં છે,
તમે પ્રેરી મદદ જે છે, મદદ તે સર્વ અર્થે છે.

મદદ આપેલ જે, તે તો તમે તમને કરેલી છે,
કશી તેમાં જ 'મોટા'ને ન લેવા કે ન દેવા છે.

હરિઃૐ

## ચરણની એકલી માત્ર જીવનમૂડી અમારી છે

ન અમથી ભાંગી શકવાનું તણખલું માત્ર સરખુંયે,
કશી આશા, અપેક્ષા કંઈ ન ધારો તેથી અમ પાસે.

અમારી પાસ તો એવી કશી મોટી ન શક્તિ છે,
ચરણસેવક અમે માત્ર શું અદનામાં જ અદના જે !

વધારે તેથી બીજું ના અમે છીએ ચરણ પાસે,
ચરણની એકલી માત્ર જીવનમૂડી અમારી છે.

સ્વજનનાં પ્રશ્ન, મુશ્કેલી, ગૂંચો, આફત, વિવિધ જે છે,
ચરણમાં તે નિવેદીને સમર્પી તે અમે દઈએ,

કશી પરિણામની ચિંતા નથી ધરતા પછીથી તે*
-હવાલો જે તે સોંપીને નિરાંતે સોડ તાણીએ.

---

* કશું પણ રાખી મૂકવા, ના અમારી પાસ સત્તા છે.

હરિ:ૐ

## અમારે તો બધું જે તે પદે શું ભળાવવાનું છે !

કંઈક આશા, અપેક્ષાઓ સ્વજનથી જે મળેલી છે,
કશો કામિયાબ સંપૂર્ણ ન નીવડેલો બધી રીતે.

છતાં પણ પ્રાર્થના કરવી ન છોડી દિલથી દીધી છે,
અમારે તો બધું જે તે પદે શું ભળાવવાનું છે !

થવું શક્ય કશું પણ તે ન કોઈનું અમારાથી,
–**हरि**ના માત્ર ખાલી શા શું વાણોતર અમે પદથી !

મળેલાંની બધી કથનીતણો જે કંઈ હવાલો તે
–**हरि**ને સોંપી તે દઈને, પછી સૂઈએ જ નિરાંતે.

હરિઃૐ

## અનુભવીને સમજવાનાં કંઈક આવાં જ લક્ષણ છે

જગતમાં તો બધાં કર્મ ખરેખર જે અનુભવીનાં
-અનોખાં સર્વ તે જુદાં, શું લોકોત્તર બધી રીતનાં !

શું એવાં કર્મ સ્પર્શે છે, સમગ્રે સમાનતાને તે !
સકળ જનહિત અર્થેનાં સમૃદ્ધિ પ્રેરનારાં તે.

અનુભવીની સમજ, દૃષ્ટિ ગગનની પાર પહોંચે છે,
નિમિત્તે હાર્દ જાણીને અસ્પષ્ટ રીતે વર્તે તે.

નિવૃત્તિની ભૂમિકાથી સતત પ્રવૃત્ત રહેતો તે,
સતત નિષ્કામના ભાવે રહે શો **કામ**વાળો તે !

ન મર્યાદા, ન સંકોચ, ગતિશૂન્ય, ગતિશીલ છે,
અનુભવીને સમજવાનાં કંઈક આવાં જ લક્ષણ છે.

હરિઃૐ

## સ્વીકારાત્મક વલણ કેવું તમારું ત્યાં રહેલું છે ?

'મળ્યાંને તો થયાં વર્ષો છતાં પરિણામ ના કંઈ છે',
પૂછે પ્રશ્નો મને એવા, દઉં ઉત્તર હું શી રીતે ?

તમારે કંઈક મેળવવા, તમારો સ્વાર્થ કેવો છે ?
જીવંતો કેટલો તે છે ! ઊંડે ઊતરી તપાસી લો.

તમારે જેની પાસેથી કશુંક લેવા ચહેલું જો,
તમારું દિલ તેનામાં રહે કેટલુંક જીવતું તો ?

તમે ત્યાં કેટલો તેમાં હૃદયસહકાર દીધો છે ?
સ્વીકારાત્મક વલણ કેવું તમારું ત્યાં રહેલું છે ?

ધગશ, ઉત્સાહ, ધીરજ ને લીધેલાં સાધનો વિશે,
ટકી તે કેટલાં રહે છે ? તપાસીને પછી કહેજો.

હરિઃૐ

## અમારા દિલમાં સૌને શું સંઘરવું ચહેલું છે !

અમારે મેળ સંપૂર્ણ બધાં સાથે જ રાખીને,
જીવન જીવવાનું આવ્યું છે, ખરેખર ખેલ કેવો તે !

અમારી સાથ સંપૂર્ણ હૃદયનો મેળ સૌ રીતે
-હૃદયમાં કેટલો રાખો બધાં તે આપ જાણો છો.

અમારે તો નિમિત્તેથી કદી રાખ્યા વિના મેળ
-કૃપાથી ચાલવાનું ના, શી એવી ટેકની નેમ !

મળેલાંને ચહી ચહીને ઉમળકાથી શું હરખીને !
અમારા દિલમાં સૌને શું સંઘરવું ચહેલું છે !

મળેલાંમાં પૂરેપૂરું પ્રવેશીને હૃદય ઊંડે,
પ્રકૃતિ **જીવ**ની જેવી, અમારો માર્ગ તેવો છે.

હરિઃૐ

## અનુભવથી પ્રમાણીને બધું મેં આ લખેલું છે

જીવનમાં ગેરસમજૂત શી અવરની સાથ જ્યાં થઈ છે !
સમાધાન કરી લેવા શી તત્પરતા ત્યહીં મુજ છે !

જીવનમાં થોભવા કરતાં સતત બસ ચાલવાનો તે
-જીવનનો શો નિયમ પાકો પસંદ દિલ કરેલો છે !

સતત જ્યાં ચાલવામાં કંઈ કશું નડતર થયેલું છે,
બધા તેના ઉપાયોનો પૂરો વિચાર કીધો છે.

વિચારાતાં ઊંડું ઊંડું બધો ઉકેલ મળતો છે,
અનુભવથી પ્રમાણીને બધું મેં **આ** લખેલું છે.

હરિઃૐ

# દઈ દેતાં જીવન લાખો છતાં ના ઋણ ફીટે તે

જીવનનો ધર્મ જે માન્યો જીવનમાં ઉતારવાને તે
-બહુ માથાં કૂટીને પણ અમે વર્તેલ તેમ જ જે.

સહજ તે પાળવો ધર્મ સરળ તે એટલો ના છે,
છતાં પાળ્યા વિના જીવવું અમારે માટ અઘરું છે.

અમે માથું દઈ દેવાતણી તૈયારી દાખવી છે,
તહીં દેવાની વેળાએ મદદ ઓચિંતી ફૂટી છે.

**हरि**નો કેટલો મોટો મહદ ઉપકાર અમ પર છે !
દઈ દેતાં જીવન લાખો છતાં ના ઋણ ફીટે તે.

હરિઃૐ

# ઊંડું વિચારીને પૂરું જીવનનો રાહ નિજ લેજો

રહી સંપૂર્ણ નિઃસ્પૃહી, સ્પૃહાવાળો રહી પાછો,
રહેવું વર્તતાં તેવું, જીવનનો ધર્મ માન્યો શો !

જીવનમાં જેની સંગાથે ગરજ ઉત્કટ શી લાગી છે !
છતાં પરખાવી દેવાય શું તેને રોકડું જે તે !

નરી પંચાત તેથી તો અવરને દિલ પ્રગટે છે,
વિચારો કહીં કહીંનાયે પછી દિલ ઊગતા તેને.

બધાંનું સાચવીને તે અમારે ચાલવાનું છે,
છતાં પણ કોઈક વેળાએ શું સંભળાવી જ દેવાયે !

અમારી વાત છોડીને તમારું સૌ તપાસી લો,
ઊંડું વિચારીને પૂરું જીવનનો રાહ નિજ લેજો.

હરિ:ૐ

## જીવનનો જે ધણી તેને જણાવીને બધું કરીએ

અમારી જવાબદારી પર કરી શકીએ કશું ના કૈં,
જીવનનો જે ધણી તેને જણાવીને બધું કરીએ.

જીવનમાં તો અમારી સૌ શી લાચારી પળેપળ છે !
સ્વતંત્ર કોઈ પણ રીતે અમે ડગ ના ભરી શકીએ.

સ્વતંત્ર ચાલવાકેરો કશો વિચાર ઊપજે ના,
દશા એવી હૃદય પૂરા ખરા આહ્લાદની શી તે !

**हरि** કદી એકલો પોતે મજા ના માણી શકતો છે,
બધાંમાં રહી બધાંને તે મજા-આનંદ આપે છે.

હરિઃૐ

## હું પોલી વાંસળી માત્ર હરિના હોઠ પરની જે

કશા અદ્‌ભુત ચમત્કારતણી શક્તિ ન મુજ પાસે,
હું પોલી વાંસળી માત્ર **હરિ**ના હોઠ પરની જે.

વગાડે તો જ વાગે તે ન એની મેળ વાગે છે,
ન મારી લાયકાત જ કંઈ, સ્વતંત્ર રીત કોઈ છે.

નિરંતર પરાવલંબી હું લપાઈને **હરિ**પડખે,
નિરાંતે શો પળેપળ દિલ સૂઈ રહેવાનું જાણું તે !

હું તાબેદાર સંપૂર્ણ **હરિ**નાં ચરણનો દાસ,
છતાં લાચારી ભોગવતો ન કોઈ રીત હું ખાસ.

હરિઃૐ

## અહમ્ તે ત્યાં સુધી મોળું ન પડવાનું કદી પણ છે

તમારી બુદ્ધિનો ફાંકો જહીં સુધી જીવંતો છે,
અહમ્ તે ત્યાં સુધી મોળું ન પડવાનું કદી પણ છે.

અહમ્થી આગ્રહો, ટેવો અને રહે પૂર્વગ્રહ જીવતા,
બધીયે માન્યતા, સમજણ, અહમ્થી જીવતાં રહે શાં !

હૃદયમાં એવી સમજણ જ્યાં બને સક્રિય જીવન તે,
જૂનાં ચશ્માં જ બદલાવી નવાં ચશ્માં શું પહેરાવે !

જીવનના જે જૂના ચીલા થકી મનને ખસેડીને,
અગમ્ય ને અકલ્પ્ય પથ વિશે જીવનને પ્રેરાવે.

હરિઃૐ

## તમારો ભાવ સાકાર થજો વ્યક્ત મદદરૂપે

કંઈક પરમાર્થને અર્થે તમે જે સહાય કીધી છે,
તમારો ખાસ આભાર હૃદયથી માનું શી રીતે ?

થવા સમૃદ્ધ જીવનને કૃપાથી યજ્ઞ માંડ્યો જે,
તમે આહુતિ દો તેમાં તમારે ભાગ આવે જે.

તમારું ધર્મકર્તવ્ય બધાંનું હિત થવા કાજે
–ચીંધીને આંગળી તમને બતાવું છું સહજભાવે.

અમારા પર જરા સરખો હૃદયનો ભાવ જો તમ છે,
તમારો ભાવ સાકાર થજો વ્યક્ત મદદરૂપે.

હરિઃૐ

## પુનર્જીવન થવા નૂતન હવે નિશ્ચય થયેલો છે

અનેકે વાર મૃત્યુ **આ** જીવન પામી ચૂકેલું છે,
પુનર્જીવન થવા નૂતન હવે નિશ્ચય થયેલો છે.

ન નિશ્ચય ખાલી ખાલી તે, પરંતુ શો મરણિયો થૈ,
જીવનના ધ્યેયને પૂરું કરી સાકાર દેશે તે.

હૃદયમાં તીવ્ર તલસાટ નવું જીવન પમાવાને,
ઊછળતી ભરતીની છોળો સમો દિલ ઊછળેલો છે.
ઊપસેલો છે.

જીવનને ઉથલાવીને ઊંધુંચતું ફરી ફરીને
-ઘડાવા ઘાટ જે યોગ્ય બધી તે રીત મથવ્યું છે

હરિઃૐ

## પૂરી જો હોંશ જાગી છે, પછી તો ઝંપલાવી દો

વિચારીને, વિચારીને ધીમે ધીમે પગે હળવે,
શરૂઆત જ થવાની તો ખરા જુસ્સાથી ના થઈ છે.

જીવનમાં શુભ આરંભ શરૂ કરવાતણી દિલ જે
-પૂરી જો હોંશ જાગી છે, પછી તો ઝંપલાવી દો.

કરી યાહોમ સંપૂર્ણ, ઝુકાવ્યા તે વિના પૂરું,
કશાનું હાર્દ જીવનમાં પછી તે ના પ્રગટવાનું.

કંઈક જો કરવું છે નિશ્ચે, તુરત મંડી પડો કરવા,
હૃદયનું જોશ તો ત્યારે ખરું ખપમાં જ લાગે છે.

હરિ:ૐ

## થયેલા યોગ્ય વર્તનની ઊપજતી શક્તિ ન્યારી છે

જીવનમાં જાણવા કરતાં અનુભવવું જ ઉત્તમ છે,
જીવનને તો અનુભવવા જીવન જિવાયું તે રીતે.

બધુંયે જાણવા યોગ્ય જીવનમાં તે જરૂરી છે,
હૃદય તે જાણીને તેને અમે વર્તન ઉતાર્યું છે.

અમલમાં આવતાં પૂરું નશો તેનો અલૌકિક છે,
થયેલા યોગ્ય વર્તનની ઊપજતી શક્તિ ન્યારી છે.
અદ્‌ભુત છે.

અનુભવમાં જીવનમાંનું બધું જે તે સમાયું છે,
અનુભવથી પ્રિછાતું જે જીવનમાં શ્રેષ્ઠ લાગ્યું તે.

હરિ:ૐ

## પરંતુ પક્વ અભ્યાસ થતાં, રસ કંઈક જાગ્યો છે

મળેલાં જો છીએ જીવન વિશે કોઈક હેતુએ,
કૃપા કરીને ફળવવા તે હૃદય સદ્‌બુદ્ધિ પ્રેરવજે.

શરૂ શરૂમાં જીવનહેતુ હૃદયથી ના પિછાણ્યો છે,
પરંતુ પક્વ અભ્યાસ થતાં, રસ કંઈક જાગ્યો છે.

હૃદયરસ જાગવાથી તે, થતા અભ્યાસમાં ઊંડો
-કૃપાથી ઊતરાયું છે, ચમત્કાર ખરો રસનો.

પ્રમાણિકતા હૃદય સાચી હૃદયની નેકદાનતની
-થતા પુરુષાર્થમાં જો છે, કળા રસની નીપજવાની.

'હૃદય જ્યાં છે, બધું ત્યાં છે' અનુભવથી જ પરખ્યું તે,
બધે જેમાં અને તેમાં હૃદયને તેથી ધાર્યું છે.

હરિઃૐ

## હૃદયના ચાહવામાં તો જીવનના ભેદ ગળતા છે

જીવનનો હેતુ મળવાનો છૂપો પાછળનો કારણ જે
-ન તે સમજી શકાવાનો, હૃદયથી ચાહવું નિજ કર તે.

સમજવું શક્તિની બહાર, પરંતુ દિલ ચહી ચહીને,
ઉમળકાથી જઈ વારી ચાહવું દિલ ખુશબો જે.

અવરને સમજવા કરતાં, હૃદયથી ચાહવું ઉત્તમ છે,
હૃદયના ચાહવામાં તો જીવનના ભેદ ગળતા છે.

જીવન જે હાથની વાત જીવન તે સિદ્ધ કરી લઈને,
નિરાંતે તે પછી સૂવાતણી હકીકત નિરાળી છે.

હરિઃૐ

## ખરેખર પાત્ર તેવા તો હરિપદમાં થવા લીન તે

કશાની જવાબદારી જે ન તત્પર સ્વીકારવાને છે,
કશા ભલીવાર કોઈયે ન તેના કર્મમાં કંઈ છે.

તમા વિના જ બેપરવા, શું બેદરકાર જીવન જે !
જીવનના ધ્યેયને તેવા વરી શકશે જ શી રીતે ?

પડેલી માન્યતા, ટેવો અને જે પૂર્વગ્રહ પણ છે,
બધાં તે રાખીને તેમ ભરી શકશે પથે ડગ શેં !

**હરિ**નાં પદકમળ વિશે શી જેની લગની ઉત્કટ છે !
ખરેખર પાત્ર તેવા તો **હરિ**પદમાં થવા લીન તે.

હરિઃૐ

## જગત તો ઓળખે માત્ર શું સ્વાર્થ એકલાને તે !

જગતમાં તો વિના સ્વાર્થ બીજો વહેવાર ના કંઈ છે,
જગત તો ઓળખે માત્ર શું સ્વાર્થ એકલાને તે !

અમારો સ્વાર્થ જુદો છે, જગતનો સ્વાર્થ જુદો છે,
પરસ્પર સ્વાર્થમાં મેળ પછી બેસે કઈ રીતે ?

હૃદયનો **શ્રીહરિ**ભાવ અમારો સ્વાર્થ સાચો તે,
જગતનો માત્ર સંસાર જગતનો સ્વાર્થ સાચો તે.

શું કરવાનું અમારે તો પ્રભુપ્રીત્યર્થ કંઈ જે તે,
જગત સંસારને માટે મરી મથવું પળેપળ તે.

જગત માટે છતાં દિલથી **હરિ**–વ્યક્તત્વ સમજી તે
–પ્રભુપ્રીત્યર્થ પરમાર્થ ચલાવીને પદે જીવીએ.

હરિઃૐ

## જમણ વિચારવા કરતાં જમણ જમવું જ ઉત્તમ છે

સમજવા તત્ત્વ કરતાં તો અનુભવવું જ ઉત્તમ છે,
જમણ વિચારવા કરતાં જમણ જમવું જ ઉત્તમ છે.

સમજવું ખાલી બુદ્ધિથી કપૂરની વાસની પેરે
-કટોકટીની અણીવેળા ઊડી જતું લાગતું ત્યારે.

ઉપરના પડતણી સમજણ ઊંડા અંતરની સમજણથી
-જુદી હકીકતતણી શી તે ! શી સમજાયે અનુભવથી !

જુદાં જુદાં નર્યાં પડ જે જીવનની જુદી જુદી જે
-ભૂમિકાનાં ખરેખર કંઈ પરસ્પર તે ન મળતાં છે.

જૂનામાંથી નૂતન પાછું નૂતનમાંથીય નૂતન જે,
વળી તેમાંથીયે નૂતન અનુભવથી પ્રકાશે છે.*

* શ્રી સી. ડી. શાહ સાહેબના જન્મદિવસે.

હરિ:ૐ

# મળ્યું જે જે જીવનમાં તે પ્રસાદીનું ગણેલું છે

શી ઝીણવટથી તપાસ જ તે ઊંડી કરવી પડેલી છે,
ઝીણું ઝીણું જ જીવનમાં શું વેતરવું પડેલું છે. !

છટકબારી ન ક્યાંયે છે, **હરિ**ના માર્ગને વિશે,
મળેલું કંઈક સંજોગે પ્રભુપ્રીત્યર્થ ધારીને
-સ્વીકારીને ઉમળકાથી અમે પાલન કરેલું છે,
જીવન વિકસાવવા હૃદયે **હરિ**ની સહાય માગી છે.

થતો વિકાસ જે રીતે રહે, તે રીત જીવનમાં
-બધી સમજણના હેતુથી થયેલું વર્તવાનું ત્યાં.

મથામણ કંઈક શી એવી જુદા જુદા પ્રકારે જે
-જીવનમાં આવી તે વિશે, **હરિ**ની ભેટ ધારી છે !

લગાડી તે નમન, છાતી પરે સ્વીકારી લીધી છે,
મળ્યું જે જે જીવનમાં તે પ્રસાદીનું ગણેલું છે.

હરિઃૐ

## પથે શો કેટલો મુજને હરિએ જાળવેલો છે !

અમારે આડીઅવળી તો કશી ના વાત કરવી છે,
જીવનના ધ્યેય પ્રત્યેનું જીવંતું લક્ષ ધરવું છે.

જીવનના ધ્યેયની ઉત્કટ હૃદયમાં ચોટ લાગી છે,
હૃદય તે ચોટને લીધે સીધું રહેવાતું પથમાં છે.

કદીક આડું જવાતું ત્યાં તરત ચોંકી જવાતું છે,
પથે કોઈ હાથ પકડીને તહીં સીધો વળાવે છે.

જીવનમાં કોઈક એવો જે મદદગાર મળેલો છે,
જીવંતું દિલ પ્રત્યક્ષ કૃપાથી ભાન તે રહે છે.

સદા નિશ્ચિંત તેથી તો રહેવાતું જીવનમાં છે,
પથે શો કેટલો મુજને **હરિ**એ જાળવેલો છે !

હરિઃૐ

# બધી જેની અને તેની હરિ સંભાળ લેતો છે

અમારે પ્રેમનો નાતો ખરેખરનો હૃદયનો છે,
**હરિ**ની સાથ જીવંતો કૃપાથી થઈ ગયેલો છે.

સમર્થ કેટલો મોટો **હરિ** જેવો ધણી શિર છે !
ટકોરાબંધ ગર્જંતો શું પ્રત્યક્ષ પળેપળ છે !

પડે જવું માગવા ના કંઈ, કશી ઈચ્છા ન ઊગે છે,
બધી જેની અને તેની **હરિ** સંભાળ લેતો છે.

રહેલી ના કડાકૂટ છે, જીવનમાં તો કશા વિશે,
પળેપળ સાવ નિશ્ચિંત **હરિ** પર શા અમે છીએ !

હરિઃૐ

## રમત છોને બધી જે તે છતાં દિલમાં હરિ શો તે !

ભલે સંસારમાં છીએ, અને સંસારની રીતે
-રમત છોને બધી જે તે છતાં દિલમાં **હરિ** શો તે !

થતાં રહે કર્મ સંસારી, છતાં અમ દિલ **હરિ**માં છે,
બહુ વેળા પ્રયોગોથી કૃપાથી નાણી જોયું છે.

**હરિ**ની શક્તિ પ્રત્યક્ષ શી આધારે રમંતી છે !
નહિતર તીવ્ર રોગોનાં સહેવાં દુઃખ અઘરાં છે.

ભયંકર વેદના વિશે હૃદયમાં ભાવ **હરિ**નો તે,
શું પ્રેરાવી નવાં સર્જન કૃપાથી શાં કરાવ્યાં છે !

હરિઃૐ

## હવે અવતાર જીવનમાં હરિએ શો લીધેલો છે !

**हरि**ની ઓથ ને હૂંફે જીવન આખું નભેલું છે,
**हरि**ની સહાનુભૂતિથી જીવનશક્તિ મળેલી છે.

**हरि**ના દિલનો ભાવ હૃદય અંતર સ્ફુરેલો જે,
સમગ્રે શો જીવનચહેરો શું સૌંદર્યે છલકતો છે !

જીવનશૃંગાર શો મુજ તે ! જીવનનું તો હૃદય **हरि** છે,
જીવનની આરપાર જ શો **हरि** સોંસરવો નીતરે છે !

જીવનનાં નયન તો હાવાં **हरि** સાક્ષાત્ પોતે છે,
હવે અવતાર જીવનમાં **हरि**એ શો લીધેલો છે !

હરિ:ૐ

# हरि તો પ્રેમશક્તિ છે, 'हरिપ્રેમ' - અનુભવ તે

**हरि**ના પ્રેમના ભાવે જીવન અમીથી ભરેલું છે,
**हरि**ના પ્રેમઅમૃતથી સભર જીવન થયેલું છે.

**हरि**ના ભાવથી જીવન થતું પળપળ નૂતન શું તે !
**हरि**ના ભાવથી વેશ શું બદલાય સહજમેળે !

**हरि**નો પ્રેમ પ્રત્યક્ષ પ્રવર્તીને જીવન વિશે
-ભયંકર આફતો વચ્ચે **हरि** કેવો ટકાવે છે !

**हरि** તો પ્રેમશક્તિ છે, '**हरि**પ્રેમ'-અનુભવ તે,
જીવનની સમગ્રતામાં શો **हरि**નો દિલ અનુભવ છે !

હરિ:ૐ

## પજવવાનો હૃદય લહાવો ખરે ત્યારે અનેરો છે !

અમારે ને **हरि** સાથે હૃદયનું મસ્ત સગપણ છે,
હવે ક્યારેય કોઈ રીતે છૂટી શકવાનું ના તે છે.

હૃદયનો પ્રેમનો નાતો શું બંધાયો **हरि** સાથે !
‘**हरि** મારો’, ‘**हरि**નો હું’ પરસ્પર બેઉ સંગાથે.

રિસાવાનાં હૃદય ત્યારે મજા, આનંદ, ન્યારાં છે,
પજવવાનો હૃદય લહાવો ખરે ત્યારે અનેરો છે !

અમારી ને **हरि**ની તે હૃદયની પ્રેમની વાતો,
સમજવા પાત્ર સંસારી કદી પણ ના જ તે વિશે.

હરિ:ૐ

## અમારા નિત્ય જીવનનો નિરંતર સાથી શ્રીહરિ છે

અમારો એકમાત્ર જ છે, શું રક્ષણહાર જીવનનો
-રસીલો મસ્ત છોગાળો **हरि** તે એકલો શો છે !

બધે જેમાં અને તેમાં **हरि** સામે જ જોવાનું,
જીવનનું એકધારું તે હૃદયનું લક્ષ જીવંતું.

સતત જોયા જ કરવાને હૃદય અભ્યાસ **हरि**ને શો
-પડી ચૂકેલ જીવનમાં ! હવે તો સાચું જીવન તે.

જીવનમાં એક પળવાર છીએ ખંડિત **हरि**થી ના,
અમારા નિત્ય જીવનનો નિરંતર સાથી **श्रीहरि** છે.

હરિઃૐ

## હરિના દિલનું સગપણ એ જ અમારું જીવન છે

**हरि**ને યાદ કરવાનો હૃદય લહાવો અનુપમ છે,
પરંતુ તે હૃદય લહાવો ન ભોગવી કોઈ શકતું છે.

કૃપાથી માત્ર **हरि**ની જે હૃદય સ્મરવાની તક મુજને
-મળેલી તેતણો યોગ્ય ખરો ઉપયોગ કીધો છે.

હવે તો શો **हरि** મારા જીવનની **प्राण**શક્તિ છે !
**हरि** વિના જિવાવું તે ન શક્ય જ કોઈ રીતે છે.

**हरि** બસ માત્ર જીવનનો શું શ્વાસોશ્વાસ એક જ છે !
**हरि**ના દિલનું સગપણ એ જ અમારું જીવન છે.

હરિઃૐ

## હું તો શો ખાલી વાણોતર જીવનમાં માત્ર **हरि**નો તે !

**हरि** અર્થે જીવન જીવવું, જીવન તે સાચું જીવન છે,
**हरि**ને કેંદ્રમાં ધારી, હવે **हरि** ફરતું જીવન છે.

જીવનની સર્વ પ્રવૃત્તિ થયાં જે જે કરેલી છે,
વિશે તેમાં પરોવાનું સહજમેળે થતું સૌ છે.

જીવનનાં કર્મ વ્યવહારે બધી પ્રવૃત્તિ ચાલે જે,
ઈશારે તે **हरि**કેરા શી તણખાએ જ સળગે છે !

જગતમાં નામ બોલાય બધે જ્યાં ત્યાં જ મારું જે,
હું તો શો ખાલી વાણોતર જીવનમાં માત્ર **हरि**નો તે !

**॥ હરિઃૐ ॥**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

હરિઃૐ

(ગઝલ)

'મળ્યાંને તો થયાં વર્ષો છતાં પરિણામ ના કંઈ છે',
પૂછે પ્રશ્નો મને એવા, દઉં ઉત્તર હું શી રીતે ?

તમારે કંઈક મેળવવા, તમારો સ્વાર્થ કેવો છે ?
જીવંતો કેટલો તે છે ! ઊંડે ઊતરી તપાસી લો.

તમારે જેની પાસેથી કશુંક લેવા ચહેલું જો,
તમારું દિલ તેનામાં રહે કેટલુંક જીવતું તો ?

તમે ત્યાં કેટલો તેમાં હૃદયસહકાર દીધો છે ?
સ્વીકારાત્મક વલણ કેવું તમારું ત્યાં રહેલું છે ?

ધગશ, ઉત્સાહ, ધીરજ ને લીધેલાં સાધનો વિશે,
ટકી તે કેટલાં રહે છે ? તપાસીને પછી કહેજો.

- શ્રીમોટા

'જીવનપગદંડી', બી. આ., પૃ. ૩૩૮